વર્ષ : ૩૯ ◆ અંક : ૩
માર્ચ - ૨૦૧૫

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર




**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થામાં યોજાયેલ આધ્યાત્મિક શિબિરની તસવીરો
(તા. ૧૧-૨-૨૦૧૫ થી તા. ૧૪-૨-૨૦૧૫)


પૂજ્યશ્રીની પાવન નિશ્રા


આદ. પં. શ્રી ધીરજલાલ મહેતા


આદ. બા. બ્ર. શ્રી સુરેશજી


યુવાસાધક ભક્તવૃંદ, કોબા


'સદ્‌ગુણવિકાસક્રમ' પુસ્તકના વિમોચન વેળાએ (તા. ૧૧-૨-૧૫)

'પુષ્પમાળા' અને 'બોધવચન' (અંગ્રેજી અનુવાદ) પુસ્તિકાનું વિમોચન (તા. ૧૨-૨-૨૦૧૫)





આદ. શ્રી જયેન્દ્રભાઈ ખારાવાલાનું અભિવાદન

નૂતન સંતકુટિરમાં કુંભસ્થાપન વેળાએ





-: પ્રેરક :-
**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-
**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-
**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**
ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭ ૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-
**ભારતમાં**
ત્રિવાર્ષિક રૂા. ૪૦૦
આજીવન રૂા. ૨૦૦૦
**પરદેશમાં**
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 4000
$-80, £-60
આજીવન : Rs. 15000
$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ .......... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫
(૨) પર્યાયને શુદ્ધ કરવાના ઉપાયો ... પૂ.શ્રી આત્માનંદજી ...... ૬
(૩) જીવનમાં ‘યુ ટર્ન’ ...... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૦
(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન .... પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૩
(૫) સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો ... પૂજ્ય બહેનશ્રી .... ૧૬
(૬) શ્રી આનંદઘન ચોવીશી... શ્રી અશોકભાઈ શાહ .... ૧૮
(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૨
(૮) સમ્યગ્દર્શન ............... બા.બ્ર.શ્રી સુરેશજી .... ૨૭
(૯) જીવત્વ શક્તિ ........... શ્રી વલભજી હીરજી .... ૩૦
(૧૦) ભગવાન મહાવીરના સ્વપ્નો ................ ..................... શ્રી ગુણવંત બરવાળિયા .... ૩૨
(૧૧) સમાધિમરણ .............. શ્રી ભાનુબેન શાહ .... ૩૩
(૧૨) પુસ્તક સમાલોચના ...... શ્રી મિતેશભાઈ શાહ .... ૩૪
(૧૩) Yuva Times .............................................. ૩૫
(૧૪) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૬

**વર્ષ : ૩૯ માર્ચ, ૨૦૧૫ અંક - ૩**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
mail@shrimadkoba.org
www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.

☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.

☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.

☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.

☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.

☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.

☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.

☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

અનંતકાળના પરિભ્રમણમાં અમને અનંતવાર માનવભવ મળ્યા છે, અનંતવાર શાસ્ત્રશ્રવણ, અનંતવાર જિનદીક્ષા... ધારણ કરેલ છે, માત્ર સત્ મળ્યા નથી, સત્ સૂણ્યું નથી. સત્ શ્રધ્યું નથી. અને એ મળ્યે જ છૂટકો છે. હમણાં એક જ્ઞાનીનું વચન વાંચવામાં આવ્યું કે –

"જેના બાહ્ય અને આંતરચક્ષુ ખુલી ગયા છે, તેને કોઈ ભય સતાવતો નથી. પ્રાયઃ તેનું કોઈ અહિત કરી શકતું નથી. તે કોઈ જગ્યાએ અથડાતો નથી, કે તે અકળાતો પણ નથી." દિવસે કામ અને રાત્રે આરામ એ સર્વ સંસારી જીવોનો સામાન્ય નિયમ છે. તેનું કારણ એ છે કે શરીરને રાત્રે આરામ આપ્યો હોય તો બીજે દિવસે સ્ફૂર્તિથી કામ કરી શકાય, પરંતુ જો આપણે અનાદિકાળનો ચોપડો જોઈએ તો જીવનો બહુલ સમય ઊંઘવામાં, ગફલતમાં, ભૂલોમાં અને રઝળવામાં ગયો છે, અને તેનું નુકસાન ગણી શકાય એમ નથી. કારણ કે ઊંઘતો જીવ ગુમાવે, જાગતો જીવ પામે છે. આપે પણ કહ્યું છે કે, "પ્રમાદીને સર્વથા ભય છે."


હે પ્રભુ ! અમે પણ આટલા ભવોથી મોહનિદ્રામાં જ હતા. આ ભવમાં નિષ્કારણ કરુણાશીલ એવા આપ અને પ્રત્યક્ષ સદ્‌ગુરુદેવ અમને મળ્યા. આપના અમૃતમય બોધવચનોથી અમારામાં જાગૃતિ આવી અને અમને અમારા સ્વરૂપનું ભાન થયું. હવે અમને અમારા ઘરે (સ્વઘર) જવાની લગની લાગી છે અને અમે જરૂર ત્યાં પહોંચીશું એવી અડગ શ્રદ્ધા થઈ છે. આપે પ્રરૂપિત કરેલો માર્ગ એ જીવનનું દર્પણ છે, સ્નેહ અને શ્રદ્ધાનું સમર્પણ છે, ભક્તિભાવનું સંવર્ધન છે અને એ માર્ગ જીવને મોક્ષપુરીમાં પહોંચાડે છે. તેથી અમે કહીએ છીએ કે

**મુક્તિપુરીમાં જવું છે અમારે આશા અમારી પૂરજો પ્રભુ !**
**ભવભવના સંચિત કરેલા કર્મો અમારા ચૂરજો પ્રભુ !**

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક - ૧૪૩

**વવાણિયા, બીજા ભાદરવા વદ ૧૩, શનિ, ૧૯૪૬**

નીચેનો અભ્યાસ તો રાખ્યા જ રહો :-

૧. ગમે તે પ્રકારે પણ ઉદય આવેલા, અને ઉદય આવવાના કષાયોને શમાવો.

૨. સર્વ પ્રકારની અભિલાષાની નિવૃત્તિ કર્યા રહો.

૩. આટલા કાળ સુધી જે કર્યું તે બધાંથી નિવૃત્ત થાઓ, એ કરતાં હવે અટકો.

૪. તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો, અને બાકીનાં પ્રાણીઓની અનુકંપા કર્યા કરો.

૫. કોઈ એક સત્‌પુરુષ શોધો, અને તેનાં ગમે તેવાં વચનમાં પણ શ્રદ્ધા રાખો.

એ પાંચે અભ્યાસ અવશ્ય યોગ્યતાને આપે છે; પાંચમામાં વળી ચારે સમાવેશ પામે છે, એમ અવશ્ય માનો. અધિક શું કહું ? ગમે તે કાળે પણ એ પાંચમું પ્રાપ્ત થયા વિના આ પર્યટનનો કિનારો આવવાનો નથી. બાકીનાં ચાર એ પાંચમું મેળવવાના સહાયક છે. પાંચમા અભ્યાસ સિવાયનો, તેની પ્રાપ્તિ સિવાયનો બીજો કોઈ નિર્વાણમાર્ગ મને સૂઝતો નથી; અને બધાય મહાત્માઓને પણ એમ જ સૂઝ્યું હશે - (સૂઝ્યું છે).

હવે જેમ તમને યોગ્ય લાગે તેમ કરો. એ બધાની તમારી ઈચ્છા છે, તોપણ અધિક ઈચ્છો; ઉતાવળ ન કરો. જેટલી ઉતાવળ તેટલી કચાશ અને કચાશ તેટલી ખટાશ; આ અપેક્ષિત કથનનું સ્મરણ કરો.

પ્રારબ્ધથી જીવતા રાયચંદના યથા૦

### પત્રાંક - ૧૬૬

**મુંબઈ, કાર્તિક સુદ ૬, ભોમ, ૧૯૪૭**

સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે ?

નીચેનાં વાક્યો પ્રત્યેક મુમુક્ષુઓને મેં અસંખ્ય સત્પુરુષોની સમ્મતિથી મંગળરૂપ માન્યાં છે, મોક્ષનાં સર્વોત્તમ કારણરૂપ માન્યાં છે :-

૧. માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું.

૨. કોઈ પણ પ્રકારે સદ્‌ગુરુનો શોધ કરવો; શોધ કરીને તેના પ્રત્યે તન, મન, વચન અને આત્માથી અર્પણબુદ્ધિ કરવી; તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિ:શંકતાથી આરાધન કરવું; અને તો જ સર્વ માયિક વાસનાનો અભાવ થશે એમ સમજવું.

૩. અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર, 'સત્' મળ્યા નથી, 'સત્' સૂણ્યું નથી, અને 'સત્' શ્રધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે અને એ શ્રધ્યે જ છૂટવાની વાર્ત્તાનો આત્માથી ભણકાર થશે.

૪. મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે.

૫. બે અક્ષરમાં માર્ગ રહ્યો છે, અને અનાદિ કાળથી એટલું બધું કર્યા છતાં શા માટે પ્રાપ્ત થયો નથી તે વિચારો.

# પર્યાયને શુદ્ધ કરવાના ઉપાયો

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



**પ્રશ્ન :** વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા છે તથા પર્યાયમાં જ શુદ્ધતા લાવવાનો પ્રયત્ન કરવાનો છે તથા શુદ્ધાત્માનું હજુ ભાન નથી તો સૌથી સરળ, સહજ અને પ્રયોગાત્મક રીતે તે પર્યાયને શુદ્ધ કરવાનો ઉપાય જણાવશો ?

**ઉત્તર :** સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ સ્વભાવભાવ જેમ આત્મા કરે છે તેમ ક્રોધાદિભાવ પણ આત્મા જ કરે છે અને જો એમ ન હોય તો બંધ-મોક્ષની વ્યવસ્થાની જરૂર જ ન પડે કારણ કે જો ક્રોધાદિ ભાવો બીજે ક્યાંક થાય તો તેને આત્માથી શું લેવા દેવા, પણ વાસ્તવમાં એવું નથી. આત્મદ્રવ્યનો નાશ કરવાની તે ક્રોધાદિ વિભાવભાવોની તાકાત નથી કારણ કે દ્રવ્યનો સ્વભાવ ક્યારેય નાશ પામતો નથી, પરંતુ તે કર્મોનું નિમિત્ત પામીને સ્વભાવભાવ તે વિભાવરૂપ પરિણમન કરે છે તેમ જાણવું જોઈએ. આખા મોક્ષમાર્ગને 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' તથા 'શ્રી સમયસાર' બંને શાસ્ત્રોમાં સમજાવેલ છે. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની ગાથામાં કહ્યું છે,

"કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ ?"

ક્રોધાદિનો પર્યાયમાં નાશ કરવો અને ક્ષમાદિને પ્રગટ કરવાં આ જ મોક્ષમાર્ગ છે, પણ આ ભેદનયથી કથન કર્યું. અભેદનયથી તો આત્મામાં ડૂબી જવું અને આત્મામાં ડૂબવું તે મુખ્ય તો સાતમાં ગુણસ્થાનકે થાય અને તે પણ થોડા સમય માટે જ કારણ કે જેટલી કષાયની સત્તા આત્મામાં છે તેટલો તે ડૂબી શકે નહિ. એમ સિદ્ધાંતને સાથે રાખીને સમજવું જોઈએ. બધા શાસ્ત્રોને જાણવાનું ફળ એટલું જ કે આપણે મોક્ષરૂપ થવું છે અને તે પર્યાયમાં જ થવાનું છે. પરમાર્થદૃષ્ટિથી જોતાં દ્રવ્યમાં તો કાંઈ ફેરફાર છે જ નહીં. તે તો જેમ છે તેમ જ છે માટે પર્યાયને જો સુધારવા પ્રત્યે લક્ષ ન જાય અથવા 'આ ક્રોધાદિ મારો અપરાધ છે અને તે અપરાધ હું ટાળીશ ત્યારે જ હું મોક્ષમાર્ગ પામીશ અને એ માટે જે કાંઈ પણ સમુચ્ચય વ્યવસ્થા મારે જીવન પરિવર્તન કરવા બનાવવી પડે તે હું બનાવીશ' એવો સ્પષ્ટ ખ્યાલ સાધક-મુમુક્ષુ જીવને રહેવો જોઈએ. સંસારી અવસ્થામાં જીવ જ્ઞાતા - દૃષ્ટા નથી, અજ્ઞાન અવસ્થામાં જીવ કર્તા - ભોક્તા છે તે કેવી રીતે તેને પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં કહ્યું છે,

"ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ પ્રભાવ."

જગતના જીવોને નિજનું ભાન તો નથી પણ તેઓ તો નિજ સ્વરૂપને જાણતા પણ નથી. 'ભાન' શબ્દ તે શ્રદ્ધા-જ્ઞાન-આચરણની એકતા બતાવે છે એટલે આપણે આ રીતે મુમુક્ષુ-સાધક થવાનો લક્ષ રાખવો એમ જ્ઞાની ભગવંતોએ કહ્યું છે. આપણે જીવનમાં દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય આદિ ગુણો પ્રગટાવવાં જોઈએ અને તે ગુણો માત્ર સ્વાધ્યાયહૉલમાં નહિ, પણ ઘરે, દુકાને, બેંકમાં દરેક જગ્યાએ આ ગુણોને હાજર રાખવાં. શુદ્ધ નિશ્ચયનયથી આત્મા સમ્યગ્દર્શન આદિનો કર્તા છે અને અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા ક્રોધાદિનો કર્તા છે. જીવ-ગુણસ્થાન અનુસાર (આત્માની શુદ્ધતા અનુસાર) કર્તા-અકર્તા થાય છે. દરેક મુમુક્ષુ સાધકનું ધ્યેય આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું તે છે. કારણ કે અત્યારે

આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરે તો પણ ઘણું છે. આ કાળની સમુચ્ચય યોગ્યતા એટલી જ છે માટે જ્યારે જ્યારે આપણે ભક્તિ કરીએ, સ્વાધ્યાય કરીએ ત્યારે અંતરમાં તે સમયે કેવા પરિણામ ચાલે છે તે તપાસવું કારણ કે આ સર્વ સાધન કરવા પાછળનું આપણું મુખ્ય લક્ષ્ય તો આપણા 'ભાવ' સુધારવા તે છે. વ્યવસ્થિત સૂર-તાલમાં ગાવું તે તો વ્યવહારભક્તિ છે. આમ, વ્યવહાર અને નિશ્ચય બન્નેનો સમન્વય મુમુક્ષુના જીવનમાં હોવો જોઈએ. સર્વકલેશ અને સર્વદુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે અને એ આત્મજ્ઞાનને પ્રાપ્ત કરવાના અનેક ઉપાયો છે, પરંતુ અહીં જ્ઞાની ભગવંતોએ આપણને તેના મુખ્ય ત્રણ ઉપાયો બતાવ્યા છે.

## પર્યાયને શુદ્ધ કરવાના ઉપાયો :

પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક ૮૬૦માં દર્શનમોહનીયને મારવા માટે ત્રણ ઉપાયો જણાવ્યા છે :

**(૧) મહત્પુરુષોનો નિરંતર અથવા વિશેષ સમાગમ:**

સામાન્ય જીવ છે - મુમુક્ષુ છે, હજુ જ્ઞાની થયો નથી તેના માટે સ્થૂલરૂપથી કહે છે કે હે ભાઈ ! તારે જો આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તેના માટેનો શ્રેષ્ઠ ઉપાય એ છે કે કોઈ આત્મજ્ઞાની મુનીશ્વર મળી જાય કે આત્મજ્ઞાની સંત મળી જાય અથવા જો તે ન મળે તો આત્મજ્ઞાનની નિકટ હોય તેવા ઉત્તમ કક્ષાના મુમુક્ષુ મળે તો તેમનો દાસત્વભાવથી સમાગમ કરવો. જો ઘર, કુટુંબ ઇત્યાદિનો ત્યાગ કરવાની તમારી તાકાત હોય તો નિરંતર તેમનો સમાગમ કરવો અને જો ઘર-કુટુંબને છોડી ન શકો તો ઓછામાં ઓછા એક વર્ષના સાત અઠવાડિયા જેટલો સમય ટુકડે ટુકડે કાઢીને પણ તેમનો સમાગમ કરવો. સત્સંગની, સદ્ગુરુના બોધની ઉપાસના કરવી તથા સત્સંગનો મહિમા મોક્ષવાળા શિ.પા. - ૨૪ તથા વચનામૃત પત્રાંક - ૬૦૯ દ્વારા વાંચી, વિચારીને જાણવો. સંત શ્રી પ્રીતમદાસજીએ પણ તે સંતોના સમાગમનો મહિમા ગાતા કહ્યું છે,

"સંત કૃપાથી છૂટે માયા, કાયા નિર્મળ થાય જોને,
શ્વાસે શ્વાસે સુમિરન કરતાં, પાંચે પાતક જાય જોને."

**(૨) વીતરાગશ્રુત ચિંતવના :**

મહાપુરુષોની અનુભવવાણીનો સર્વાંગ પરિચય કરવો તેને બોધ કહે છે. શ્રીમદ્જી તે બોધને પચાવવાની ચાવીઓ બતાવતા કહે છે કે "ભવભીત ભવિક જે ભણે, ભાવે, સુણે, સમજે, સદ્હે" ઉપલક્ષથી અભ્યાસે અને અનુભવે. જે આવું કરે તે જ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે.

વિદ્વાનોની ભાષામાં સ્વાધ્યાય પાંચ પ્રકારે થાય છે : (૧) વાંચના, (૨) પૃચ્છના, (૩) આમ્નાય, (૪) અનુપેક્ષા, (૫) ધર્મોપદેશ. ભગવાન ભાષા જોતા નથી, તેઓ તો ભાવ જુએ છે. "મારૂષ માતુષ" જાણનારા શિવભૂતિ મુનિ મહારાજને આટલા જ્ઞાનથી જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. ભલે આ ઉદાહરણ અપવાદરૂપ છે, પરંતુ પ્રયોજનભૂત થોડું જ્ઞાન હોય. તો પણ કેવળજ્ઞાન થઈ શકે છે અને તથાકથિત મોટા પંડિત બધા શાસ્ત્રો ભણ્યા હોય છતાં સમ્યગ્દર્શન તો શું પણ સામાન્ય મુમુક્ષુતા પણ તેમનામાં જોવા મળતી નથી તો પછી આગળની તો વાત જ શું કરવી ?

સત્શ્રુતનું ચિંતવન તે 'ઉપયોગ'ની મુખ્યતાથી કહ્યું છે. તો ત્યાં બધું સમજી લેવું. જ્ઞાની પુરુષનો સમાગમ કોઈને પણ નિરંતર થતો નથી. જેણે પોતાના પ્રાણ અર્પણ કર્યા છે તેવા તેમના અંતેવાસી શિષ્યને પણ તેઓ કહે છે કે હવે તમે સ્વાધ્યાય કરો. હું સામાયિક કરીશ. હવે હું એક કલાક સુધી કોઈને પણ મળીશ નહિ. તમે પણ તે સામાયિકનો અભ્યાસ કરો.

"સામાયિક સમ નાહિ ઔર કોઉ વૈર મિટાયક,
સામાયિક સમ નાહિ ઔર કોઉ મૈત્રીદાયક;
શ્રાવક અણુવ્રત આદિ અંત સમીપ ગુણથાનક,
યહ આવશ્યક કિયે હોય નિશ્ચય દુઃખહાનક.
જે ભવિ આતમકાજકરન ઉદ્યમ કે ધારી,
તે સબ કાજ વિહાય કરો સામાયિક સારી;

રાગ દોષ મદ મોહ, ક્રોધ લોભાદિક જે સબ,
બુધ 'મહાચંદ્ર' બિલાય જાય તાતૈં કીજ્યો અબ.''

આપણે આવા જ્ઞાની ભગવંતોનો સમાગમ પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરવો જોઈએ. તેમની વાણીનું અધ્યયન કરી વિશેષ મુદ્દાઓને નોંધપોથીમાં ઉતારવાં, તેમના બોધને સ્મરણમાં રાખવો અને પછી સ્નાન કરતાં, જમતાં, દુકાન પર વગેરે સ્થળોએ પણ તેમના બોધને ઘૂંટવો જોઈએ. આપણી પરીક્ષા કરી વિપરીત નિમિત્તોમાં જોવું કે તે બોધ આપણે જીવનમાં કેટલો પચાવ્યો છે ! આમ, અત્યંત વિનયયુક્ત થઈ દાસત્વ ભાવથી જ્ઞાની પુરુષના ચરણસેવન કરી, તેમના બોધને ઉપાસવો જોઈએ.

(૩) **ગુણજિજ્ઞાસા :**

આપણા જીવનમાં ગુણોને પ્રગટાવીને ઉપાદાનને મજબૂત બનાવવું જોઈએ. ગંગાસતી કહે છે કે ગુણોની એવી આરાધના કરવી કે,

''એકાંતે બેસીને આરાધ માંડે તો,
અલખ પધારે એના દ્વાર રે.''

ભક્ત ભગવાનના મંદિરે દર્શન કરવા નથી જતો પણ ભગવાન ભક્તને દર્શન આપવા માટે આવે છે !! આ વાત ઉર્દૂમાં પણ આવે છે કે,

**''ખુદા બંદે સે પૂછે, કિ બોલ તેરી રઝા ક્યા હૈ.''**

આવું દરેક મહાપુરુષોએ કહ્યું છે. શ્રી 'પ્રવચનસાર'માં કહ્યું છે કે સાધુ છતાં સિદ્ધ જેવો અમારો આત્મા અને ભક્તકવિ શ્રી કબીરદાસજી પણ કહે છે,

''મન ઐસા નિર્મલ ભયા, જૈસે ગંગા નીર,
પીછે પીછે હરિ ફિરે, કહત કબીર કબીર.''

આપણા પ્રત્યેક વ્યવહારમાં ધર્મ ઝળકવો જોઈએ. ધર્મ કોઈ એવી વસ્તુ નથી કે જે અમુક જગ્યાએ, અમુક વ્યક્તિ પાસે જ અભિવ્યક્ત થાય. પણ ધર્મ એટલે "Total inner sublime transformation."

અર્થાત્ પૂર્ણતઃ અંતરના ભાવોનું દિવ્યત્વરૂપમાં પરિવર્તન થાય. આવું થાય ત્યારે પરમાર્થધર્મનો પ્રારંભ થાય. આવા મહાપુરુષોને મહાત્માઓએ ભગવાનના લઘુનંદન કહ્યાં છે.

આચાર્યાદિક થવા માટે તો ઘણા ગુણો જોઈએ અને તે ગુણો એક ભવની સાધનાથી તો પ્રગટ થતાં નથી, પણ ભવોભવની સાધનાથી તે પ્રગટ થાય છે. શ્રી 'આત્માનુશાસન'માં તેમના ગુણોનું વર્ણન કરતા શ્રી ગુણભદ્રાચાર્ય કહે છે,

प्राज्ञः प्राप्तसमस्तशास्त्रहृदयः प्रव्यक्तलोकस्थितिः
प्रास्ताशः प्रतिमापरः प्रशमवान प्रागेव दृष्टोत्तरः ।
प्रायः प्रश्नसहः प्रभु परमनोहारी परानिन्दया
ब्रूयात धर्मकथां गणी गुणनिधिः प्रस्पष्ट मिष्टाक्षरः ॥५॥

આટલા બધા ગુણો પ્રગટ કરવાની આપણી શક્તિ ન હોય તો વાંધો નહિ, પણ આત્મજ્ઞાન પ્રગટ કરવા માટે ક્ષમા, વિનય, સરળતા આદિ જેટલા ગુણો જોઈએ એટલા તો આપણે પ્રગટાવવાં જ જોઈએ. આવા ગુણો પ્રગટાવવા માટે મહાપુરુષોએ દશ પ્રકારના સમક્તિ 'શ્રી આત્માનુશાસન'માં બતાવ્યા છે. કોઈ ભવ્ય જીવ સાનમાં સમજે તો તેના માટે સંક્ષેપ સમ્યક્ત્વ તથા કોઈ વિસ્તારથી સમજે તો તેને માટે વિસ્તાર સમ્યક્ત્વ આદિ બતાવ્યાં છે. આમ, એક - એક ગુણની વિશેષ સાધના ત્યાં સુધી કરવી કે જ્યાં સુધી તે ગુણ પ્રગટ ન થાય, ત્યાં સુધી તેનો અભ્યાસ કરવો જોઈએ. પ્રત્યેક કલાકે, પ્રત્યેક મિનિટે તે ગુણની વૃદ્ધિ કરવા ખૂબ કઠોર પરિશ્રમ કરવો પડશે. સંપૂર્ણ શક્તિ લગાડવી પડશે. ઉપા. શ્રી અમરમુનિએ લખ્યું છે કે,

''જીવન સેજ નહિ સુમનોં કી, સો જાઓ ખરાંટે માર,
જીવન હૈ સંગ્રામ નિરંતર પ્રતિપલ કષ્ટો કિ ભરમાર;
દૃઢ સાહસ કે ધની કર્મરત જો રહતે હરદમ બેદાર,
વહીં પહુંચતે હંસતે હંસતે વિજયશ્રી કે સ્વર્ણિમ દ્વાર.''

ભગવાન મહાવીરનું નામ વર્ધમાન હતું, પણ મહાન પરાક્રમ કરી તેમણે કર્મરૂપી દુશ્મનોને હરાવ્યા

તેથી તેમનું નામ મહાવીર પડ્યું અને આપણે થોડું કરીએ ન કરીએ ને થાકી જઈએ ! તો કામ થાય નહિ. તેના માટે તો

"તનસેં મનસેં ધનસેં સબસેં,
ગુરુદેવ કી આન સ્વ-આત્મ બસેં."

આવું ગૌતમસ્વામીએ કર્યું ત્યારે તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ગૌતમસ્વામીએ પણ ભગવાન પ્રત્યે વ્યક્તિગત રાગ છોડ્યો નહિ ત્યાં સુધી તેમને કેવળજ્ઞાન થયું નહિ. તો આવા ગૌતમસ્વામીની વિનયશીલતા, આજ્ઞાપાલનપણું આપણા જીવનમાં જ્યારે આવશે ત્યારે આપણું કામ થશે. માટે આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે તેનો વિશેષ વિચાર કરવો,

"જે સદ્‌ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન.
એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય."

આમ, નિરંતર અને વારંવાર સત્પુરુષના સમાગમની ઉપાસના દાસત્વભાવથી કરવી તથા જ્યારે તેમનો સમાગમ પ્રાપ્ત ન થાય ત્યારે સહાધ્યાયીઓની સાથે કે એકલા સત્‌શાસ્ત્રોનું અધ્યયન તેમની આજ્ઞા અનુસાર કરવું જોઈએ. અને આ બધું માર્ગાનુસારીના જિજ્ઞાસુના, મુમુક્ષુના ગુણોને સાધતા સાધતા કરવું જોઈએ. એટલા માટે વેદાંતમાં જેમની પાસે ષટ્‌સંપત્તિ નથી તેમને બ્રહ્મજ્ઞાનના અધિકારી માનવામાં આવતા નથી. તે ષટ્‌સંપત્તિ છે : ૧. વિવેક, ૨. વૈરાગ્ય, ૩. શ્રદ્ધા, ૪. સમાધાન, ૫. ઉપરતિ, ૬. તિતિક્ષા. જેમના જીવનમાં આ ગુણો પ્રગટ નથી થતાં તેમને 'બ્રહ્મ-બ્રહ્મ' કહી ગમે તેટલો આત્માનો બોધ આપો તો પણ તેમને બ્રહ્મની પ્રાપ્તિ થતી નથી. તેથી દરેકને તેમની ભૂમિકા અનુસાર બોધ આપવો જોઈએ. આ જ વાત વચનામૃત પત્રાંક - ૫૦૬માં કહી છે કે આ રીતે સત્પાત્રતા જ ઉપદેશબોધ દ્વારા એવી સ્થિતિ ઉત્પન્ન કરે છે કે સિદ્ધાંતબોધ અંતરમાં ઉતરી જાય છે. આ પત્રાંકને વારંવાર વાંચીને તેનો આપણા જીવનમાં પ્રયોગ કરવો જોઈએ. જેણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તેણે તેને અનુરૂપ પોતાના જીવનમાં પુરુષાર્થ પણ કરવો જોઈએ. જે સત્પુરુષાર્થ કરવા તૈયાર નથી તેમણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા છોડી દેવી જોઈએ. તે આત્મજ્ઞાનની વાત કરી માયાચાર જ કરે છે. તે દશ રૂપિયા લઈને હીરા ખરીદવા જાય છે. તેને દશ રૂપિયા જેવા જ હીરા મળશે ! વર્તમાનમાં કળિકાળ હોવાથી એવું દેખાય છે. નકલી માલ જ વધારે વેચાય છે કારણ કે સત્યમાર્ગની આરાધના કરનાર અનુભવી ગુરુ વીરલા છે તથા તે સત્યમાર્ગને પ્રાપ્ત કરવાની અંતરની ઝંખનાવાળા શિષ્ય પણ વીરલા છે. માટે સાવધાન થઈ સત્‌પાત્રતા વધારવા જવું અને સત્યમાર્ગની આરાધના જિનાજ્ઞા અનુસાર કરતાં જવું તો જરૂર ધ્યેયની પ્રાપ્તિ થશે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

• • •

## વીણેલા મોતી

- અનાદિકાળથી જીવે આજ સુધીમાં પોતાના ઘરમાં પ્રવેશ કર્યો નથી. જ્ઞાનીઓ સ્વભાવને સ્વદેશ અને પરભાવને પરદેશ કહે છે. જ્ઞાનીની દૃષ્ટિમાં દરેક અજ્ઞાની પરદેશમાં જ પરિભ્રમણ કરી રહ્યો છે.
- સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ છે તથા વીતરાગ ચારિત્ર એ ખરો ધર્મ છે. જેમ મૂળ વિના વૃક્ષ ટકી શકતું નથી, તેમ સમ્યગ્દર્શન વિના જ્ઞાન તથા ચારિત્ર સમ્યક્ નામ પામતા નથી.
- કાયાની હાજરીમાં કેવળજ્ઞાન થાય છે, પણ માયાની હાજરીમાં કેવળજ્ઞાન થતું નથી. તેથી જ સર્વપ્રથમ માયા વગેરે રાગ-દ્વેષરૂપી કષાયભાવોથી રહિત થવાનો ઉપદેશ આપવામાં આવે છે.

**- સંકલન : પૂર્ણિમાબેન શાહ**

પરમનો સ્પર્શ - ૬૫

# જીવનમાં 'યુ ટર્ન'

**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**

બાહ્ય અપેક્ષાઓ અને બાહ્ય સુખમાં પ્રબળ આકર્ષણ અનુભવીને અપાર આનંદ શોધતા માનવીનું ચિત્ત અશુદ્ધ ભાવો અને અશુદ્ધ વિચારોમાં લીન હોય છે; પરંતુ જ્યારે એ ઈન્દ્રિયોની ગુલામીનો ત્યાગ કરીને મુક્ત બને છે, ત્યારે એના જીવનમાં 'યુ ટર્ન' જેવું પરિવર્તન આવે છે.

જ્યાં સુધી એ ઈન્દ્રિયોનો દોડાવ્યો દોડતો હતો, ત્યાં સુધી એનું ચિત્ત સતત ટૅન્શનમાં રહેતું હતું. એના જીવનમાં પ્રાપ્તિની હાંફળી-ફાંફળી દોડધામ દૃષ્ટિગોચર થતી હતી અને તેને માટે આંધળી દોડ લગાવતો હતો. એક-બે નહીં, પણ પાંચ-પાંચ ઇન્દ્રિયોને સતત પોષવાની હોવાથી એને ક્યાંય પગ વાળીને બેસવાની નિરાંત સાંપડતી નહોતી; પરંતુ જે સમયે એ આત્મશુદ્ધિ પ્રત્યે જાગૃત બને છે ત્યારે એના જીવનમાં પરિવર્તન આવે છે.

પહેલાં જેમાં અપાર રસ હતો, એ પ્રત્યે હવે લેશમાત્ર આકર્ષણ નથી. અરે ! એના તરફ એ દૃષ્ટિ પણ નાખતો નથી. જેની પ્રાપ્તિમાં એને જીવનનું પરમ અને સર્વોચ્ચ ધ્યેય દેખાતું હતું, એ ધ્યેય જ બદલાઈ જાય છે એટલે પ્રાપ્તિની કોઈ કામના રહેતી નથી.

એ સમયે ઈન્દ્રિયોની બળબળતી લાલસામાંથી આધ્યાત્મિક મુમુક્ષા પ્રત્યેની ગતિમાં જવા માટે એને કપરી અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે. આ એક ઊંચો કૂદકો છે, એક મોટી છલાંગ છે, એક એવું કાર્ય છે કે જે બાહ્ય દૃષ્ટિએ દેખાતું નથી, કિંતુ માનવીને એક કિનારાથી છેક બીજા કિનારા સુધી લઈ જાય છે. એક કિનારા પર અપાર આકર્ષણો હતાં, મોજ-મજા હતી અને છલાંગ મારીને બીજા કિનારા પર જાય છે, ત્યારે ત્યાં કોઈ ભૌતિક ચીજ-વસ્તુઓ કે આકર્ષણો હોતાં નથી, પરંતુ માત્ર ને માત્ર ચિત્તની પરમ શાંતિ હોય છે.

ભૌતિકમાં આધ્યાત્મિક તરફની આ છલાંગ વિશે વિશેષ ચિંતન કરવાની જરૂર છે. આપણે દુન્યવી ભૌતિકતાની કે ઉચ્ચ આધ્યાત્મિકતાની વાત કરીએ છીએ, કિંતુ આ છલાંગનો, આ હરણફાળનો વિચાર કરતા નથી. હકીકતમાં પ્રત્યેક ધર્મનું કાર્ય છે તેમને ભૌતિકતામાંથી આધ્યાત્મિકતામાં છલાંગ મારવા માટે પ્રેરિત કરવાનું. ધર્મગ્રંથોનો પણ પહેલો અને મહત્ત્વનો આદર્શ તો એ છે કે માનવી જીવનની વિલાસિતાની વ્યર્થતાને ઓળખે અને છલાંગ મારીને વૈરાગ્ય પ્રતિ પોતાની જીવનનૌકાને લાંગરે.

એને માત્ર ઇન્દ્રિયની ભ્રામકતા જ સમજાતી નથી; પરંતુ એની પાછળની વ્યર્થતાને એ ઓળખે છે. એ વિચારે છે કે સ્વાદની પાછળ આટલું બધું દોડ્યો, મેવા-મીઠાઈ અને ફાસ્ટ-ફૂડ આરોગ્યા, પણ અંતે શું મળ્યું ? એને ખ્યાલ આવે છે કે અંતે તો એના શરીરને જીવલેણ વ્યાધિની પ્રાપ્તિ થઈ. યુવાનીમાં ઈન્દ્રિયોની વાસનાની પાછળ ખૂબ ઘેલો બન્યો; પરંતુ સમય જતાં વિચારશે કે આ વાસનાઓએ વેદના આપી અને જે ઈન્દ્રિયોના સુખ પાછળ એ દોડ્યો હતો, એ ઈન્દ્રિયો જ સ્વયં જીર્ણ અને દુર્બળ બની ગઈ.

આખી જિંદગી કોઈની નિંદા સાંભળવામાં ઊંડો રસ લીધો હતો; પરંતુ એને કશું થયું નહીં, પણ માત્ર નિંદા સાંભળી-સાંભળીને એના કાન અને એનું ચિત્ત કલુષિત થયાં. જે મુલાયમ સ્પર્શની ખેવનામાં એ ખુવાર થયો, એ સ્પર્શે એને શું આપ્યું ? આ રીતે એને ખ્યાલ આવે છે કે ઈન્દ્રિયો માણસના મનને, શરીરને અને જીવનને પોતાની પાછળ આકર્ષે છે; પરંતુ જો માણસ એના સરવાળો કરવા બેસે તો ખ્યાલ આવે કે એ તો હતો ત્યાંનો ત્યાં જ છે, ઠેરનો ઠેર છે, કારણ એટલું

કે ઈન્દ્રિયો રૂપી પાંચેય અશ્વોએ એને આમતેમ દોડાવ્યે રાખ્યો અને એને પરિણામે એના જીવનનો રથ તો જ્યાં હતો, ત્યાં જ રહ્યો. એ જીવનરથે સહેજે ગતિ કે પ્ર-ગતિ કરી નહીં.

આનો અર્થ એવો નથી કે આપણે કાન, આંખ, જીભ કે ત્વચાની સદંતર ઉપેક્ષા કરવી જોઈએ. એનો અર્થ એવો પણ નથી કે જે શરીરમાં આ ઈન્દ્રિયો વાસ કરે છે, એ શરીર પાપભૂમિ છે અથવા તો ઘોર ઉપેક્ષાને યોગ્ય છે કે નરકની ખાણ છે. ઘણા સાધકો આવા ગંભીર ભૂલ કરી બેસે છે અને તેને પરિણામે શરીરની ઘોર ઉપેક્ષા એમના શરીરમાં વ્યાધિઓને નિમંત્રણ આપે છે અથવા તો એ શરીર અકાળે કે વહેલું વિલય પામે છે.

કોઈપણ પ્રકારના સાધકને માટે શરીરનું સ્વાસ્થ્ય જરૂરી છે. તપ અને ત્યાગની પરાકાષ્ઠા પ્રગટ કરનાર ભગવાન મહાવીરે પણ દર્શાવ્યું છે કે, 'શરીર નાવ છે અને આત્મા નાવિક છે.' આનો અર્થ જ એ કે આત્માને માટે શરીરની આવશ્યકતા છે. એ સાચું કે એ શરીરને જાળવવું જોઈએ; પરંતુ વ્યક્તિનું ચિત્ત માત્ર શરીરના સુખમાં જ રમે તેવું થવું જોઈએ નહીં. એ બંનેનો પોતપોતાને સ્થાને મહિમા છે.

શ્રીમદ્ રાજચંદ્રએ કહ્યું છે કે, 'શરીર છાશનો લોટો છે અને આત્મા ઘીનો લોટો છે.' બંને એકમાંથી ઉત્પન્ન થયાં હોવા છતાં છાશ કોઈ ફરી ભરી આપે છે, પણ ઘીનો લોટો કોઈ ફરી ભરી આપતું નથી. આનો અર્થ એવો નથી કે છાશના લોટાનો ત્યાગ કરવો જોઈએ, બલ્કે જીવનમાં છાશના લોટા અને ઘીના લોટા વચ્ચેનો ભેદ જાણવો જોઈએ. ઘીના લોટા કરતાં છાશના લોટાને વધુ મહત્ત્વનો માનનાર ભૂલ કરે છે એટલે કે દેહની સંભાળ લેવી જરૂરી છે, પણ એ એક અર્થમાં મરજિયાત છે, જ્યારે આત્માનો મહિમા ઘીના લોટા જેવો હોવાથી એને સંભાળવાની વ્યક્તિ કે સાધકની પૂર્ણ ફરજ અને પરમ કર્તવ્ય છે. દેહની સંભાળ સ્વાસ્થ્યની આવશ્યકતાની દૃષ્ટિએ થવી જોઈએ, જ્યારે આત્માની સંભાળ વ્યક્તિના આધ્યાત્મિક સ્વાસ્થ્યની દૃષ્ટિએ થવી જોઈએ.

બહાર દોડાવતી ઈન્દ્રિયો જ્યારે અંતર્મુખ બને છે, ત્યારે એનામાં અધ્યાત્મની એક નવી તૃષા જાગે છે. પહેલાં ઈન્દ્રિય-સુખની પ્રાપ્તિની જે તરસ હતી, તે તરસ હવે અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિમાં પલટાઈ જાય છે. પહેલાં મન બહારનાં આકર્ષણોમાં ડૂબેલું હતું, હવે એને ભીતરનું આકર્ષણ જાગે છે. ધીરે ધીરે એ બાહ્ય આકર્ષણોનો ત્યાગ કરીને ભીતરમાં વધુને વધુ વસવાની ખેવના રાખે છે. પહેલાં એનું મસ્તક કોઈ ઈશ્કી શાયરી કે પ્રેમકાવ્યથી ડોલતું હતું, હવે એ જ મસ્તક કોઈ અનહદના નાદની વાતે ડોલવા લાગે છે. પહેલાં વ્યવહારના સંબંધોમાં ભાવુકતાનો અનુભવ થતો હતો. દીકરો થોડી અવજ્ઞા કરે તો હૃદય પર આખો પહાડ તૂટી પડતો હતો. પત્નીની કોઈ ક્ષતિ થાય તો મન અકળાઈ ઊઠતું હતું. આધ્યાત્મિકતાનો અણસાર પામ્યો પછી પણ જીવનમાં આ બધી ઘટનાઓ બને છે ખરી; પરંતુ એનાથી ચિત્ત ગ્રસિત થતું નથી. વ્યક્તિ સાક્ષીભાવે એ સઘળું જોતો હોય છે.

આધ્યાત્મિક છલાંગ એટલે આત્માની ભીતરમાં જાગેલી તીવ્ર ઇચ્છા. આ ઇચ્છા વ્યક્તિને એક જુદે માર્ગે લઈ જાય છે. એના મનમાં નરસિંહ મહેતા જેવી ઈશ્વર પ્રત્યેની ભક્તિ, મીરાં જેવી પ્રભુમિલનની તૃષા અને આનંદઘન જેવી 'આતમ પિયાલો' પીધા પછીની મસ્તી જાગે છે. આ ભક્તિ સાધકની સમક્ષ એક ભાવ જગત રચે છે. એને પોતાની ચોપાસ પરમાત્મા, પરમાત્મા અને પરમાત્મા જ દેખાય છે.

એનામાં એક એવી તૃષા જાગે છે કે જે પિપાસા હવે પરમાત્માના મિલન વિના તૃપ્ત થવી શક્ય નથી. એનામાં એવી મસ્તી જાગે છે કે બાહ્ય સુખોમાં મેળવ્યું નહોતું એવું સુખ એને એની આત્મઅનુભૂતિમાંથી સાંપડે છે. એની આ છલાંગમાં એક પ્રકારની તીવ્ર તરસ હોય છે. એ પરમાત્મ-પ્રાપ્તિની તરસ છીપાવવા નીકળે છે અને ત્યારે એના હૃદયમાં બસ માત્ર એક જ

રટણ હોય છે કે સર્વસ્વ સમર્પણ કરીને મારે મારા પરમાત્માને પ્રાપ્ત કરવો છે.

વ્યક્તિ જ્યારે આધ્યાત્મિક છલાંગ લગાવે છે, ત્યારે એને વ્યવહાર જગતની પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેના જીવનમાં ક્યારેય આવી પરમના સ્પર્શની ઇચ્છા જાગી જ નથી, એને વળી આની તડપનનો શું ખ્યાલ આવે ? જેના મનમાં આવી તીવ્ર તૃષા પ્રગટી નથી, એને વળી આ તરસની ઓળખ ક્યાંથી સાંપડે ? આને પરિણામે વ્યક્તિને વ્યવહાર જગતનો ઉપહાસ સહન કરવો પડે છે.

આ સ્થિતિ કે દશા સાહસ માગે છે કે તમારે વ્યવહાર જગત તરફથી આવતા સંકટો, મુસીબતો અને ઉપેક્ષાઓનો સામનો કરવાનો હોય છે. સંત એકનાથ કે તુકારામ, મીરાં કે આનંદઘન, વિવેકાનંદ કે ગાંધીજી વ્યવહાર જગતની મુશ્કેલીઓથી મૂંઝાઈ ગયા હોત તો ? તો એમને ક્યારેય કશી 'પ્રાપ્તિ' થઈ ન હોત; પરંતુ એમની આધ્યાત્મિકતાએ એમના હૃદયમાં એક અપૂર્વ સંકલ્પશક્તિ પ્રગટ કરી હતી. જેમ કોઈ વીર યોદ્ધો રણમેદાનમાં આવતી આપત્તિઓ પર વિજય મેળવે છે, એ જ રીતે આ અધ્યાત્મ સાધક પણ એ પછી આવતી આપત્તિઓ સામે સંકલ્પપૂર્વક લડે છે અને એના પર વિજય મેળવે છે. આનો અર્થ જ એ કે જેવી વીરતાની જરૂર યુદ્ધના મેદાનમાં શત્રુને પરાજિત કરવા માટે છે, તેનાથી પણ વધુ મોટી વીરતા અધ્યાત્મના મેદાનમાં આવતા આંતર-બાહ્ય શત્રુઓના વિજયમાં છે.

■ ■ ■

---

## શ્રી ભક્તાર સ્તોત્ર

**(પાના નં. ૨૯ પરથી ચાલુ...)**

(અને હૃદયમાં) મોતીની માળા (શુદ્ધ વીતરાગી ભાવો) જેમ શોભી ઉઠશે. આપ મહાન છો, આપના ગુણો મહાન છે, તેથી આપના ગુણોનું વાચક આ સ્તોત્ર પણ અત્યંત શોભી ઉઠશે (મહાન બનશે).

કમળના ફૂલની પાંદડી પર લાગેલું પાણીનું ટીંપુ (તે કમળના અલિપ્ત સ્વભાવને લીધે), તેના પર સૂર્યકિરણો પડતા સાચા મોતીના જેમ ઝગમગી ઉઠે છે, તેમ આપના ગુણો ઉપર લાગેલું મારું આ ભક્તિનું બિંદુ પણ સાચા મોતીની જેમ શોભી ઉઠશે. એટલે જ જુઓને આ ભક્તામર સ્તોત્ર કેવું પ્રસિદ્ધ શોભે છે ! તે શોભા કાંઈ બહારના પ્રભાવને લીધે નહિ, પણ તેની અંદર પરમાત્માના ગુણોનું અદ્‌ભુત વર્ણન ભરેલું છે તેથી તે શોભે છે. પ્રભો, હું (સ્તુતિકાર માનતુંગસૂરિ) ભલે નાનો, પણ સ્તુત્ય એવા આપ તો ત્રણ લોકમાં મહાન છો. તેથી આપની સ્તુતિનો મહિમા પણ ત્રણ લોકમાં ફેલાઈ જાય છે. ઊર્ધ્વલોકના દેવેન્દ્રો, મધ્યલોકના મુનીંદ્રો અને અધોલોકના ધરણેંદ્રો ભક્તિભાવપૂર્વક આપની સ્તુતિ કરે છે.

પરમાત્મપદના ગુણગાન ગાતા અને સાંભળતા સાધક ભક્તોને પ્રમોદ જાગે છે અને તેના દ્વારા પોતાના ચિત્તને પરમાત્માના ગુણોની ભાવનામાં જોડીને સમ્યક્ત્વાદિ મોતી વડે તેનો આત્મા શોભી ઉઠે છે - આવા અધ્યાત્મભાવો આ વીતરાગી ભક્તામર સ્તોત્રમાં ભર્યા છે. વિશેષમાં કહે છે કે હે પ્રભુ ! મારો અલ્પ અને પ્રશસ્ત રાગ (પાણીનું બિંદુ) તમારા ચરણ (કમળ)માં જતા તે વીતરાગ (મોતી) બની જાય છે.

અત્રે એક વસ્તુ સ્પષ્ટ કરવી ઘટે કે આચાર્યશ્રીએ સિદ્ધ થયેલા આદિનાથ પ્રભુને પ્રત્યક્ષ ગણીને આ સ્તોત્રની રચના કરી છે (શ્લોક ૨૬થી ૩૭ આ બાબત વિશેષપણે સમજાવે છે) તેથી તેનો પ્રભાવ કોઈ જુદા જ પ્રકારનો અદ્‌ભુત અને અપૂર્વ છે.

અહીં કોઈને આશ્ચર્ય થાય કે સિદ્ધશિલા પર બિરાજતા (આદિનાથ) પ્રભુનો પ્રભાવ આટલે દૂર આટલો બધો હોઈ શકે ? પ્રભુ તો સિદ્ધાલયમાં સ્વાત્મમાં રમમાણ છે અને તેમના ભક્ત (માનતુંગસૂરિ) બંદી તરીકે કારાગૃહમાં વસે છે. એ બે વચ્ચે આ કયા પ્રકારનો નાતો ? કયું નિમિત્ત પ્રેરણાદાયી બની શકે છે ? આનું સમાધાન પછીના શ્લોકમાં આપણને મળે છે. **(ક્રમશઃ)** ■ ■ ■

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૨૪)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

પરમકૃપાળુદેવની અધ્યાત્મ સંવર્ધક, અધ્યાત્મ પ્રવર્તક, અધ્યાત્મ સંવર્તકની સમાધિભાષા વચનામૃત પત્રાંક - ૩૭૪માં પ્રગટ થાય છે. હૃદયસખા શ્રી સોભાગને જણાવે છે તે સહુને પરમ હિતસ્વી છે. આલેખે છે, "કોઈ પણ પ્રકારે ભવિષ્યનો સાંસારિક વિચાર છોડી વર્તમાનમાં સમપણે પ્રવર્તવાનો દૃઢ નિશ્ચય કરવો એ તમને યોગ્ય છે; ભવિષ્યમાં જે થવા યોગ્ય હશે, તે થશે, તે અનિવાર્ય છે, એમ ગણી પરમાર્થ-પુરુષાર્થ ભણી સન્મુખ થવું યોગ્ય છે. ગમે તે પ્રકારે પણ એ લોકલજ્જારૂપ ભયનું સ્થાનક એવું જે ભવિષ્ય તે વિસ્મરણ કરવા યોગ્ય છે. તેની 'ચિંતા વડે' પરમાર્થનું વિસ્મરણ હોય છે. અને એમ થાય તે મહા આપત્તિરૂપ છે; માટે તે આપત્તિ આવે નહીં, એટલું જ વારંવાર વિચારવા યોગ્ય છે. ઘણા વખત થયાં આજીવિકા અને લોકલજ્જાનો ખેદ તમને અંતરમાં ભેળો થયો છે. તે વિષે હવે તો નિર્ભયપણું જ અંગીકાર કરવું યોગ્ય છે. ફરી કહીએ છીએ કે તે જ કર્ત્તવ્ય છે. યથાર્થ બોધનો એ મુખ્ય માર્ગ છે. એ સ્થળે ભૂલ ખાવી યોગ્ય નથી. લજ્જા અને આજીવિકા મિથ્યા છે. કુટુંબાદિનું મમત્વ રાખશો તો પણ જે થવાનું હશે તે થશે. તેમાં સમપણું રાખશો તો પણ જે થવા યોગ્ય હશે તે થશે; માટે નિઃશંકપણે નિરભિમાની થવું યોગ્ય છે. સમપરિણામે પરિણમવું યોગ્ય છે, અને એ જ અમારો બોધ છે. આ જ્યાં સુધી નહીં પરિણમે ત્યાં સુધી યથાર્થ બોધ પણ પરિણમે નહીં." એક એક વાક્યમાં કેટલી સૂક્ષ્મતા છે તે સાધકને સમજાય છે તથા પ્રયોગરૂપ પરિણમન થાય છે.

શ્રીપૂજ્યપાદ આચાર્ય 'સમાધિશતક'ના સોળમા શ્લોકમાં અંતરાત્માના વિચારને અધ્યાત્મ દૃઢતાર્થે વ્યક્ત કરે છે. આપણે પૂર્વાર્ધના વચનો વિચાર્યા

(૧) मत्तः च्युत्वा इन्द्रियद्वारैः

(૨) पतितः विषयेषु अहं અર્થાત્ આત્મા (હું) સ્વરૂપને અનાદિકાળથી ભૂલીને ઈન્દ્રિયોના દ્વારોથી વિષયોમાં પતિત થયો અને ચાર ગતિના પરિભ્રમણમાં ભમ્યો. ઉત્તરાર્ધમાં આચાર્યદેવ ફરમાવે છે -

(૧) तान् प्रपद्य अहं इति मां वेद न तत्त्वतः - આ વિચારને સૂક્ષ્મતાથી વિચારી પ્રયોગરૂપ બનાવીએ.

**(૧) तान् प्रपद्य** - તે ઈન્દ્રિય વિષયોને પ્રાપ્ત કરીને, તે મારા ઉપકારક છે એમ માની તેમાં આસક્ત થઈને, તેમાં રુચિપણે હું પ્રવર્ત્યો, જેથી મેં મારા આત્માને સન્નિધિ હોવા છતાં જાણ્યો નહિ, ઓળખ્યો નહિ, આત્મામાં રસ-રુચિ કરી નહિ, પણ ઈન્દ્રિયોના વિષયોને સારા માન્યા, ઉપકાર કરનારા માન્યા. સ્પર્શ, રસ, ગંધ, દર્શન અને શ્રવણ આ પાંચ ઈન્દ્રિયો છે તે સારી છે, તેનાથી હું બધું કરી શકું છું એવી વિપરીત માન્યતામાં અનંતકાળ પસાર કર્યો અને આત્માને ભૂલ્યો. સ્વજાતને ભૂલીને પરજાતમાં આનંદ માન્યો. સ્વઘર ભૂલીને પરઘરમાં આસક્ત થયો; જેથી અનંતકાળ હું રખડ્યો, રઝળ્યો.

પરમકૃપાળુદેવ ક્ષમાપના પાઠમાં પ્રત્યેક આત્માની પરિણતિને વ્યક્ત કરે છે. "હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારા અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારા કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારા કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડ્યો છું." અંતરાત્મા આત્માની દૃઢતા માટે આવા ભાવો સહજ

ભાવે વ્યક્ત કરે છે. જીવ અનંત સંસારની જેલમાં પુરાયો છે, પણ તે ભૂલીને અન્યમાં આસક્ત થાય છે.

**દૃષ્ટાન્ત છે :** 'આંધળો કહે સલવાણા, કંઈક ચઢ્યા કંઈક પાળા' આ પંક્તિમાં કથા છે. જેલમાં કેટલાક ઊંટને પૂર્યા હતા. તેના ભેગા કેટલાક મનુષ્યોને પણ પૂર્યા હતા. બે-ત્રણ મનુષ્યો ઊંટ ઉપર બેઠા ને બીજા નીચે રહ્યા. કંઈક ચઢ્યા એ બે-ચાર ઊંટ ઉપર બેઠા અને કંઈક પાળા એટલે બીજા નીચે રહ્યા. હવે જે ઊંટ ઉપર બેઠા તે મનુષ્યો કહે કે તમારાથી અમે ઊંચા છીએ. પણ ભાઈ ! ઊંચા છો, પણ છો તો જેલમાં ને જેલમાં ને. આચાર્યદેવ ફરમાવે છે કે કેટલાક સ્ત્રી-પુત્ર પરિવારમાં રોકાયા તો કેટલાક શુભભાવની ક્રિયામાં રોકાયા, પણ પરિભ્રમણ તો રહ્યું ને ? तान् प्रपद्ये - તે વિષયોને પામીને જેલમાં જ રહ્યો. પોતાનું સ્વરૂપ ભૂલ્યો. આનંદમૂર્તિ આત્માને ભૂલીને આ ભ્રમણ રહ્યું.

હવે અસ્તિત્વપણાની વાત કહે છે, જે મુખ્ય છે. तत्त्वत: - પરમાર્થથી અસ્તિત્વપણાથી. अहं इति न वेद - હું જ્ઞાન સ્વરૂપ છું. આનંદ સ્વરૂપ છું. અનંતશક્તિનો પિંડ છું. અનંત ગુણોનું ગોદામ છું. સત્ ચિત્ત આનંદ સ્વરૂપ છું. હું જ અસ્તિત્વથી પરિપૂર્ણ છું એવું ન જાણ્યું. સ્વ હૈયાતિનો સ્વીકાર થતાં અનંત ગુણો એક સાથે ઉછળે છે. માત્ર આનંદ, નિર્વિકલ્પ આનંદ રહે છે. પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સ્વ આત્મ અનુભૂતિને આ શબ્દોમાં પ્રગટ કરે છે - "વાંકાનેર, ૧૯૮૯ ફાગણ વદ દશમનો અપૂર્વ દિવસ. સ્વ સ્વરૂપનું લક્ષ આવતાં ફાગણવદ દશમને સોમવારે બપોરે જ્ઞાતાધારાની વૃદ્ધિ થતાં, તે સ્વરૂપનું ધ્યાન થતાં, તેમાં એકાગ્ર થતાં તે સ્વરૂપમાં વેગ તીવ્રતાએ આવી ઉપયોગ પરલક્ષથી છૂટો પડી પોતાના સ્વ સ્વરૂપમાં સ્થિર થઈ, ચૈતન્ય ભગવાન તે સ્વરૂપને અનુભવતાં હતા પોતાના નિર્વિકલ્પ સહજ સ્વરૂપમાં ખેલી રહ્યા હતા, રમી રહ્યા હતા. અનુપમ અને અદ્ભુત એવા આત્મદ્રવ્યની મહિમા કોઈ અપાર છે. ચૈતન્યદેવ આનંદ તરંગોમાં ડોલતા હતા. અહા ! અનંતકાળથી છૂપાયેલા આત્મ ભગવાન પ્રગટ થયા. તેનો છૂપાયેલો એવો અનુપમ અમૃત સ્વાદ વેદાયો, અનુભવાયો તે હે શ્રી સદ્ગુરુદેવ ! આપનો જ પ્રતાપ છે. અપૂર્વ આત્મસ્વરૂપ પ્રગટ્યું તે પરમકૃપાળુ સદ્ગુરુદેવનો જ પ્રતાપ છે. પરમ ઉપકારી, પરમ પ્રતાપી સદ્ગુરુદેવને નમસ્કાર" સ્વ પુરુષાર્થથી હું શુદ્ધ સ્વરૂપ છું તે અનુભવી શકાય છે.

**હું આત્મા છું. શરીર, મન, વચન હું નથી. આ સર્વથી ભિન્ન આત્મા છું. એવું વાસ્તવિકપણે ન જાણ્યું તેથી પરિભ્રમણમાંથી મુક્તિ થઈ નહિ. તત્ત્વતઃ યથાર્થ સ્વરૂપે જાણ્યું નહિ.** લોકો કહેતા હોય તેમ જાણ્યું, જેથી ભેદજ્ઞાન રૂપ જ્ઞાનસ્વરૂપ આત્મા અનુભવાયો નહિ. પરમકૃપાળુદેવે વચનામૃત શિક્ષાપાઠ છવ્વીસ 'તત્ત્વ સમજવું' આ શીર્ષક સાથે તત્ત્વથી - યથાર્થ રીતે ન સમજે તો દેવશી-રાયશી-ખેતશી જેવું થાય તે કથા પરમકૃપાળુદેવે આલેખી છે તે જ શબ્દોમાં આ પ્રમાણે છે, "શાસ્ત્રોના શાસ્ત્રો મુખપાઠે હોય એવા પુરુષો ઘણા મળી શકે; પરંતુ જેણે થોડાં વચનો પર પ્રૌઢ અને વિવેકપૂર્વક વિચાર કરી શાસ્ત્ર જેટલું જ્ઞાન હૃદયગત કર્યું હોય તેવા મળવા દુર્લભ છે. તત્ત્વને પહોંચી જવું એ કાંઈ નાની વાત નથી. કૂદીને દરિયો ઓળંગી જવો છે..." **કચ્છી વૈશ્યોનું દૃષ્ટાન્ત :** પરમકૃપાળુદેવના જ શબ્દો "કચ્છી વૈશ્યોનું દૃષ્ટાંત એક કહેવાય છે તે કંઈક હાસ્યયુક્ત છે ખરું; પરંતુ એમાંથી ઉત્તમ શિક્ષા મળી શકે તેમ છે; એટલે અહીં કહી જઉં છું. કચ્છના કોઈ ગામમાં શ્રાવકધર્મ પાળતા રાયશી, દેવશી અને ખેતશી એમ ત્રણ નામધારી ઓશવાળ રહેતા હતા. નિયમિત રીતે તેઓ સંધ્યાકાળે અને પરોઢિયે પ્રતિક્રમણ કરતા હતા. પરોઢિયે રાયશી અને સંધ્યાકાળે દેવશી પ્રતિક્રમણ કરાવતા હતા. રાત્રિ સંબંધી પ્રતિક્રમણ રાયશી કરાવતો અને સંબંધે 'રાયશી પડિક્કમણું ઠાયંમિ' એમ તેને બોલાવવું પડતું; તેમજ દેવશીને 'દેવશી પડિક્કમણું ઠાયંમિ' એમ સંબંધ હોવાથી બોલાવવું પડતું. યોગાનુયોગે ઘણાના આગ્રહથી એક દિવસ સંધ્યાકાળે ખેતશીને બોલાવવા બેસાર્યો.

ખેતશીએ જ્યાં 'દેવસી પડિક્કમણું ઠાયંમિ' એમ આવ્યું ત્યાં 'ખેતશી પડિક્કમણું ઠાયંમિ' એ વાક્યો લગાવી દીધાં ! એ સાંભળી બધા હાસ્યગ્રસ્ત થયા અને પૂછ્યું, આમ કાં ? ખેતશી બોલ્યો : વળી આમ તે કેમ ? ત્યાં ઉત્તર મળ્યો કે 'ખેતશી પડિક્કમણું ઠાયંમિ' એમ તમે કેમ બોલો છો ? ખેતશીએ કહ્યું : હું ગરીબ છું એટલે મારું નામ આવ્યું ત્યાં પાધરી તકરાર લઈ બેઠા, પણ રાયશી અને દેવસી માટે તો કોઈ દિવસ કોઈ બોલતા પણ નથી. એ બંને કેમ 'રાયશી પડિક્કમણું ઠાયંમિ' અને 'દેવસી પડિક્કમણું ઠાયંમિ' એમ કહે છે તો પછી હું 'ખેતશી પડિક્કમણું ઠાયંમિ' એમ કાં ન કહું ? એની ભદ્રિકતાએ તો બધાને વિનોદ ઉપજાવ્યો; પછી અર્થની કારણ સહિત સમજણ પાડી; એટલે ખેતશી પોતાના મુખપાઠી પ્રતિક્રમણથી શરમાયો. આ તો એક સામાન્ય વાર્તા છે; પરંતુ અર્થની ખૂબી ન્યારી છે. તત્ત્વજ્ઞ તે પર બહુ વિચાર કરી શકે. બાકી તો ગોળ ગળ્યો જ લાગે, તેમ નિર્ગ્રન્થ વચનામૃતો પણ સત્ફળ જ આપે. અહો ! પણ મર્મ પામવાની વાતની તો બલિહારી જ છે !''

**તત્ત્વતઃ એટલે યથાર્થ રીતે હું મને ઓળખી શક્યો નહિ.અનંતકાળ પસાર થયો તેમાં ઈન્દ્રિયોના વિષયસુખોમાં મેં મને સ્મરણમાં લીધો નહિ. વિષયોના રંગરાગમાં અનંતકાળ નિર્ગમન કર્યો પણ સ્વરૂપને ઓળખ્યું નહિ.** પરમકૃપાળુદેવની આત્મોપનિષદ્ સમી આત્મસિદ્ધિશાસ્ત્રની પ્રથમ પંક્તિ અપૂર્વ અર્થસભર છે -

**''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.''**

નિજ સ્વરૂપને સમજ્યા વિના અનંત દુઃખ પામ્યો - ભવભ્રમણ કર્યા. સદ્‌ગુરુ ભગવન્તનો ભેટો થયો - પરમકૃપાથી ગુરુએ સમજણ આપી. તે ગુરુગમથી શિષ્ય પુરુષાર્થી બન્યો કે પરમ શુદ્ધ પદ સમજાયું માટે તેને મારા નમસ્કાર છે. આ રીતે જાણતો જીવ અધ્યાત્મમાં પ્રવેશ પામે છે. નિજ સ્વરૂપ અનુભવે છે.

જીવે સ્વયં પુરુષાર્થી થવું એ વિચારણીય છે. પંડિત દીપચંદજી 'અનુભવ પ્રકાશ' ગ્રંથમાં નોંધે છે, ''કોઈ એમ જાણે કે આજના સમયમાં સ્વરૂપ કઠણ છે તે સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે. આજથી અધિક પરિગ્રહ ચોથાકાળના પુણ્યવંત નર, ચક્રવર્તી આદિકને હતો અને આને તો થોડો છે. એ પરિગ્રહ જોરાવરીથી એના પરિણામોમાં આવતો નથી પોતે જ દોડી દોડી પરિગ્રહમાં ઢુંકે છે. જ્યારે નવરો હોય ત્યારે વિકથા કરે છે; ત્યારે સ્વરૂપના પરિણામ કરે તો કોણ રોકે છે ? પર પરિણામ સુગમ, નિજ પરિણામ વિષમ બનાવે છે. દેખો અચરજની વાત ! પોતે દેખે છે, જાણે છે છતાં દેખ્યો ન જાય, જાણ્યો ન જાય એમ કહેતા લાજ પણ આવતી નથી ? સંસારચાતુરીનો ચતુર, પોતાને જાણવામાં શઠ, એવી હઠ-ધિઠતા પકડી પકડીને જ પરરતવ્યસનમાં ગાઢ બન્યો. સ્વભાવશુદ્ધિ વિસારી ભારે ભવબંધન કરી આંધળો બની, અંધ ધંધમાં ધાયો, પોતે ઓળખાયો નહિ.''

આચાર્યદેવે આ શ્લોકમાં ભૂતકાલીન ભૂલને દર્શાવી અંતરાત્માને આત્મભાવની દૃઢતા કરાવી છે. અદ્‌ભુત સરળતા સાથે વૈદર્ભીશૈલીથી વિષયને આકંઠ સમજાવ્યો છે,

**પદ્ય :** અનાદિચ્યુત નિજરૂપથી, રહ્યો હું વિષયાસક્ત;
ઈન્દ્રિય વિષયો અનુસરી, જાણ્યું નહિ 'હું' તત્ત્વ.

**પૂ. શ્રી બ્રહ્મચારીજી - પદ્ય**

'ઈન્દ્રિયદ્વારથી ચૂકી, પડ્યો હું વિષયો વિષે;
ભોગો પામી ન મેં પૂર્વે, જાણ્યું રૂપ યથાર્થ જે.'

**આચાર્ય પૂ. વિદ્યાસાગરજી - પદ્ય**

मैंने स्वभाव तज के निज भोग लीन,
संसारमें दुःख सहा, वृष - बोधहीन ।
मैं 'आत्म' हूँ न पहले इस भाँति जाना,
पै सर्वथा विषय को सुख हेतु माना ॥

**(ક્રમશઃ)**

# સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો - એક ચિંતન

**(ક્રમાંક - ૧૩)**

**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી**

**आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशन्ति यद्वत् ।**
**तद्वत्कामा यं प्रविशन्ति सर्वे स शान्तिमाप्नोति न कामकामी॥**

**- શ્રી ભગવદ્‌ગીતા અ. - ૨/૭૦**

સદા ભરાતા અચલ પ્રતિષ્ઠ સમુદ્રમાં નીર બધાં પ્રવેશે,
જેમાં પ્રવેશે સહુકામ તેમ, તે શાંતિ પામે નહીં કામકામી.

**- ગુજરાતી પદ્યાનુવાદ** (શ્રી કિ. મશરૂવાલા)

**શબ્દાર્થ :** જેવી રીતે સમુદ્રમાં નદીઓ નિરંતર પ્રવેશ કરતી રહે છે, છતાં સમુદ્ર હંમેશાં સ્થિર દૃઢતાપૂર્વક સ્થિત રહે છે, તેવી રીતે વાસનાઓના અવિરત પ્રવાહથી વિચલિત નહીં થનાર મનુષ્ય જ 'શાંતિ' પ્રાપ્ત કરી શકે છે, પરંતુ આવી ઇચ્છાઓને સંતુષ્ટ કરવા મથતો મનુષ્ય શાંતિ પ્રાપ્ત કરી શકતો નથી.

**ભાવાર્થ :** આ શ્લોકમાં સ્થિતપ્રજ્ઞ મહાત્મામાં સમત્વભાવ કે જે આત્માનો સ્વભાવ છે તે પ્રગટી ગયો છે. તેની સમુદ્રની ઉપમા દ્વારા સમજણ આપી છે. સમુદ્ર ગંભીર અચળ છે અને પૂર્ણ છે. ગમે તેટલું પાણી નદીઓ દ્વારા આવવા છતાં તે પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી, તેમ આત્મજ્ઞાની સંયમી મહાત્માને સંસારના ભૌતિક વિષયોના ભોગ પ્રાપ્ત થવા છતાં તેઓ પોતાની ધર્મમર્યાદાનું ઉલ્લંઘન નથી કરતા. તેઓ નિરંતર સમુદ્રવત્ સ્થિર તથા અચળ ગંભીર રહે છે. તેમને સંસારના સર્વ પદાર્થો પોતાના આત્મવૈભવ આગળ તુચ્છ ભાસે છે, તેથી તેઓ અંતરની પરમ શાંતિનો અનુભવ કરે છે. આથી વિરુદ્ધ સામાન્ય માનવી ઇચ્છાઓની તૃપ્તિ કરવા ઘણું મથે છે પણ આકુળતા-વ્યાકુળતા સિવાય કાંઈ પ્રાપ્ત થતું નથી કારણ ઇચ્છાઓ ક્યારેય તૃપ્ત થતી નથી.

**આત્માર્થ - પરમાર્થ :**

સંયમી મહાત્મા વિચારે છે - અનુભવે છે,

"અબ તક અગણિત દ્રવ્યો સે,
પ્રભુ ભૂખ ન મેરી શાંત હુઈ,
તૃષ્ણા કી ખાઈ ખૂબ ભરી,
પર રિક્ત રહી વહ રિક્ત રહી,
યુગ-યુગ સે ઇચ્છા સાગર મેં,
પ્રભુ ! ગોતે ખાતે આયા હૂઁ,
પંચેન્દ્રિય મન કે ષટ રસ તજ,
અનુપમ રસ પીને આયા હૂઁ"

**- શ્રી દેવશાસ્ત્રગુરુ પૂજા**

**ભાવાર્થ :** હે પ્રભો ! મેં અનાદિ કાળથી ઇચ્છાઓની પૂર્તિ કરવાનો અથાગ પ્રયત્ન કર્યો છે પણ મારી તૃષ્ણારૂપી ખાડી ક્યારે પણ ભરાતી નથી, એટલે હવે હું અતીન્દ્રિય અનુપમ આત્મરસ પીવા આપની પાસે આવ્યો છું.

- ભવવનમેં જી ભર ઘૂમ ચૂકા
  કણ કણ કો જી ભર ભર દેખા,
  મૃગસમ મૃગતૃષ્ણા કે પીછે,
  મુઝકો ન મિલી સુખ કી રેખા.
  સંસાર મહા દુઃખસાગર કે,
  પ્રભુ દુઃખમય સુખ-આભાસો મેં,
  મુઝકો ન મિલા સુખ ક્ષણભર ભી,
  કંચન કામિની પ્રાસાદો મેં.

**- શ્રી દેવ-શાસ્ત્રગુરુ પૂજા-જયમાલા**

સ્થિતપ્રજ્ઞ મહાત્માને દૃઢ વિશ્વાસ છે -

- "હું પ્રભુનો પ્રભુ છે મમ રક્ષક,
  એ ભરોસો જાય નહીં,

જે પ્રભુ કરશે તે મમ હિતનું,
એ નિશ્ચય બદલાય નહીં''
**– સંત હરિદાસ**

- રાઈ માત્ર ઘટવધ નહીં, દેખ્યા કેવળજ્ઞાન,
યહ નિશ્ચય કર જાન કે, તજીયે પરથમ ધ્યાન.
(પરથમ ધ્યાન = આર્ત્તધ્યાન, ચિંતા)
**– શ્રી બૃહદ્ આલોચના**

- હે જીવ ક્યા ઈચ્છત હ્વે, હૈ ઈચ્છા દુઃખ મૂલ,
જબ ઈચ્છા કા નાશ વ્હે, મિટે અનાદિ ભૂલ.
**– શ્રીમદ્ રાજચંદ્ર**

સ્થિતપ્રજ્ઞ મહાત્માને પોતાનો સંતોષ સ્વભાવ પ્રગટી ગયો છે. તેથી અમુક શુભ ઈચ્છાઓની પણ તૃપ્તિ કરવાની તમામ વૃત્તિઓ નિર્મૂળ થઈ ગઈ હોય છે. સાચા પ્રભુ-ભક્તને મુક્તિની ઈચ્છા પણ નથી રહેતી.

- હરિના જન તો મુક્તિ ન માંગે
માંગે જનમ જનમ અવતાર રે,
નિત્ય સેવા નિત્ય કીર્તન ઓચ્છવ,
નિરખવા નંદકુમાર રે... ભૂતળ ભક્તિ.
**- ભક્તકવિ નરસિંહ મહેતા**

- મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહ શું સબળ પ્રતિબંધ લાગ્યો;
ચમક પાષાણ જિમ લોહને ખેંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો.
**- પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ**

આ રીતે સ્થિતપ્રજ્ઞ મહાત્મા પરમ યોગીશ્વર તથા પ્રભુના પરમભક્ત પણ હોય છે અને તેઓ જ સાચી શાંતિ પ્રાપ્ત કરે છે.

**બોધ :**

આપણે તત્ત્વજ્ઞાન સહિત પ્રભુભક્તિ અને વૈરાગ્ય દ્વારા જીવનમાં અનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિનો સહજ સ્વીકાર કરવો જોઈએ તથા પુણ્ય-પાપના ઉદયમાં સમભાવ રાખવાનો પણ પુરુષાર્થ કરવો જોઈએ; જે સત્સંગની ઉપાસના દ્વારા અને શ્રી ગુરુઆજ્ઞાના પાલન દ્વારા સહજ રીતે થઈ શકે છે. શ્રી સદ્ગુરુ ફરમાવે છે :

''હે જીવ, તું ભ્રમા મા, તને હિત કહું છું. અંતરમાં સુખ છે; બહાર શોધવાથી મળશે નહીં. અંતરનું સુખ અંતરની સમશ્રેણીમાં છે; સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થોનું વિસ્મરણ કર, આશ્ચર્ય ભૂલ.''
**– પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર**

અંતમાં આત્મજ્ઞાની સ્થિતપ્રજ્ઞ મહાત્માની સહજ દશા :

- જે નિજ પૂરવ કર્મ ઉદય,
સુખ ભુંજત ભોગ ઉદાસ રહેંગે,
જે દુઃખમેં ન વિલાપ કરે,
નિર્બૈર હિયે તન તાપ સહેંગે,
હૈ જિન કે દઢ આતમજ્ઞાન,
ક્રિયા કરિકે ફલ કો ન ચહેંગે,
તે સુવિચક્ષણ જ્ઞાયક હૈ,
તિન કો હમ તો કર્તા ન કહેંગે.
**– શ્રી સમયસાર નાટક**
**પંડિતવર્ય શ્રી બનારસીદાસજી**

- વિષયોં કી આશા નહિ જિનકે,
સામ્ય ભાવ ધન રખતે હૈં,
નિજ પર કે હિત સાધન મેં જો,
નિશદિન તત્પર રહતે હૈં;
સ્વાર્થત્યાગ કી કઠિન તપસ્યા,
બિના ખેદ જો કરતે હૈં,
ઐસે જ્ઞાની સાધુ જગત કે,
દુઃખસમૂહ કો હરતે હૈં.
**– મેરી ભાવના, શ્રી જુગલકિશોર મુખ્તાર**

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

# શ્રી આનંદઘન ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ...)

## શ્રી મુનિસુવ્રત સ્વામી સ્તવન

યોગીશ્વર આનંદઘનજી શ્રી મુનિસુવ્રત સ્તવન દ્વારા જગતમાં પ્રવર્તતી આત્મતત્ત્વ વિશેની અનેક પ્રકારની ભ્રાંતિગત માન્યતાઓમાં રહેલી ભૂલનો નિર્દેશ કરી રહ્યાં છે. પ્રયોજન જે તે મતોના ખંડનનું નથી, પરંતુ સત્યધર્મને અનુસરીને 'ચિત્ત સમાધિ' પ્રાપ્ત કરવાનું છે. આપણે પણ અનેક જન્મોમાં આમાંની કોઈને કોઈ મિથ્યામાન્યતા સેવી છે અને તેથી સંસારપરિભ્રમણ ચાલુ રહ્યું છે. વિવેકપૂર્ણ આ એકાંતિક માન્યતાઓમાં રહેલા દૂષણને જાણીએ તો તેનાથી બચીને જિનેશ્વર કથિત સ્વાદ્વાદશૈલીના આશ્રયથી આત્માના સત્ય સ્વરૂપને જાણી શકાય.

સાંખ્ય, વેદાંત તથા અદ્વૈતવાદીઓના દર્શનમાં રહેલ ભૂલ આપણે જોઈ. હવે આગળ આનંદઘનજી બૌદ્ધમતમાં રહેલ દાર્શનિક ભૂલ બતાવી તેનું સુયુક્તિ વડે નિરસન કરે છે.

**સૌગત મત રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો,**
**બંધ-મોક્ષ સુખ-દુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો.**
**- મુનિસુવ્રત ૦૫**

**શબ્દાર્થ :** બૌદ્ધમતના રાગી જીવો વાદ કરતાં એમ કહે છે કે એ આત્મતત્ત્વ ક્ષણિક છે એમ જાણો. જો એમ હોય તો બંધ - મોક્ષ કે સુખ-દુઃખ જેવું કંઈ નહીં રહે, એવો વિચાર તો મનમાં લાવો(એમ આનંદઘનજી કહે છે) (સૌગત મત = બૌદ્ધ દર્શન; રાગી = તેને માનનારા, રાગ કરનારા; વાદી = મતાગ્રહી, દુરાગ્રહપૂર્વક વાદ કરનારા)

**ભાવાર્થ :** ક્ષણિકવાદ એ બૌદ્ધદર્શનની મુખ્ય માન્યતા છે. બૌદ્ધમત પ્રમાણે આત્મામાં હરપલ પરિવર્તન થતું હોવાથી આત્મા ક્ષણિક છે, નિત્ય નથી. પહેલી ક્ષણનું જ્ઞાન, વિચાર કે સંવેદન બીજી ક્ષણે નથી હોતું; એનાથી તદ્દન ભિન્ન હોય છે. માટે એક ક્ષણનો આત્મા સર્વથા નાશ પામ્યો. બીજી ક્ષણે નવો આત્મા ઉત્પન્ન થયો અને તે પણ ક્ષણિક હોવાથી સર્વથા નાશ પામશે. આમ, દરેક ક્ષણે નવી ઉત્પત્તિ અને નાશ એવો જ વસ્તુનો સ્વભાવ છે. બૌદ્ધમતના રાગીઓ અર્થાત્ એકાંતે આ મતનો મતાગ્રહ રાખનાર જીવો વાદી-પ્રતિવાદી બનીને અનેક પ્રકારની દલીલો કરી પોતાની વાત ઠસાવવા માગે છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી 'શ્રી આત્મસિદ્ધિ'માં શિષ્યની શંકારૂપે આ સૌગતની માન્યતા દર્શાવે છે કે :

*અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;*
*એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય.*

આનંદઘનજી બે સચોટ તર્ક દ્વારા આ માન્યતાને ખોટી ઠરાવે છે - કહે છે "બંધ-મોક્ષ, સુખ-દુઃખ ન ઘટે." જો આત્માને એકાંત ક્ષણિક માનીએ તો બંધ - મોક્ષની વ્યવસ્થાનો જ અભાવ થઈ જશે. બંધ, મોક્ષ એકબીજાને સાપેક્ષ છે. અર્થાત્ જે બંધનમાં હોય તેની જ મુક્તિનું પ્રયોજન રહે. હવે ક્ષણિકવાદ પ્રમાણે જે ક્ષણે આત્મા બંધનમાં હતો તેનો તે ક્ષણ પસાર થતાં તો નાશ થઈ ગયો. તો હવે મોક્ષ કોનો થશે ? વળી, બૌદ્ધો પણ નિર્વાણને તો માને જ છે, પણ બંધવાળી અવસ્થા જ જો નાશ પામી તો નિર્વાણ કોનું થશે ? અને નિર્વાણ માટે પછી પ્રયત્ન પણ શા માટે કરવો ? પૂજ્યશ્રી રાકેશભાઈ આ માન્યતામાં રહેલો એક વધુ દોષ બતાવતા કહે છે : *"જીવ એવો અવળો વિચાર કરતો થઈ જશે કે ભલે બંધાયેલા છીએ પણ આપણે મોક્ષ માટે જ્ઞાન-ધ્યાનાદિ કરવાની શી જરૂર છે ? કારણ કે મોક્ષ તો અન્ય જ કોઈ ક્ષણનો થવાનો છે - ઈત્યાદિ અભિપ્રાયના કારણે કોઈ મોક્ષ માટે પ્રવૃત્તિ જ નહીં*

કરે.''*(શ્રી આત્મસિદ્ધિ વિવેચન - ગાથા ૬૯)*

વળી, જો આત્માને ક્ષણિક માનીએ તો સુખ-દુ:ખ જેવું પણ નહિ ઘટે. સુખ-દુ:ખ જીવે કરેલા કાર્યનું કે શુભાશુભ કર્મનું જ ફળ છે તે સમજાય તેવી વાત છે. જો ક્ષણિકવાદ પ્રમાણે કરેલાં કર્મો અને તે કર્મો કરવાવાળો આત્મા એમ બંને સર્વથા નાશ પામી ગયા તો પછી સુખ-દુ:ખ ભોગવવાવાળું કોણ રહ્યું ? સુખ-દુ:ખની ક્ષણોનો તો સર્વને અનુભવ થાય છે. જો તે ક્ષણ સ્વતંત્રપણે નવી જ ઉત્પન્ન થઈ એમ માનીએ તો નહીં કરેલા કર્મનું ભોગવવું થઈ રહ્યું છે એવો દોષ આવશે. વળી, સુખ-દુ:ખની ક્ષણો ભોગવનાર આત્મા જુદો અને તે માટે યોગ્ય કર્મ કરનાર આત્મા જુદો એમ માનવામાં જીવ સ્વચ્છંદી આચરણ કરતો થઈ જશે. ક્ષણિકવાદમાં સુખ-દુ:ખના કર્તા-ભોક્તાપણાના કાર્ય-કારણ સંબંધનો જ અભાવ છે, જે વાત પ્રત્યક્ષ અસંગત દેખાય છે.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર આ સંબંધી શ્રી આત્મસિદ્ધિમાં સુંદર સમાધાન આપતાં કહે છે :

''આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું જ્ઞાન એકને થાય.
ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ.''

ક્ષણિકવાદનું સચોટ નિરસન કરતી એક કથા જૈન ગ્રંથોમાં આવે છે. (રેફ. - શ્રી આત્મસિદ્ધિ વિવેચન, ગાથા - ૬૯, પૂ.શ્રી રાકેશભાઈ), જેને અહીં બહું ટૂંકમાં મૂકીએ છીએ.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી આર્ય શ્રી અશ્વમિત્ર નામના નિહ્નવ (માર્ગથી ભ્રષ્ટ થયેલ સાધુ) થયા, જેમનામાં ક્ષણિકવાદની મિથ્યામાન્યતા પેસી જવાથી તેમને તેમના થોડા શિષ્યો સાથે ગચ્છ બહાર કાઢવામાં આવ્યા. તેઓ સર્વે વિહાર કરતા એક દિવસ રાજગૃહી નગરી આવ્યા. ત્યાં ખંડરક્ષક નામનો સિપાહીઓનો ઉપરી હતો, જે ભગવાન મહાવીરમાં અખૂટ શ્રદ્ધા ધરાવતો શ્રાવક હતો. તેમણે શ્રી અશ્વમિત્રની ક્ષણિકવાદની મિથ્યા માન્યતાને સવળી કરવા એક યુક્તિ રચી. સિપાઈઓ ખંડરક્ષકના કહેવાથી બધા સાધુઓને પકડીને લઈ આવ્યા. ખંડરક્ષકે તેમને કહ્યું, ''તમે સાધુ નથી, ચોર છો.'' અશ્વમિત્રે કહ્યું, ''ના, અમે દીક્ષા લીધેલા સાધુ છીએ.'' ખંડરક્ષકે બરાબર મોકો જોઈને કહ્યું, ''દીક્ષાની વાત તો જૂની થઈ ગઈ. પ્રત્યેક પદાર્થ પ્રત્યેક સમયે સર્વથા નાથ પામે છે. દીક્ષા લેનાર તો ક્યારના નાશ પામ્યા, અત્યારે તો સાધુના વેશમાં તમે ચોર છો! માટે તમને સજા મળશે.'' અશ્વમિત્રને પોતાની ભૂલ સમજાઈ અને કબૂલ કર્યું કે ''**પૂર્વપર્યાયનો** નાશ થયો પણ **દ્રવ્યદષ્ટિએ** અમે એ જ સાધુઓ છીએ, ચોર નથી.'' બધાએ આચાર્ય ગુરુમહારાજ પાસે જઈ ક્ષમા માગી પ્રાયશ્ચિત્ત લીધું અને તેમને ફરી ગચ્છમાં દાખલ કરવામાં આવ્યા. આ દૃષ્ટાંતથી સમજાય છે કે આત્માને એકાંત અનિત્ય માનવામાં બૌદ્ધમતનો ક્ષણિકવાદ ભૂલ કરી રહ્યો છે.

હવે આગળ આનંદઘનજી બીજી એક મિથ્યા માન્યતાનો ઉલ્લેખ કરી તેનું નિરસન કરે છે :

**ભૂત ચતુષ્ક વર્જિત આતમતત્ત, સત્તા અળગી ન ઘટે,**
**અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શકટે ?**

**- મુનિસુવ્રત ૦૬**

**શબ્દાર્થ :** (નાસ્તિકવાદીઓ એમ માને છે કે) ચાર ભૂતથી બનેલા આત્મતત્ત્વ સિવાય બીજી કોઈ જુદી આત્મસત્તા ઘટતી નથી, પરંતુ અંધ માણસ ગાડાને નજરે ન જોઈ શકે તેમાં ગાડું શું કરે ? (આ દૃષ્ટાંતનો અર્થ નીચે ભાવાર્થમાં આપ્યો છે.) (ભૂત ચતુષ્ક = પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ-આ ચાર પદાર્થો; વર્જિત = તેના સિવાય, તેના વિના; સત્તા = અસ્તિત્વ, હોવાપણું; અળગી = જુદી; ન ઘટે = સંભવે નહિ, શકટ = ગાડું)

**ભાવાર્થ :** અહીં 'ભૂત'નો અર્થ છે પદાર્થ. આ

ચાર્વાક દર્શનની માન્યતા છે કે ચાર ભૂતો-પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના વિશિષ્ટ સંયોગથી ચૈતન્યયુક્ત શરીર બને છે, જે હલન-ચલન આદિ ક્રિયા યંત્રની જેમ કરે છે અને તે ભૂતોનું વિઘટન થવાથી મૃત્યુ થાય છે. તેથી આ ચાર ભૂતોથી ભિન્ન કોઈ અળગું આત્માનું અસ્તિત્વ સંભવતું નથી. ચાર્વાક દર્શન પ્રત્યક્ષ પ્રમાણને જ માને છે. હાલતું-ચાલતું શરીર પ્રત્યક્ષ આ ચાર પદાર્થનું બનેલું વૈજ્ઞાનિકો પણ માને છે. તેથી તે ચારના સંયોગથી આત્મા ઉત્પન્ન થાય છે અને તેના વિયોગથી આત્મા નાશ પામે છે. ચાર્વાક મતની આ માન્યતા શ્રીમદ્જી 'શ્રી આત્મસિદ્ધિ' ગાથા-૬૦માં શિષ્યની શંકારૂપે રજૂ કરે છે કે,

*"બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ;*
*દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ."*

પરંતુ આવા નાસ્તિકવાદથી કંઈ આત્માના અસ્તિત્વનો અભાવ સિદ્ધ નથી થતો એમ આનંદઘનજી અંધ-શકટના દૃષ્ટાંત દ્વારા સમજાવે છે. અંધ માણસને કોઈ ગાડું નજરે ન આવે કે તે ગાડા સાથે અથડાય તો તેમાં ગાડાનો શું વાંક ? ગાડાને જોવાની દૃષ્ટિ તેને નથી, તેથી તે એમ કહે કે ગાડા જેવું કંઈ હોતું જ નથી તો તેથી કંઈ ગાડાનો અભાવ થઈ જતો નથી. એ જ રીતે આ ચાર્વાક મતથી અજ્ઞાનરૂપી અંધ થયેલા જીવો આત્માના વાસ્તવિક સ્વરૂપને દૃષ્ટિમાં લાવી શકતા નથી અને માત્ર પ્રત્યક્ષ દેખાય તેને જ માનીને આત્મા જેવું કંઈ નથી, એમ કહે તેથી કંઈ આત્માનો અભાવ સિદ્ધ થતો નથી, તેમનો આ મત કઈ રીતે ભૂલભરેલો છે તે બે-ત્રણ ન્યાયયુક્ત તર્કથી જોઈએ.

પ્રથમ તો આ ચારેય ભૂત - પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ - જડસ્વરૂપ છે. તેમાં ચૈતન્યતાનો કે જ્ઞાનનો અંશ માત્ર નથી, તે દરેકને સમજાય તેવું છે. તે ચારેયના લક્ષણ સ્પર્શ, રસ, ગંધ, વર્ણરૂપ જડના જ લક્ષણો છે, જ્યારે આત્માનું લક્ષણ તેનાથી તદ્દન ભિન્ન જ્ઞાન સ્વરૂપ છે. તો બે તદ્દન ભિન્ન લક્ષણવાળા પદાર્થ એકબીજાને ઉત્પન્ન થવામાં કે નાશ થવામાં ઉપાદાન કારણ કઈ રીતે બની શકે ?

તેથી શ્રીમદ્ આ માન્યતાનું નિરસન કરતાં શ્રી આત્મસિદ્ધિ ગાથા-૬૫માં કહે છે :

*"જડથી ચેતન ઉપજે, ચેતનથી જડ થાય;*
*એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય."*

બીજું, આ ચારેયમાંથી એકપણ ભૂત જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય નથી તો તેના સંયોગથી જ્ઞાનસ્વરૂપ ચૈતન્યની ઉત્પત્તિ તદ્દન અસંભવ છે.

ત્રીજું, મૃત શરીરમાં પણ આ ચારેય પદાર્થ તો હોય છે, તેમ છતાં તેમાં કંઈ હલન-ચલન આદિ ચૈતન્યતા કેમ નથી ? તે જ સૂચવે છે કે પહેલાંની જીવિત અવસ્થામાં દેહથી ભિન્ન એક જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસત્તા વિદ્યમાન હતી. આમ, અનેક રીતે આત્મા કંઈ ચાર ભૂતોથી બનેલો નથી પણ તેનું જ્ઞાનમય સ્વતંત્ર અસ્તિત્વ છે એમ સિદ્ધ થાય છે.

આમ, વિભિન્ન એકાંતવાદી પક્ષોની વિચારણા કરી આત્મતત્ત્વને સ્યાદ્વાદશૈલીથી યથાર્થપણે પ્રરૂપણ કરતા શ્રી મુનિસુવ્રત સ્વામીનું શરણ સ્વીકારતા આનંદઘનજી પ્રભુને કહે છે -

**એમ અનેકવાદી મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે,**
**ચિત્ત સમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત કોઈ ન કહે.**

**- મુનિસુવ્રત ૦૭**

**શબ્દાર્થ :** આમ, અનેક પ્રકારના વાદીઓના મતથી હું વિભ્રમરૂપી સંકટમાં પડ્યો છું, જેથી ચિત્તસમાધિ પ્રાપ્ત નહીં થાય. તેની પ્રાપ્તિ માટે હે પ્રભુ ! હું આપને પૂછું છું, કારણ કે તમારા વિના તત્ત્વ કોઈ નહીં કહી શકે. (વિભ્રમ = ભ્રાંતિ; ન લહે = પ્રાપ્ત ન થાય; તત્ત = તત્ત્વ)

**ભાવાર્થ :** આનંદઘનજી કહે છે કે આ રીતે

આત્મતત્ત્વ વિશેના અનેક પ્રકારના મતોનો વિચાર કરતાં હું વિભ્રમરૂપી સંકટમાં પડ્યો છું. આવી વિભ્રમ અવસ્થામાં ચિત્તની સમાધિ પ્રાપ્ત ન થાય. આનંદઘનજીને જોકે વીતરાગદર્શન ઉપર દઢ શ્રદ્ધા હોવાથી પોતાને જે કંઈ તત્ત્વજ્ઞાન છે તેના આધારે દરેક મતનું નિરસન કરતી દલીલો રજૂ કરી છે, પરંતુ તે દરેક મતના વાદીઓ પોતાની માન્યતાઓની તરફેણમાં પણ કેટલીકવાર એટલી સચોટ દલીલો મૂકતા હોય છે કે જીવમાં જો વિશિષ્ટ પ્રજ્ઞા ખીલેલી ન હોય, વિવેક જાગૃત ન હોય તો, તો છદ્મસ્થ અવસ્થામાં હજુ પણ મૂંઝવણ ઊભી થવાનો અને શ્રદ્ધા ડગમગી જવાનો ભય રહે છે. 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં શિષ્ય પણ આવી મૂંઝવણ વ્યક્ત કરતાં કહે છે :

*"અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;*
*તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક."*

અનેક દર્શનોના મતવાદીઓના એકાંતિક મતથી ઉત્પન્ન થતી વિભ્રમદશાના સંકટથી બચવા આનંદઘનજી તુરત શ્રી મુનિસુવ્રત ભગવાનનું શરણ લઈ પોતાનું જે મૂળ લક્ષ છે - ચિત્તની સમાધિ તે માટે પ્રભુને જ પૂછીને સમાધાન માગે છે, કારણ કે પ્રભુ વિના તત્ત્વને યથાતથ્ય કહેવાને બીજું કોઈ સમર્થ નથી. સંશય, વિભ્રમ અને વિમોહ રહિત સમ્યક્જ્ઞાન સહિત તત્ત્વનિર્ણય થાય તો જ સમાધિદશા આવે અને તે સમ્યક્જ્ઞાન માટે તીર્થંકર પ્રભુ સિવાય મારે બીજું કોઈ શરણ નથી એવી આનંદઘનજીને દઢ શ્રદ્ધા બે કારણથી છે : (૧) એક તો તીર્થંકર સર્વજ્ઞ, વીતરાગી અને હિતોપદેશક હોવાથી, સંપૂર્ણપણે રાગ-દ્વેષથી રહિત હોવાથી, તેમને અસત્ય પ્રરૂપણા કરવાનું કંઈ પ્રયોજન ન હોવાથી પરમ આપ્ત છે, પરમ વિશ્વસનીય છે. સર્વજ્ઞતામાં જીવ-અજીવ તત્ત્વ જેવા જોયા તેવા નિઃસ્વાર્થપણે કરુણાવશ જગત સમક્ષ મૂક્યાં. (૨) બીજું, જીવ આદિ દરેક પદાર્થ અનેક ધર્માત્મક છે. તેથી તેનું પ્રમાણ સ્વરૂપ તેને અનેક દૃષ્ટિકોણથી જાણવાથી જ સમજાય. તે માટે તીર્થંકર ભગવંતોએ સ્વાદ્વાદશૈલીથી એટલે કે સ્યાત્ અર્થાત્ કથંચિત અર્થાત્ અપેક્ષા મૂકીને વસ્તુના વિરોધી લાગતા ધર્મોનો વિરોધાભાસ નયવિવક્ષાથી મટાડ્યો. જેમકે, આત્મા શુભ-અશુભ આદિ પલટાતા ભાવોની અપેક્ષા અર્થાત્ પર્યાયાર્થિક નયથી અનિત્ય છે અને દ્રવ્યપણે કાયમ રહે છે એમ દ્રવ્યાર્થિકનયથી નિત્ય છે. આમ, આત્મતત્ત્વને નયવિવક્ષાથી જાણવાનું અને પ્રમાણથી અનુભવવાનું પાથેય એક માત્ર વીતરાગ પ્રભુ સિવાય બીજે ક્યાંય મળે એમ નથી એવી અતૂટ શ્રદ્ધા હોવાથી આનંદઘનજી પોતાની ચિત્ત સમાધિનો ઉપાય પ્રભુને પૂછે છે. પ્રભુ પણ પોતાના આવા પરમ ભક્તના સર્વ સંશયો દૂર કરવા શું પ્રત્યુત્તર આપે છે તે આવતા અંકમાં જોઈશું.

**(ક્રમશઃ)**

## હે કૃપાળુ રાજ !

**રચયિતા : બા.બ્ર.અલકાબેન**

જ્ઞાનમૂર્તિ રાયચંદ ભક્તવત્સલ નાથ,
જ્યારે તમારી મૂર્તિ જોવું અંતરંગથી નાથ.
આનંદઘન આત્માનો દર્શ થાય રાજ (૨)
**હે કૃપાળુરાજ, હે કૃપાળુ રાજ, હે કૃપાળુ રાજ.**

વીતરાગ ભાવમાં પ્રશસ્ત મૂર્તિ રાજ,
આંખ છે ખુલી છતાં આત્મ જોવે રાજ,
ચિત્તવૃત્તિ ચૈતન્યમાં સ્થિર જોવું રાજ.
**જ્યારે તમારી... (૧)**

પ્રશાંત શાંત રસ પ્રસરતી સૌમ્યમૂર્તિ રાજ,
અનાત્મ આત્મ ભેદ કરી પ્રજ્ઞામૂર્તિ રાજ,
પ્રત્યક્ષ મોક્ષમાર્ગની સુબોધમૂર્તિ રાજ,
**જ્યારે તમારી... (૨)**

સદ્‌ગુરુદેવ કૃપાદૃષ્ટિ થઈ રાજ,
જ્ઞાનમૂર્તિ ઓળખવાની દૃષ્ટિ મળી રાજ,
હૃદય જોવું સંતનું ગુરુનો છે પ્રતાપ.
**જ્યારે તમારી... (૩)**

# શ્રી ભક્તામર સ્તોત્ર

**(ક્રમાંક - ૫)**

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## ભક્તામર સ્તોત્રનો મહિમા (ગાથા ૭-૮)

● **મૂળ શ્લોક : ગાથા - ૭** (વસંતતિલકા)

**त्वत्संस्तवेन भवसंततिसन्निबद्धं,**

**पापं क्षणात् क्षणमुपैति शरीरभाजाम् ।**

**आक्रान्तलोकमलिनीलमशेषमाशु,**


**सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ।।७।।**

● **શબ્દાર્થ :** त्वत् - તારું (તમારું), संस्तवेन - સારા સ્તવન વડે (સારી સ્તુતિ કરવાથી), भवसंतति - ભવની પરંપરા, सन्निबद्धं - બંધાયેલા, पापम् - પાપને, क्षणात् - ક્ષણમાત્રમાં, क्षयमुपैति - નાશ પામે છે, शरीरभाजाम् - શરીરધારીઓના(જીવોના), आक्रान्त - ફેલાયેલ, लोकम् - લોકમાં, अलि - ભમરા (જેવા), नीलम् - નીલ(કાળા), अशेषम् - સર્વ, आशु - શીઘ્ર, सूर्यांशु - સૂર્યના અંશ (કિરણો) વડે, भिन्नम् - ભેદાયેલ, इव - જેમ, शार्वरम् - રાત્રિ જેવા, अन्धकारम् - અંધકારને.

● **સમશ્લોકી અનુવાદ - ૭** (મંદાક્રાંતા) :

જન્મોનાં જે બહુ બહુ કર્યા પાપ તે દૂર થાય,
ભક્તો કેરી પ્રભુગુણમહીં ચિત્તવૃત્તિ ગૂંથાય;
વીંટાયું જે તિમિર સઘળું રાત્રિએ વિશ્વમાંય,
નાસે છે રે ! સૂરજ ઉગતાં સત્વરે તે સદાય. (૭)

● **ભાવાર્થ :** હે પ્રભો ! ભ્રમર જેવું કાળું રાત્રિનું ઘોર અંધારું સૂર્યના કિરણોથી સંપૂર્ણપણે નાશ પામે છે, તેમ અનેક જન્મમાં ઉપાર્જન કરેલાં પ્રાણીઓ (જીવો)ના પાપકર્મ તમારી સુંદર સ્તવના (સ્તુતિ) કરવાથી તત્કાલ સંપૂર્ણ નાશ પામે છે.



● **વિશેષાર્થ / પરમાર્થ :**આપણો આત્મા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ (પાંચ આસ્રવો)ના કારણે કર્મબંધન કરતો જ રહે છે. તેના ફળ સ્વરૂપે તે સંસારમાં પરિભ્રમણ (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવના પંચ પરાવર્તન) કરે છે અને જુદી જુદી (૮૪ લાખ) યોનિઓમાં ઉત્પન્ન થઈને જન્મ-જરા-રોગ-શોક-મરણાદિનો અનુભવ કરે છે. એટલે કર્મબંધનથી મુક્ત કેમ થવું ? એ સાધકો/જીવો સમક્ષ એક મોટી સમસ્યા છે. પૂર્વાચાર્યો અને મહર્ષિઓએ તે માટે કેટલાક ઉપાયો દર્શાવ્યા છે, પણ સ્તોત્રકાર સૂરિજી અત્રે કહે છે કે મનુષ્ય બીજું કાંઈ પણ ન કરતા શ્રી જિનેશ્વરદેવની સાચા હૃદયથી ભક્તિ કરવા લાગે અને તેમના ગુણોની અનન્ય ભાવે સ્તુતિ કરે (પોતાના શુદ્ધાત્માના લક્ષે) તો પ્રશસ્ત શુભ ભાવોની

પરંપરા જાગે છે અને પરિણામે બધા કર્મોનો ક્ષણમાત્રમાં ક્ષય થઈ જાય છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે જે કર્મો અનેક ભવમાં બંધાયા હોય, તેનો ક્ષણમાત્રમાં ક્ષય કેવી રીતે થાય ? તો શ્રી માનતુંગાચાર્ય કહે છે કે રાત્રિનો અંધકાર કાળો-ઘનિષ્ઠ-લાંબા સમયનો - ચોમેર વ્યાપેલ હોય છે, પણ પૂર્વાકાશમાં સૂર્યનાં કિરણો ફૂટતાં જ તેનો નાશ થાય છે. તાત્પર્ય કે પ્રકાશ થતાં સમસ્ત અંધકાર તરત જ નાશ પામે છે, તેમ માનવહૃદયમાં શ્રી જિનેશ્વરદેવના ગુણોનો પ્રકાશ થતાં તેમાં રહેલા સઘળાં પાપકર્મોનો તરત જ નાશ થાય છે, ભલે તે પાપો ગમે તેટલાં ભવોના, અનંત કાળના અને ગાઢા હોય. તેથી જ ભક્તાત્માઓ નિરંતર એવું ઇચ્છે છે કે,

**अनंतानंत संसारसंततिच्छेदकारणम् ।**

**जिनराजपदाम्भोज - स्मरणं शरणं मम ॥**

"શ્રી જિનરાજના ચરણકમલોનું સ્મરણ અનંતાનંત સંસારની પરંપરાનો નાશ કરનારું છે, તે મને શરણરૂપ થાઓ."

અનાદિકાળથી જીવ પાપ-પુણ્યનો બંધ-ભોગવટો કરતો કરતો મનુષ્ય-દેવ-નરક-તિર્યંચ ગતિમાં ભમ્યા કરે છે અને અનેક પાપકર્મોનો જથ્થો ભેગો કરે છે, પણ જ્યારે પ્રભુના દિવ્ય ગુણોનું સ્મરણ અને પ્રભુની ભાવથી સ્તુતિ કરે છે ત્યારે સર્વ પાપ નાશ પામે છે અને ચિત્તવૃત્તિ-મન પ્રભુના ગુણોમાં પરોવાઈને પ્રભુના ગુણો ગ્રહણ કરે છે. આમ, પ્રભુની સ્તુતિ કરવામાં જીવ દુષ્કૃત નિષેધ અને સુકૃત ગ્રહણનો બેવડો લાભ પામે છે. પોતાના આ વિધાનને આચાર્યજી સૂર્ય અને રાત્રિના ઉદાહરણથી સમર્થન કરે છે. આખી રાતનો અંધકાર પ્રભાતે સૂર્યોદયથી એક સાથે ક્ષણમાત્રમાં નાશ પામે છે. અહીં આચાર્યશ્રી સમજાવે છે કે પ્રભુ એ સૂર્ય સમાન સ્વપર પ્રકાશક છે અને જગતના જીવોએ સંગ્રહિત કરેલા પાપો એ અજ્ઞાનરૂપી અંધકાર છે. ગર્ભિતાર્થ એ છે કે પાપના ઉદયરૂપી અંધકારથી છવાયેલ રાત્રિ જેવા મારા જીવનમાં પ્રભુ સ્મરણ (સ્તુતિ)રૂપી સૂર્યના ઉદયથી આ પાપકર્મો દૂર થાય છે.

અધ્યાત્મ અપેક્ષાએ પાપ અને પુણ્યની જાતિ એક જ છે અને તે જ સંસારના પરિભ્રમણના મૂળમાં છે. એક લોઢાની બેડી છે, બીજી સોનાની બેડી છે. આચાર્ય કહે છે કે સૂર્ય ઉગતા જ રાત્રિના અંધકાર (પાપ)નો નાશ થવા સાથે જ ચંદ્ર અને તારાના પ્રકાશ (પુણ્ય)નો પણ 'નાશ' (ખરેખર તો અતિગૌણપણે અદશ્યરૂપે પાર્શ્વભૂ રહે છે) થાય છે તેમ પ્રભુની ભાવપૂર્વકની સ્તુતિથી પાપ અને પુણ્ય બંને વિલીન થઈ જાય છે.

પાપ-અજ્ઞાનરૂપ અંધકારમાં દોરડામાં સાપની અને થાંભલામાં (કે ઝાડના ઠુંઠામાં) માણસની ભ્રાંતિ થાય તેમ અજ્ઞાન અને મિથ્યાત્વરૂપ પાપના નિબીડ અંધારામાં જીવને સત્યનું દર્શન કે સાચી શ્રદ્ધા થતાં નથી, પરંતુ જ્યાં શ્રદ્ધા ભક્તિપૂર્વક પ્રભુનું સ્મરણ(સ્તુતિ) કરવામાં આવે ત્યાં પાપરૂપ અંધકારનો નાશ થઈ જાય છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ આ જ વાત આત્મસિદ્ધિમાં કહી છે :

**"કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગૃત થતાં શમાય;**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય."(૧૧૪)**

પ્રભુ સ્મરણ/સ્તુતિરૂપ સૂર્યના ઉદયથી અજ્ઞાન-પાપ અંધકારનો નાશ થશે અને લૌકિક તાળા/બેડીનાં બંધન સાથે લોકોત્તર આઠકર્મના બંધન પણ તૂટી જશે તેમ આચાર્યભગવંતની અંતરંગ શ્રદ્ધા વર્તે છે.

નિઃસ્વાર્થ ભાવે અને નિર્મળતાથી પ્રભુભક્તિ કરવાથી ભક્તજનના ભવોભવના અનંતાનંત શુભાશુભ કર્મો ક્ષણમાત્રમાં નાશ પામીને કાળક્રમે ભક્ત પોતે ભગવાન બની જાય છે. એવું આ સ્તુતિ-સ્તોત્રનું અનુપમ માહાત્મ્ય બતાવ્યું છે. પૂ. રાકેશભાઈ પ.કૃ.દેવના પત્રાંક - ૨૦૧ના વચનામૃત "ભક્તિ... સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે..." ટાંકીને માનતુંગાચાર્યના ભાવ

(ત્વત્સંત્વેન... પાપમ્ ક્ષણાત્ ક્ષણમુપૈતિ)ની પૂર્તિ/પુષ્ટિ કરે છે.

આ જ ભાવ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યાય-૨૯, બોલ - ૧૪માં "થય થુઈ મંગલ"થી જીવને શું લાભ થાય તેવા ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં વીર પ્રભુએ કહ્યા છે. શ્રી આચારાંગ સૂત્ર અધ્યાય - ૨, ઉદ્દેશો-૨, સૂત્ર-૫૯માં પણ "ખણંસિ મુક્કે" અર્થાત્ (જે સંયમમાં ખેદ કે પસ્તાવો નથી કરતો તે જીવ) ક્ષણમાત્રમાં મુક્ત થાય છે તેમ સૂત્રકારે કહેલ છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યાય - ૩૦, ગાથા-૬માં પણ કહ્યું છે કે કરોડો ભવના પૂર્વ સંચિતકર્મોને સંયમી તપથી ખપાવી નાખે છે. અત્રે તપથી ક્ષણમાત્રમાં કર્મ ખપી જવાનું કહ્યું તેથી કશો વિરોધ નથી કારણ કે એકાગ્ર ચિત્તે શુદ્ધ ભાવથી કરેલ પ્રાર્થના/સ્તુતિ પણ બારે તપમાં સર્વોત્કૃષ્ટ ધ્યાન તપ જ છે.

ભક્ત કહે છે કે હે પ્રભો ! આપ સર્વજ્ઞ, તો આપની સમ્યક્ સ્તુતિ કરનારને અજ્ઞાન કેમ રહે ? આપ મુક્ત, તો આપની ઉપાસના કરનારને ભવબંધન કેમ રહે ? આપ તો ત્રિલોકપ્રકાશી તેજસ્વી કેવળજ્ઞાનરૂપી સૂર્ય છો અને આપની યથાર્થ સ્તુતિથી અમારી જ્ઞાનચેતના પણ સમ્યક્ત્વ તેજથી એવી ચમકી ઊઠી છે કે ઘોર મિથ્યાત્વ-અંધકારને ક્ષણમાત્રમાં તેણે નષ્ટ કર્યો છે. પ્રભો ! જ્યાં આપના કેવળજ્ઞાનને અમારા હૃદયમાં લઈએ છીએ ત્યાં રાગ વગરનો અમારો જ્ઞાયક સ્વભાવ લક્ષમાં આવે છે. તેના લક્ષે અમારું પરિણમન મોક્ષ તરફ થાય છે ને ભવબંધન તૂટી જાય છે. અરે, ભગવાન જેના હૃદયમાં બિરાજે છે એને ભવનો ભય કે પાપનું બંધન કે અજ્ઞાનનો અંધકાર કેવો ? ન જ હોય. આ જ જિનભક્તિનો (ભક્તામર સ્તોત્રનો) પરમાર્થ મહિમા અને ફળ છે.

હે ભવ્ય ! તું ભવથી ડરતો હોય તો જિતભવ જિનવરોની ભક્તિ કર. શ્રી ભગવતી આરાધના (ગાથા ૭૫૧ - ૭૫૨)માં કહે છે કે "એકલી જિનભક્તિ જ દુર્ગતિનું નિવારણ કરવા, પુણ્યોને પુરવા અને સિદ્ધિ પર્યંત સુખોની પરંપરા આપવા સમર્થ છે." તેથી જેના અંતરમાં ઓળખાણપૂર્વકની દઢ જિનભક્તિ છે તેને સંસારમાં ભય નથી. ભરત ચક્રવર્તી અને રામચંદ્રજી જેવા મહાત્માઓ પણ જિનભક્તિ કરતા, તેનું અદ્ભુત વર્ણન પુરાણોમાં છે. હે દેવ ! આપના ગુણોમાં અમારું ચિત્ત લાગતા જ તે પાપ વગરનું વિશુદ્ધ થઈ જાય છે. તેથી "મારું શું થશે ? હું કર્મોથી ક્યારે છૂટીશ?" એવી શંકાઓ આપના ભક્તને કદી થતી નથી. અહીં ભક્તિમાં રાગની વાત નથી પણ સર્વજ્ઞ સ્વભાવની દૃષ્ટિપૂર્વકની આ ભક્તિ છે. "નથી મોહ તે મારો કંઈ, હું એક જ્ઞાયક ભાવ છું." આવા લક્ષ વડે ભક્ત ધર્માત્મા સમસ્ત કર્મોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે.

આ સ્તુતિકાર માનતુંગાચાર્ય તો મુનિરાજ છે, પણ સમ્યક્દષ્ટિ-ગૃહસ્થને તેમ જ સમ્યગ્દર્શન પહેલા પણ સુપાત્ર જીવને પરમાત્મા પ્રત્યે ભક્તિનો આવો ભાવ આવ્યા વિના રહેતો નથી. જો પ્રભુ પ્રત્યે ભક્તિભાવ ન જાગે અને પંચ વિષયો પ્રતિ પ્રેમ વધી જાય તો તે જીવને ભગવાન અપાત્ર અને સ્વચ્છંદી કહે છે.

આ ભક્તિમાં ભક્તામર સ્તોત્રના એકલા શબ્દો બોલી જાય કે સરસ રાગ-રાગણીથી ગાય તેની વાત નથી. જેમની આ સ્તુતિ છે એવા સર્વજ્ઞ ભગવાનને ઓળખીને જેણે ભક્તિ કરી છે તેણે સંસાર અને મોક્ષનું ભેદજ્ઞાન સંવેદ્યુ, તે મોક્ષનો સાચો સાધક થયો અને ભવથી છૂટ્યો.

પ્રભુસ્મરણ/સ્તુતિના આવા અદ્ભુત મહિમાથી પ્રભાવિત થઈને આચાર્યશ્રીએ આ સ્તોત્રની રચનાનો આરંભ કર્યો છે, અને સુચવે છે કે જે કોઈ ભાવિક ભવિ જીવ આ રીતે આત્મલક્ષે અને શુદ્ધભાવથી સ્મરણ/સ્તુતિ કરશે તેના સર્વ પાપોનો નાશ થશે જ. આ શ્લોકની રચના દ્વારા અન્ય જીવોને મોક્ષમાર્ગ પ્રતિ વાળવાની સુંદર ભાવના છે. આ વિષેનું સ્પષ્ટીકરણ હવે પછીના શ્લોકમાં જોવા મળે છે.

**● મૂળ શ્લોક : ગાથા - ૮** (વસંતતિલકા)

**मत्वेति नाथ ! तव संस्तवनं मयेद -**

**मारभ्यते तनुधियापि तव प्रभावात् ।**

**चेतो हरिष्यति सतां नलीनीदलेषु,**

**मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥ ८ ॥**


**● શબ્દાર્થ :** मत्वेति - એમ માનીને (૭મી ગાથામાં કહ્યું તેમ), नाथ - (હે) નાથ (ઋષભદેવ ભગવાન), तव - તારું (તમારું), संस्तवनं - સારું ગુણકીર્તન (સ્તોત્ર), मयेद - આ મારા વડે, आरभ्यते - આરંભાય છે, तनुधियापि - (હું માનતુંગસૂરિ) મંદ બુદ્ધિવાળો હોવા છતાં, तव प्रभावात् - તમારા પ્રભાવ વડે, चेतो हरिष्यति - ચિત્તને હરશે, सतां - સત્પુરુષોનાં (સજ્જનોનાં), नलिनीदलेषु - કમલિની(કમળ)ના પાંદડા પર, मुक्ताफलद्युतिम् - મોતીની કાંતિને, ननु - ખરેખર (!), उदबिन्दुः - પાણીનું ટીપું,उपैति - પામે છે.

**● સમશ્લોકી અનુવાદ** (મંદાક્રાંતા) :

એવું માની સ્તવન કરવાનો થયો આજ ભાવ,
તેમાં માનું મનમહીં ખરે આપનો છે પ્રભાવ;
મોતી જેવું કમળપરનું વારિબિંદુ જ જે છે,
એવી સ્તુતિ મનહર અહા ! સજ્જનોને ગમે છે.(૮)

**● ભાવાર્થ :** હે નાથ ! (અનેક જન્મોમાં ઉપાર્જન કરેલાં પ્રાણીઓનાં પાપ તમારી સુંદર સ્તવના કરવાથી તત્કાળ સંપૂર્ણ નાશ પામે છે) એમ માનીને તમારું આ સ્તોત્ર મારા જેવા મંદબુદ્ધિવાળા વડે આરંભાય છે, પણ તમારા પ્રભાવથી તે સત્પુરુષોના ચિત્તનું હરણ કરશે; કારણ કે પાણીનું ટીપું કમલિની પત્ર પર પડતાં તે મોતીની કાંતિ અવશ્ય ધારણ કરે છે (તેમ આ સ્તવન સર્વ પાપોનો નાશ કરનાર બનશે)

**● વિશેષાર્થ / પરમાર્થ :** માનતુંગસૂરિજી કહે છે કે હે નાથ ! મેં તમારા સ્તવનનો મહિમા જાણ્યો (અનુભવ્યો) છે અને તેનાથી પ્રભાવિત થઈને



જ હું મંદબુદ્ધિવાળો હોવા છતાં આ સ્તોત્રનો આરંભ કરી રહ્યો છું, પરંતુ મને એવો વિશ્વાસ છે કે આ સ્તોત્ર સત્પુરુષો (સજ્જનો)ના ચિત્તનું હરણ કરશે.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે સામાન્ય બુદ્ધિવાળાએ (જુઓ આચાર્યની લઘુતા !) રચેલું આ સ્તોત્ર સત્પુરુષોના ચિત્તનું હરણ શી રીતે કરી શકે ? તો તેઓશ્રી કહે છે કે પાણીનું એક સામાન્ય ટીપું કમલિની (કમળ)ના પત્ર (પાંદડા) પર પડે છે, તો સાચા મોતી જેવી શોભા ધારણ કરે છે કે નહિ ? તાત્પર્ય કે કમળ - પત્રના પ્રભાવથી જેમ પાણીનું સામાન્ય ટીપું અનેરી શોભા ધારણ કરે છે તેમ હે નાથ ! મારી આ સામાન્ય (જુઓ આચાર્યની નમ્રતા !) સ્તોત્ર રચના પણ તમારા પ્રભાવથી સત્પુરુષોના ચિત્તનું હરણ કરશે.

કવિમાનસમાં એક પછી એક અદ્‌ભુત, તાદૃશ્ય, વાસ્તવિક કલ્પના ઉઠતી જ રહે છે અને તે કેવી ભવ્ય તથા ઉદાત્ત હોય છે, તેનો પરિચય અહીં રજૂ થતી એક પછી એક ઉપમાઓ પરથી મળી રહે

છે. વળી, તેમાં ભાષાની મધુરતા, છંદનું લાલિત્ય અને ભાવની પ્રચુરતા પણ છે.

આગળના ૭મા શ્લોકમાં વર્ણવ્યો છે એવો પ્રભાવ સમજવાથી આચાર્યજીને અનન્ય ભક્તિ કરવાનો ઉત્તમ ભાવ પ્રગટ્યો છે અને તેમાં વિશેષ બળવાન નિમિત્ત જો કોઈ હોય તો તે 'આદિનાથ પ્રભુ' જ છે, એમ તેમને લાગે છે. પ્રભુના આવા પ્રભાવ નીચે, પ્રભુની જ પ્રેરણાથી રચાયેલી આ સ્તુતિ સર્વ સજ્જનોને અવશ્ય આનંદ અને પ્રસન્નતાનું નિમિત્ત થશે. કારણ કે જે કંઈ પ્રભુના પ્રભાવથી લેપાયેલું હોય તે સુંદર-નિર્દોષ-પવિત્ર જ હોય. તેથી જ આચાર્યશ્રીને શ્રદ્ધા છે કે પોતે ભલે ગમે તેવી અલ્પમતિવાળા છે, છતાં પણ તેમણે રચવા ધારેલી આ સ્તુતિ પ્રભુના પ્રતાપથી અલંકૃત થયેલી છે તેથી તે રચના સુંદર જ બનશે.

આચાર્યશ્રી પ્રભુના આ પ્રભાવને ઉદાહરણથી સમજાવે છે. કમળની પવિત્રતા અને શુદ્ધતાના પ્રભાવથી પાણીનું ટીપું પણ મોતી જેવી સુંદરતા પામે છે, તે જ રીતે પ્રભુ પણ પવિત્ર-શુદ્ધ-પૂર્ણ હોવાથી આ સ્તુતિ (ભક્તામર સ્તોત્ર) ઉત્તમ પુરુષોને આકર્ષીને તેમના મનરંજન કરશે. આચાર્યશ્રી કહે છે કે "ભાવ મારો, પ્રભાવ પ્રભુનો." ક્રિકેટની લોકપ્રિય ભાષામાં કહીએ તો પાણીના બિંદુને મોતીની ઉપમા આપીને માનતુંગાચાર્યે ગુગલી (કે સ્પીન) બોલીંગ કરેલ છે ! અથવા પૂ. શ્રી આત્માનંદજીના શબ્દોમાં કહીએ તો તેમણે સીક્સર (છગ્ગો) મારેલ છે !

અહીં માનતુંગાચાર્ય પોતાની આંતરિક દશાનું રહસ્ય ખુલ્લું કરે છે કે પોતે પોતાને અલ્પશક્તિવાન માને છે, છતાં શ્રદ્ધે છે કે પોતે સ્તવવા ધારેલા પ્રભુનો પ્રભાવ જ એવો છે કે સામાન્ય મૂલ્યની ચીજ પણ અમૂલ્ય બની જાય છે. આ આચાર્યશ્રીની નિર્માની અવસ્થા છે. આ સ્તોત્રમાં જે કંઈ સારું-ઉત્તમ-પ્રભાવક છે તે સર્વનો યશ તેઓ પ્રભુને આપે છે અને આપણને એક સાચા ભક્તની ઝાંખી કરાવી જાય છે. તેમને યશ કે કીર્તિની લેશ પણ પરવા નથી. તેઓ તો પ્રભુના(અને તેમના ગુણોના) યશોગાનમાં મસ્ત અને લીન બન્યા છે.

આ શ્લોકથી ભક્તામર સ્તોત્રનો ખરેખર આરંભ થાય છે. પૂર્વોક્ત ૭ શ્લોકમાં ભક્ત ભગવાન સામે પોતાની રજૂઆત કરે છે કે હે પ્રભો ! તમે દેવોના પૂજ્ય, જ્ઞાનનો પ્રકાશ કરનાર, પાપરૂપ અંધકારનો નાશ કરનાર, ગુણોના સાગર, ભવસમુદ્રમાં ડૂબતા જીવોને પરમ અવલંબન, દેવેન્દ્રો દ્વારા સ્તુતિ કરાયેલ તથા ત્રિજગત ચિત્તહારક છો. જ્યારે હું મંદબુદ્ધિ, લજ્જારહિત, અલ્પજ્ઞ, બાળક જેવો હોવા છતાં આપના ગુણોથી આકર્ષિત બની તમારી (અને તમારા ગુણોની) સ્તુતિ કરવા તત્પર બનેલ છું. એટલે કે હવે આપના પ્રભાવથી આપની સ્તવનાનો પ્રારંભ કરું છું.

સ્તોત્રનું મંગલાચરણ અને તેનું મહત્ત્વ, પ્રભુની મહાનતા અને પોતાની લઘુતા, પ્રભુભક્તિની શક્તિ અને તેનું અનુપમ ફળ-મોક્ષ, પહેલી ૭ ગાથાઓમાં કહીને ખરેખરા સ્તવનની 'આરભ્યતે' કહીને આ ગાથાથી શરૂઆત કરે છે. આ સ્તોત્રમાં પ્રથમ ૭ ગાથાઓ પૂર્વભૂમિકારૂપે રહેલી છે તેમ 'ઈતિમત્વા' કહીને જણાવ્યું.

અત્રે "મારી આ સામાન્ય સ્તુતિ પણ આપના સંબંધ/નિમિત્તથી પ્રભાવિત થયેલી છે તેથી સત્પુરુષોના ચિત્તને પ્રફુલ્લિત કરશે" એમ કહીને પ્રભુનું (અને આ ભક્તામર સ્તોત્રનું) માહાત્મ્ય બતાવ્યું છે. આચાર્યશ્રીની આ ભવિષ્યવાણી ખરેખર સાચી નીવડી છે. આ સ્તોત્ર રચાયાને ૧૭૦૦ વર્ષથી પણ વધુ સમય વહી જવા છતાં પણ દિવસે દિવસે તેનો પ્રભાવ વધતો જ જાય છે અને અનેક ભવિજન ભક્તોના હૃદયના હાર સમું આ સ્તોત્ર બની ગયું છે.

હે દેવ ! આપની સ્તુતિના અપાર મહિમાથી આ સ્તોત્રના વાચક શબ્દો પાછળ વાચ્ય એવા આપના અચિંત્ય ગુણોનો પ્રભાવ હોવાથી તે સજ્જનોના કંઠમાં

**(અનુસંધાન પાના નં. ૧૨ પર...)**

# સમ્યગ્દર્શન (આત્મદર્શન)

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

## પાંચ લબ્ધિઓનું સ્વરૂપ

**(૧) ક્ષયોપશમ લબ્ધિ :** સામાન્ય રૂપથી સમજવાની અને સમજાવવાની શક્તિ પ્રાપ્ત થવી તેને ક્ષયોપશમ લબ્ધિ કહે છે. આ શક્તિ તો એક ઈન્દ્રિયથી પંચેન્દ્રિય અસંજ્ઞીને છોડીને ન્યૂનાધિકરૂપથી બધામાં જોવા મળે છે, પરંતુ અજ્ઞાની સાંસારિક દૃષ્ટિવાળા જીવ તેનો ઉપયોગ સાંસારિક વિષયોને સમજવા તથા સમજાવવા માટે કરે છે; તેથી અહીં આ લબ્ધિનું નામ માત્ર ક્ષયોપશમ શક્તિ છે, પરંતુ મહાત્મા પુરુષોના તથા શાસ્ત્રોના ધર્મ સંબંધિત ઉપદેશને સમજવા તથા સમજાવવાની શક્તિની પ્રાપ્તિને આપણે અહીં ક્ષયોપશમ લબ્ધિ જાણવી જોઈએ.

આ લબ્ધિનો ઉપયોગ સાધક બે રીતે કરે છે : એક તો ઉપદેશ તથા શાસ્ત્રોના અર્થ આદિને પોતાના કલ્યાણ હેતુ સમજવા માટે અને બીજો અભિમાનવશ બીજાને સમજાવવા માટે કરે છે; જેમાં તે અહંકાર, માન-પૂજા આદિને વશ થઈને તેનો ઉપયોગ માત્ર બીજાને સમજાવવા માટે કરે છે. આવા સાધકના પોતાના જીવનમાં ઉપદેશાદિની કોઈ અસર થતી નથી અર્થાત્ તેનું અંતરંગ હૃદય પરિવર્તન નથી થતું, જેથી તે આ લબ્ધિનો દુરુપયોગ કરે છે. તેવા સાધકને પોતાને તો કોઈ પારમાર્થિક ફળ મળતું નથી તથા અન્ય શ્રોતાઓ જે તેમનો ઉપદેશ સાંભળે છે તેમના હૃદય ઉપર પણ તેનો યથાર્થ પ્રભાવ પડતો નથી.

"તેની વાતનો સામેવાળી વ્યક્તિ પર પ્રભાવ ત્યારે પડે છે કે જ્યારે તે વક્તાના હૃદયમાંથી નીકળે તથા તે તેના આચરણમાં હોય."

પરંતુ જે સાધક આ લબ્ધિનો ઉપયોગ પોતાના કલ્યાણ માટે શાસ્ત્ર અધ્યયન, મનન, ચિંતન આદિમાં પોતાને સમજવાના હેતુથી કરે તો તે સાધક આગળની વિશુદ્ધિ લબ્ધિને પાત્ર બની જાય છે.

**(૨) વિશુદ્ધિ લબ્ધિ :** ક્ષયોપશમ લબ્ધિથી પ્રાપ્ત શક્તિનો ઉપયોગ સાધક જ્યારે પોતાના કલ્યાણ માટે સ્વલક્ષપૂર્વક કરવા લાગે છે ત્યારે સાધક બુદ્ધિના ક્ષેત્રથી ઉપર ઉઠીને ભાવલોકમાં પ્રવેશ કરે છે. હવે તે પોતાના બધા કાર્ય શાસ્ત્રાધ્યયન, મનન, ચિંતન, શ્રવણ આદિ હૃદયથી કરવા લાગે છે. તેના હૃદયનું દ્વાર ખુલી જાય છે. આ અવસ્થામાં પણ તે બીજાને સમજાવવાનો પ્રયત્ન તો કરે છે પરંતુ પહેલાની જેમ અભિમાનવશ કે ગુરુપણાના અહંકારવશ બીજાને સમજાવવાનો પ્રયત્ન કરતો નથી, માત્ર નિઃસ્વાર્થભાવથી બીજા લોકો પણ ધર્મને જાણે એ હેતુથી એ કરે છે. આ દશામાં સાધકની પ્રવૃત્તિઓ નિઃસ્વાર્થ સેવા તથા લોકોપકારની તરફ વળે છે. બીજાની સેવા, સુશ્રૂષા તથા પરોપકારના કાર્ય જેમકે મંદિર બનાવવું, ધર્મશાળાઓ બનાવવી, ધાર્મિક શિક્ષણ માટે શિબિરોનું આયોજન કરવું, રોગીઓની સેવા સહાયતા કરવામાં સાધકને ઘણો આનંદ આવે છે. મૈત્રી, ગુણપ્રમોદ, કરુણા અને મધ્યસ્થતા આ ચાર ભાવનાઓનો પ્રાયોગિક વિકાસ સાધકના અંતઃકરણમાં થવા લાગે છે. પહેલા તેની દૃષ્ટિ બીજાના દોષો પર જતી હતી, પણ હવે સાધકની દૃષ્ટિ સ્વદોષ દર્શન તરફ જાય છે. પોતાના દોષોને જોઈને તેને કાઢવા માટે આત્મનિંદા, ગુરુ આદિ પાસે ગર્હા, પશ્ચાત્તાપ આદિ કરીને તેનું પ્રાયશ્ચિત્ત કરવા લાગે છે. હવે સાધક સ્વદુઃખસહિષ્ણુ બનતો જાય છે તથા પરદુઃખમાં અનુકંપા બુદ્ધિવાળો થઈ જાય છે. આ બધા આંતરિક પરિવર્તનોના કારણે સાધકનું અંતઃકરણ વિશુદ્ધ થવા લાગે છે. તેના ભાવોની વિશુદ્ધિ થવા લાગે છે. આ રીતે આગમભાષા અનુસાર પ્રતિક્ષણ પરિણામોની અસંખ્યાત ઘણી વિશુદ્ધિ થઈ

જાય છે તેને જ વિશુદ્ધિલબ્ધિ કહે છે.

આ દશામાં પડવાનું ભયસ્થાન એ છે કે સાધકને સેવા, પરોપકાર આદિ કરવામાં વિશેષ રુચિ થવાથી તે પ્રવૃત્તિઓને વધારતો જાય છે, જેનાથી સહજ લોકોમાં પ્રેમ, સહાનુભૂતિ તથા પ્રશંસાનું પાત્ર બનતો જાય છે. આ પ્રશંસા, સહાનુભૂતિને વશ થઈ સાધક પોતાની પૂરી શક્તિ તથા સમય સેવા અને પરોપકારમાં જ લગાડી દે છે. તે પોતાના સ્વકલ્યાણને ગૌણ કરી દે છે. તત્ત્વાભ્યાસ, વ્યક્તિગત આત્મચિંતન, મનન, નિદિધ્યાસન, સ્વાધ્યાય આદિમાં તેની રુચિ ઓછી થઈ જાય છે. તે જે કાર્ય કરી રહ્યો છે તેમાં જ કૃતકૃત્યતા માને છે. આગળની દશાને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતો નથી તથા ગુરુ, માર્ગદર્શક આદિની આવશ્યક્તા પણ તેને ઓછી લાગે છે, કારણ કે તે વિચારે છે કે હું જે સેવા, પરોપકાર આદિ કાર્ય કરી રહ્યો છું તેને બધા મહાપુરુષ માન્ય કરે છે. હું તો મહાપુરુષોના રસ્તા પર જ ચાલી રહ્યો છું. હવે જો હું તેમના દ્વારા નિર્દિષ્ટ બધા કાર્યો કરી રહ્યો છું તો મારે તેમના પ્રત્યક્ષ સમાગમ કે માર્ગદર્શનની શી જરૂર છે? એવું વિચારીને તે સાધક ગુરુચરણોમાં સર્વ સમર્પણ કરવાના ભાવથી વંચિત રહે છે કે જેઓ સાધનામાર્ગના આધારસ્તંભરૂપ છે. બીજાની સેવા-પરોપકારાદિ પ્રવૃત્તિઓ કરવામાં તેનો સૂક્ષ્મ કર્તાપણાના ભાવનો અહંકારભાવ પણ રહે છે. પવિત્ર તથા નિઃસ્વાર્થ ભાવથી સેવાદિ પ્રવૃત્તિઓ કરવાથી તેના પુણ્યની અતિશય વૃદ્ધિ થવા લાગે છે અને તેનાથી તેને પ્રત્યેક કાર્યમાં સફળતા મળવા લાગે છે, પરંતુ સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન ન હોવાના કારણે તે પુણ્યોદયથી મળેલી સફળતાનો કર્તા અંદરથી સ્વયં પોતાને જ માનવા લાગે છે. તેથી યથાર્થ તત્ત્વાર્થ શ્રદ્ધાનથી તે વંચિત રહે છે.

ઉપરોક્ત ભયસ્થાનોને જ્યારે કોઈ સાધક પોતાના પૂર્વ સંસ્કાર તથા પુરુષાર્થના બળથી પાર કરી લે છે ત્યારે તે ત્રીજી દેશના લબ્ધિને પાત્ર થાય છે.

(૩) **દેશના લબ્ધિ :** શાશ્વત શાંતિનો પિપાસુ જાગૃત સાધક ક્ષયોપશમ લબ્ધિ દ્વારા પોતાને પ્રતિબોધિત કરતો રહે છે, તથા વિશુદ્ધિ લબ્ધિ દ્વારા પોતાના ભાવોને વિશુદ્ધ કરતો રહે છે, જેના ફળસ્વરૂપે હવે તેને જીવનમાં વિશેષ સાત્ત્વિક આનંદની અનુભૂતિ થવા લાગે છે. હવે તે આ આનંદને હજુ વધારે વિશેષરૂપથી વધારવા ઇચ્છે છે પરંતુ બાહ્ય સેવા, પરોપકારાદિ પ્રવૃત્તિઓથી ઉત્પન્ન આનંદની એક મર્યાદા હોય છે અને સૌથી મોટી વાત તો એ છે કે તે પરાધીન છે, સ્વાધીન નથી. બીજું સેવા-પરોપકાર આદિ કાર્યો કરતા કરતા તેને સંસારના સ્વરૂપના ખાટા-મીઠા અનુભવ પણ થવા લાગે છે, જેનાથી હવે તેને સંસારથી વિશેષ વિરક્તિ થવા લાગે છે તથા શાશ્વત આનંદને પ્રાપ્ત કરવાનો તેનો નિર્ણય દૃઢ થઈ જાય છે. બીજું, તેનો અહંકાર પણ હવે પાતળો પડતો જાય છે કારણ કે ક્યારેક ક્યારેક તેના પૂર્ણ પ્રયત્નો કરવા છતાં પણ વિપરીત પરિણામ મળવા લાગે છે અને તેથી પણ સાધક મુક્તિની અભિલાષાવાળો થઈ જાય છે. હવે, સાધક અંતરંગ તરફ વધવા ઇચ્છે છે, પરંતુ અનાદિકાલીન વિપર્યાસબુદ્ધિના કારણે તેને અંદરનો માર્ગ મળતો નથી. એવામાં હવે, તેને એક અનુભવી માર્ગદર્શક ગુરુની અત્યંત આવશ્યક્તા લાગે છે, જેના ફળસ્વરૂપે તે યથાયોગ્ય ગુરુની શોધમાં લાગી જાય છે. પૂર્વની લબ્ધિઓના સદુપયોગથી પ્રાપ્ત પુણ્ય તો તેની પાસે હોય જ છે. તે પુણ્યના ફળ સ્વરૂપે તેને યથાર્થ જ્ઞાની ગુરુની ઉપલબ્ધિ થાય છે, જેમના દ્વારા સાધકને યથાર્થ તત્ત્વજ્ઞાનનો બોધ પ્રાપ્ત થાય છે. તે અપૂર્વ બોધથી અનાદિકાલીન પ્રાપ્ત અવિદ્યાનો નાશ કરીને આત્મદીપને પ્રજ્વલિત કરવાનું સામર્થ્ય તેનામાં પ્રગટે છે.

**"ગુરુ તથા ગુરુથી પ્રાપ્ત બોધની પ્રાપ્તિને દેશનાલબ્ધિ કહે છે."**

હવે સાધક કોઈપણ કિંમતે શાશ્વત શાંતિને પ્રાપ્ત કરવા ચાહે છે અને એટલા માટે ગુરુના ચરણોમાં સર્વાર્પણભાવથી સમર્પિત થઈ જાય છે. ગુરુ પણ સાધકની શુદ્ધ ભાવનાને ઓળખીને તેને હૃદયથી

અપનાવે છે. હવે ગુરુ-શિષ્ય બન્ને નિઃસ્વાર્થ પરમાર્થ પ્રેમની દોરીથી બંધાય છે. આવા શિષ્યની વ્યક્તિગત ઈચ્છાઓ કંઈ પણ રહેતી નથી. પોતાના ગુરુની ઈચ્છા જ હવે તેની ઈચ્છા બની જાય છે. પોતાના ગુરુની આજ્ઞાનું પાલન પ્રાણ આપીને પણ કરવા માટે તત્પર રહે છે. તેનું આખું જીવન ગુરુને કેન્દ્રિત થઈ જાય છે. ગુરુનો તે અનન્યદાસ થઈ જાય છે. આ દાસત્વબુદ્ધિ તેના અહંકારને વિલીન કરી દે છે. હવે તે સાચા અર્થમાં દેશનાને પાત્ર થઈ જાય છે. હવે ગુરુના વચન સીધા તેના હૃદયને સ્પર્શ કરીને તેને ઝંકૃત કરી દે છે. તેનું અંતરંગ જીવન સમૂળ (સંપૂર્ણપણે) બદલાવા લાગે છે. આ દશામાં શિષ્યને સંબોધન કરવા માટે ગુરુને બોલવાની પણ જરૂર પડતી નથી. બન્નેનું હૃદય જોડાયેલું હોવાના કારણે ભાવોની ભાષા સમજાવા લાગે છે. ક્યારેક ક્યારેક અલ્પમાત્રામાં વાચિક ઉપદેશ પણ આપે છે પરંતુ મુખ્યતઃ સાંકેતિકભાવ રૂપ ઉપદેશ જ હોય છે કે જે શ્રેષ્ઠ શ્રેણીનો હોય છે. ગુરુના હૃદયમાંથી નીકળતી શિષ્ય માટેની અવ્યક્ત શુભેચ્છાઓ, અંતઃપ્રેરણાઓ સાધકનું માર્ગદર્શન કરતી રહે છે તથા અલ્પ સમયમાં જ સાધક ઘણી ઊંચી આત્મદશાને પ્રાપ્ત કરવામાં સમર્થ થઈ જાય છે. ગુરુનું ચાલવું, બેસવું, ખાવું, મૌન રહેવું, વાત કરવી, શયન કરવું, પૂજા, સ્વાધ્યાય, ધ્યાનાદિ બધું કોઈ અલૌકિક તથા દિવ્યતાથી પરિપૂર્ણ હોય છે; જેને સાધક હવે ધીરે ધીરે ગ્રહણ કરવા લાગે છે. ઉપરોક્ત બધા કાર્ય સાધક માટે દિવ્ય ઉપદેશ બની જાય છે આ જ દેશના લબ્ધિ છે.

**(૪) પ્રાયોગ્યલબ્ધિ :** ''આગમભાષા અનુસાર આત્મા પર લાગેલા કર્મોની સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી સાગર પ્રમાણથી ઘટાડીને ૧ ક્રોડાક્રોડી સાગર પ્રમાણ માત્ર રહી જવા તેને પ્રાયોગ્યલબ્ધિ કહે છે.''

સાધકના ભાવોમાં અચાનક એવું ઘટિત થાય છે કે અત્યાર સુધી દેશના લબ્ધિ સુધી જે કર્મોની સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી હતી તે ક્ષણમાત્રમાં ઘટીને ૧ ક્રોડાક્રોડી સાગર પ્રમાણ રહી જાય છે. વિશુદ્ધિ લબ્ધિ તથા દેશના લબ્ધિ બન્નેમાં સાધકની દશાનું તુલનાત્મક અધ્યયન કરીશું તો ખબર પડશે કે બન્નેમાં સાધકની અંદર ઉત્પન્ન ગુણો તથા બાહ્ય સેવા, સ્વાધ્યાય, ભક્તિ આદિ પ્રવૃત્તિઓમાં તો કોઈ વિશેષ અંતર દેખાતું નથી. વિશુદ્ધિ લબ્ધિમાં પણ સાધક નિઃસ્વાર્થભાવથી ધાર્મિક તથા લૌકિક પ્રવૃત્તિઓ કરતો હતો તથા દેશના લબ્ધિમાં પણ લગભગ તેવું જ કરે છે તો પછી આટલું મોટું પરિવર્તનનું કારણ શું ? સૂક્ષ્મ વિચાર કરવાથી ખબર પડે છે કે વિશુદ્ધિ લબ્ધિમાં સાધક જે સેવા-પરોપકાર, પૂજા, સ્વાધ્યાય આદિ સત્સાધન કરતો હતો તથા હવે દેશના લબ્ધિમાં પણ તે એ જ સાધનો કરે છે તેમાં એક મૂળભૂત અંતર એ છે કે 'બૌદ્ધિક કર્તાપણાનો અભાવ' અને તેનું કારણ છે ગુરુ દ્વારા પ્રદત્ત તત્ત્વજ્ઞાનનો ઉપદેશ. જો કે આ અકર્તાપણાનો ભાવ હજુ તાત્વિક સ્વરૂપમાં પ્રગટ થયો નથી તો પણ ગુરુ દ્વારા ઉપદિષ્ટ તત્ત્વજ્ઞાનથી સાધક બુદ્ધિપૂર્વકની શ્રદ્ધાના બળે સ્વ-પરનો ભેદ કરવાનું શીખી જાય છે. કર્મસિદ્ધાંત અનુસાર શુભાશુભ ભાવોમાં અહં-મમત્ત્વ રૂપ કર્તાપણાની બુદ્ધિથી જ શુભાશુભ કર્મોની સ્થિતિ અનુભાગ વધારે-ઓછા થાય છે. જો શુભાશુભ ભાવોમાં કર્તાપણાની બુદ્ધિ વધારે થાય તો શુભકર્મોની સ્થિતિ અને અનુભાગ ઓછો તથા અશુભકર્મોની સ્થિતિ તથા અનુભાગ વધારે થશે અને જ્યારે શુભાશુભ ભાવોમાં કર્તાપણાની બુદ્ધિ ઓછી થઈ જાય છે ત્યારે શુભ કર્મોની સ્થિતિ તથા અનુભાગ વધારે તથા અશુભ કર્મોની સ્થિતિ અને અનુભાગ ઓછા બંધાય છે. આ સિદ્ધાંત અનુસાર શુભાશુભ ભાવોમાં અહં-મમત્વ બુદ્ધિ ઓછી કરીને શુદ્ધભાવોમાં જ જ્યારે આત્મબુદ્ધિ થાય છે ત્યારે આત્મામાં પાપકર્મોની સ્થિતિ અને અનુભાગ ઘટવા લાગે છે તથા પુણ્યકર્મોની સ્થિતિ અને અનુભાગ વધવા લાગે છે. હવે જો કે ઘાતીકર્મોની બધી પ્રકૃતિઓ પાપરૂપ છે અને તે મોહનીય કર્મ પણ ઘાતિકર્મ છે જેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી સાગર પ્રમાણ છે. ગુરુની દેશનાથી ઉત્પન્ન બૌદ્ધિક

**(અનુસંધાન પાના નં. ૩૧ પર...)**

# જીવત્વ શક્તિ - ૧

વલભજી હીરજી 'કેવલ'

ચૈતન્યમાત્ર ભાવપ્રાણને ધારણ કરવું તે જીવત્વશક્તિનું લક્ષણ છે. ચૈતન્યરૂપ ભાવપ્રાણ વડે જ આત્મદ્રવ્ય સદા ટકી રહ્યું છે. ચૈતન્યપ્રાણ વડે જીવનું જીવન છે. એટલે આવા ચૈતન્ય પ્રાણને ધારણ કરનારી જીવત્વશક્તિ છે. જીવમાં એવી જીવનશક્તિ છે કે પોતાના ચૈતન્યભાવને ધારણ કરીને તે સદા જીવે છે, એટલે બીજો કોઈ તેને જીવાડે તો તે જીવે એ વાત રહેતી નથી. જીવમાં પોતામાં ચૈતન્યભાવરૂપ જીવત્વશક્તિ ન હોય તો તે અજીવ થઈ જાય, પણ જીવ કદી અજીવ થતો નથી, કેમકે જીવત્વશક્તિ તેનામાં ત્રિકાળ છે. જીવત્વશક્તિ સર્વગુણોમાં વ્યાપેલી છે. દરેક શક્તિમાં તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. દરેક શક્તિમાં કારણ-કાર્યપણું સમાય છે. આમ, એકેક શક્તિ અનંત વૈભવથી ભરેલી છે, ને એવી અનંત શક્તિથી આત્મા ભરેલો છે. દશ પ્રાણથી જીવવારૂપ વ્યવહાર જીવત્વ તે ખરેખર આત્માનું જીવન નહીં.

આત્માના અનંત ધર્મોમાં જીવત્વ નામનો એક શાશ્વત ધર્મ છે એટલે ચૈતન્યપ્રાણથી આત્મદ્રવ્ય સદા ટકેલું છે. શાશ્વત છે. આ શુદ્ધ ચૈતન્યરૂપ ભાવપ્રાણ સિદ્ધમય છે, ને એ જ સાચા જીવનનું કારણ છે. આત્માની અનંત શક્તિઓમાં, જડ પ્રાણોને ધારણ કરે એવી તો કોઈ શક્તિ નથી. ભાવપ્રાણ એટલે શુદ્ધ જ્ઞાનાદિ, તેને ધારણ કરનાર આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ દેતા પર્યાયમાં જ્ઞાન-દર્શન-સુખ વગેરે પ્રગટે છે, તે જીવનું સાચું જીવન છે, તે તે જીવત્વ શક્તિનું ખરું કાર્ય છે. આવા જીવત્વથી જીવે તેને ખરો જીવ કહ્યો. આત્મામાં આ જીવત્વ વગેરે શક્તિ તો અનાદિની છે, પણ તેના ભાવ વગર તે પર્યાયમાં વ્યાપ્તી ન હતી. અજ્ઞાનીમાંય અનંત શક્તિઓ પરિણમે તો છે પણ તેને તેનું ભાન નથી. તેથી તેનું વિકારી પરિણમન થાય છે. ભાન કરતાં નિર્મળ પરિણમન થાય છે. એને 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' કહેવાય છે. શરીર-ઈન્દ્રિયો વગેરેથી જીવને ઓળખાવવો ને તો અસદ્ભૂત વ્યવહાર છે. જીવના સ્વરૂપમાં તેનો સદ્ભાવ નથી. એકેક શક્તિના વર્ણનમાં નિશ્ચય વ્યવહાર વગેરે નયો પણ આવી જાય છે. અનંત શક્તિરૂપ નિજભાવથી ભરેલો આત્મા તેની મહિમા જીવે કદી જાણી નથી. જો જાણે તો ઉપયોગ તેમાં વળ્યા વગર રહે નહિ. આત્મામાં અંતરદૃષ્ટિ કરીને સ્વસન્મુખ પરિણમતાં પર્યાયમાં તે શક્તિની ખીલવટ થાય છે.

જ્ઞાને પોતાના અંતરમાં ડોકિયું કરીને આત્માનું લક્ષ કર્યું ત્યાં આત્માનું - જ્ઞાનનું સમ્યક્ પરિણમન થયું તે જ્ઞાનભાવની સાથે પરમ આનંદ, સુખ, શ્રદ્ધા, પ્રભુતા વગેરે અનંત ભાવો પણ ભેગા જ પરિણમે છે. આવો અનેકાન્તસ્વરૂપ આત્મા છે. 'જ્ઞાનપરિણતિ'માં તે પ્રસિદ્ધ થયો છે. પોતાની જીવત્વશક્તિથી આત્મદ્રવ્ય ટકેલું છે. આ જીવત્વશક્તિ આત્માને કદી અજીવ થવા દેતી નથી. આત્માના અનંતગુણો પર્યાયમાં જીવત્વરૂપ થયા, સમ્યક્પણે પ્રગટ્યા. દેહ અને રાગાદિ ભાવોથી જુદો એવો આત્મસ્વભાવ જ્ઞાયકભાવમય છે. શરીરાદિ અજીવ છે. રાગાદિ આસ્રવ છે ને જ્ઞાયકભાવરૂપ આત્મા તે જીવ છે. એના જ્ઞાયકભાવમાં અનંતી શક્તિઓ સમાય છે. જે પુણ્ય-પાપ જેટલો જ આત્મા માને છે તેને ચૈતન્યના જીવનની ખબર નથી. આત્માની જીવત્વશક્તિને તે જાણતો નથી. પરમાર્થે ઈન્દ્રિય વગેરે જડપ્રાણવાળો જ આત્માને જે માની લે તેણે તો અજીવને જીવ માન્યા છે. જડથી ભિન્ન

ચૈતન્યપ્રાણવાળા આત્માને તે જાણતો નથી. આ જીવત્વશક્તિએ આત્માના બધા ગુણોને જીવરૂપ રાખ્યા છે. જડને અને રાગને પોતાનું કર્તવ્ય માનનારો જીવનું જીવન જીવતો નથી, પણ વિકારના કર્તૃત્વવડે તે જીવનના જીવનને હણી નાખે છે. ચૈતન્યના ભાવપ્રાણને હણે છે તે જ મોટી ભાવહિંસા છે.

આત્મામાં અનંત શક્તિનો વૈભવ. તેમાં એકેક શક્તિના છએ કારકો પોતામાં સમાય છે. જીવત્વશક્તિથી પોતે જ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન તથા અધિકરણરૂપ થઈને પોતાના ચૈતન્યપ્રાણરૂપ જીવત્વને ધારણ કરે છે. જ્ઞાન લક્ષણ વડે ભગવાને આવો આત્મા ઓળખાવ્યો છે.

ત્રિકાળ ચૈતન્યપ્રાણથી જીવનાર અનંતશક્તિસંપન્ન જ્ઞાયકભાવ તે જીવ. તેના આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટી તે સંવર-નિર્જરા ને મોક્ષ. અશુદ્ધભાવરૂપ જે આસ્રવ ને બંધ હતા તે ટળવા માંડ્યા. શરીર-ઇન્દ્રિયો વગેરે જડપ્રાણના સંયોગને પોતાથી ભિન્ન અજીવ જાણ્યા. આમ, જીવત્વ-શક્તિના નિર્ણયમાં નવતત્ત્વોનો નિર્ણય આવી જાય છે. આવી જીવત્વશક્તિવાળા શુદ્ધ જીવને જે જાણે તેને આસ્રવ-બંધ ટળે ને સંવર-નિર્જરા-મોક્ષરૂપ સાચું જીવન પ્રગટે. **(ક્રમશઃ)**

● ● ●

---

## સમ્યગ્દર્શન

**(પાના નં. ૨૯ પરથી ચાલુ...)**

અકર્તાપણાનો પ્રભાવ આ મોહનીય કર્મની સત્તા પર પડે છે તથા તેની સ્થિતિ ઘટીને એક કોડાકોડી સાગર પ્રમાણ સુધીની રહી જાય છે. બાકીના કર્મોની સ્થિતિ તથા અનુભાગ પણ મોહનીય કર્મના આધારે જ વધારે ઓછી થયા કરે છે. આ ઘટનાનું નામ પ્રાયોગ્ય લબ્ધિ છે. આ જ ગુરુના ઉપદેશની બલિહારી છે. જ્યારે ગુરુના ઉપદેશરૂપી બાણ યોગ્ય શિષ્યના હૃદયમાં વાગે છે ત્યારે તેના આત્મામાંથી મોહરૂપી શત્રુ એવી રીતે નાશી જાય છે કે જેવી રીતે સિંહની ત્રાડ સાંભળીને હાથીઓના ઝુંડ નાશી જાય છે. આ જ ગુરુના વચનોનો પ્રતાપ છે. જ્ઞાન તો શાસ્ત્રોમાંથી પણ મળી શકે છે, પરંતુ તેનો પ્રભાવ એટલો હોતો નથી જેટલો કે ગુરુના નિર્મળ ચૈતન્યમાંથી નીકળેલા વચનોનો હોય છે. એ તો રામબાણની જેમ નીકળે છે તથા અચૂક નિશાન ઉપર લાગીને શત્રુઓને મારીને જ દમ લે છે. આવા ગુરુઓને અમારા કોટિ કોટિ પ્રણામ હો !

**(૫) કરણલબ્ધિ :** ઉપરોક્ત ચાર લબ્ધિઓને પ્રાપ્ત સાધક આગળની દશામાં પ્રવેશ કરવા માટે પૂર્ણ રીતે યોગ્ય થઈ જાય છે. સમજદાર, નિરાભિમાની, ભક્તિવંત, સરળ, શુદ્ધ ચિત્ત, સ્વ-પર વિવેક દૃષ્ટિથી યુક્ત, શાંત, સંવેગ-વૈરાગ્યથી સંપન્ન સાધક હવે સર્વ બાહ્ય ક્રિયાઓથી નિવૃત્ત થઈ અંતર્મુખ થાય છે. બાહ્ય વિષયોમાં દોડતી પોતાની ચિત્તવૃત્તિને વિવેક-વૈરાગ્યના બળથી અંતરાભિમુખ કરે છે. પ્રારંભિક અવસ્થામાં પોતાના ઉપયોગને તત્વ વિચારમાં લગાડે છે. પછી ધીરે ધીરે બૌદ્ધિક તત્ત્વચિંતનથી મુક્ત થઈ જાય છે. હવે તેનું સહજ પૂર્વ પ્રયોગો પર આધારિત ચિંતન ચાલતુ રહે છે. સાધક આ ચિંતનને સહજ સાક્ષીભાવથી જોવે છે. એ અવસ્થામાં વધારે સમય ટકતા સાધક સર્વ વિકલ્પોથી રહિત થઈને પોતાના ચૈતન્ય સ્વરૂપમાં તન્મય થઈ જાય છે. આને જ કરણલબ્ધિની પ્રાપ્તિ થવી કહે છે. આને જ નિશ્ચય સમ્યક્ત્વ, તત્ત્વોપલબ્ધિ, આત્મોપલબ્ધિ, સ્વ-સંવેદન સ્વાનુભવ આદિ અનેક નામોથી જાણવામાં આવે છે.

કરણલબ્ધિનું સૂક્ષ્મ શાસ્ત્રીય કરણાનુગમ્ય વર્ણન આપણે અહીં વિસ્તાર ભયને લીધે કરતા નથી. વિશેષ જિજ્ઞાસુઓએ આગમ શાસ્ત્રોમાંથી જાણી લેવું. સંક્ષેપમાં આપણે સમ્યક્ત્વ પ્રાપ્તિના સોપાન સ્વરૂપ પાંચ લબ્ધિઓને જાણી. હવે આપણે સમ્યક્ત્વ પ્રાપ્તિની પ્રક્રિયા અથવા વિધિ વિશે જાણીશું. **(ક્રમશઃ)**

● ● ●

# ભગવાન મહાવીરના સ્વપ્નો : સ્વ-પર કલ્યાણનો સંકેત

**ગુણવંત બરવાળિયા**

ભગવાન મહાવીરે ગૃહવાસ તજી સંયમને માર્ગે પ્રયાણ કર્યું. સાધનાકાળ દરમ્યાન ભગવાન મહાવીરને મનુષ્ય, દેવ અને તિર્યંચકૃત ઉપસર્ગો સહેવા પડ્યાં. એમની અજબ તિતિક્ષાને કારણે એ ભયભૈરવને જીતવા શક્તિમાન થયા. મહાવીરે તેને તત્ત્વોપદેશ આપી અહિંસાના દિવ્ય માર્ગે ચડાવ્યો.

પ્રશ્ન થશે કે મૌનસાધક ભગવાને ઉપદેશ કઈ રીતે આપ્યો ? કથાકારે આ ઉપદેશ અપદેવ થયેલા સિદ્ધાર્થ દ્વારા અપાવ્યો છે.

શૂલપાણિ બોધ પામ્યો. અન્ય જીવોના ઘાતથી પોતાના આત્માનો જ ઘાત થાય છે. અંતે એ રહસ્ય તે સમજ્યો અને શાંત થઈ ગયો.

આ ઉપસર્ગ સામે ઝઝુમતા સહેવા પડેલા માનસિક અને શારીરિક શ્રમ અને ત્રાસને કારણે ભગવાનને મોડી રાતે અલ્પ નિદ્રા આવી ગઈ.

ઉપસર્ગમાંથી સાંગોપાંગ પાર ઉતરતા આત્મવિશ્વાસમાં વૃદ્ધિ કરનાર આ ઘટનાથી ભગવાનને નિદ્રામાં હવેથી ભવિષ્યમાં થનારી તેમની પ્રગતિના સૂચક દશ સ્વપ્નો આવ્યાં.

બીજે દિવસે સવારે, સાધક અવસ્થામાં રહેલ પ્રભુની શી દશા થઈ હશે તે જાણવા ભય, શંકા-કુશંકા સહ ગામલોકો યક્ષના મંદિરક્ષેત્રમાં આવ્યા. લોકા સાથે આવેલા ઉત્પલ નામના નિમિત્તશાસ્ત્રજ્ઞે ભગવાનને આવેલા તે સ્વપ્નોનો અર્થ કરી બતાવ્યો.

હે મહામાનવ ! પ્રથમ સ્વપ્નમાં તમે જે તાલપિશાચને હણ્યો તે મહામોહનીય કર્મક્ષયનું સૂચક છે. મોહરૂપ પિશાચ તમારે હાથ નષ્ટપ્રાય થશે.

બીજે સ્વપ્ને તમે શ્વેતરંગનો કોકિલ જોયો. હે દિવ્યપુરુષ ! આર્ત અને રૌદ્રધ્યાનથી આપ મુક્ત છો. ધર્મધ્યાનથી પારંગત થયેલા હે પરમ પુરુષાર્થી ! આપને શુક્લધ્યાન પ્રાપ્ત થનાર છે.

ત્રીજે સ્વપ્ને તમે જે રંગબેરંગી કોકિલ જોયો તે હે પ્રજ્ઞાવંત મહામનીષી ! આપના નિમિત્તે થનારી વિવિધ શાસ્ત્રરચનાઓનું અને અનેકાન્તદર્શનના પ્રતિપાદનનું સૂચન કરે છે.

પાંચમે સ્વપ્ને તમારી સેવામાં ઉપસ્થિત ગોપાલકવર્ગ જોયો, તે ચતુર્વિધ સંઘથી થનારી તમારી સેવાનું સૂચક છે. છટ્ઠે સ્વપ્ને તમે પદ્મ-કમળોથી ભરેલું જે સરોવર જોયું તે દેવોનો સમૂહ તમારી સેવા માટે ઉત્સુક થશે તે બીનાનું સૂચક છે. સાતમે સ્વપ્ને તમે જે સમુદ્ર તરી ગયા, તે આ ભવસાગરને તમે તરવાના છો તેનો સંકેત કરે છે. આઠમે સ્વપ્ને તમે જે સૂર્ય જોયો તે તમને ઉત્પન્ન થનાર દૈદીપ્યમાન કેવળજ્ઞાનનું સૂચક છે. નવમે સ્વપ્ને પોતાના આંતરડાથી વીંટળાયેલ મનુષ્ય લોકને જુદો પાડનાર મનુષ્યેત્તર (માનુષોત્તર) પર્વત તમે જોયો તે તમારા યશ, આભા અને પ્રતાપથી વ્યાપ્ત થનાર ત્રિલોકનો સંકેત કરે છે. દશમે સ્વપ્ને તમે મેરુ પર્વતના શિખર ઉપર આરુઢ થયેલા જોયા, તે ધર્મસિંહાસન પર બેસીને તમે ઉપદેશ આપવાના છો. ધર્મની ઉચ્ચત્તમ પ્રસ્થાપના કરવાના છો તેનું સૂચન કરે છે.

સ્વપ્નશાસ્ત્રીએ દસમાંથી નવ સ્વપ્નાનાં ફળ જણાવીને કહ્યું કે ચોથા સ્વપ્નામાં તમે જે બાળાઓ જોઈ તેનું ફળ હું જાણતો નથી.

ભગવાન મહાવીરે કહ્યું કે હું ગૃહસ્થનો તેમજ સાધુનો એટલે આગાર અને અણગારધર્મનો પ્રેરક બનીશ તેનું એ સ્વપ્ન સૂચક છે.

આ દસ સ્વપ્નોના સંકેત સ્વ-પર બન્નેનું કલ્યાણ ભગવાન મહાવીર દ્વારા થશે તેના સૂચક છે. પ્રભુના આત્માની વધતી વિશુદ્ધતાના પરિણામો, ઉચ્ચ પરાકાષ્ઠાના આત્મિક ફળ આપવા સમર્થ છે. વળી, સદ્ધર્મનું પ્રવર્તન કરવા માટે ચરમ તીર્થંકર પ્રભુની નિષ્કારણ કરુણાના ફળ સ્વરૂપ સંઘને શું ઉપલબ્ધ થશે તેનો સંકેત કરે છે. ■ ■ ■

# સમાધિમરણ

ભાનુબેન ડી. શાહ

માનવજીવન મૂલ્યવાન છે, છે ઈશ્વરનું અમૂલ્ય નજરાણું રે,
સમય માત્ર પ્રમાદ ન કરવો, ધર્મ ભક્તિમાં ગાળો હરેક ટાણું રે.(૧)

જીવન મળ્યું ત્યાં મૃત્યુ હાજર છે, અવશ્ય છતાં અનિશ્ચિત છે,
મૃત્યુનો ભય રાખ્યા વિણ જીવનને, સમાધિમય કરવું નિશ્ચિત છે.(૨)

બાંધેલાં કર્મોથી દુઃખી સંસારી, વ્યવહારમાં કર્મો બંધાય છે,
જાગૃત રહીને આત્માને સ્મરો, કર્મોનો ભાર કમ થાય રે. (૩)

મમતાને ત્યજો, સમતાને ભજો, સમાધિમય જીવન જીવાય છે,
જીવનની હર પળને સુધારે, મરણ સમય સુધરી જાય છે. (૪)

ચાર ગતિમાં સુખની અપેક્ષા ફળે નહીં, કરીએ તો નાદાની છે,
જીવન મળવું, વળી મરી જાવું, આ જ સંસારની કહાની છે. (૫)

નર, પશુપક્ષી દુઃખી દુઃખી છે, જોઈએ છીએ નજરની સામે રે,
જ્ઞાનીની વીણામાં ગુંજે, સ્વર્ગ નરકની પર્યાયો ક્રમે ક્રમે રે. (૬)

દુઃખી મનથી દેવ ને નારકી, સુખ મળે ના, કષ્ટ બહુ ભારે છે,
પંચમ ગતિમાં માત્ર સુખ છે, ધૈર્ય વીર્ય અનંત સુખ શાંતિ પ્યારે છે.(૭)

કર્મોનું વશ ચાલશે નહિ, જિન પ્રતિમાને ધરો ઉર માહીં રે,
કષાય, વિષય ફરકે નહીં મનમાં, સમદૃષ્ટિ ધરો દિલ માંહી રે.(૮)

દુર્ગંધિત છતાં વહાલું શરીર છે, એમાં શું રાચવું ને નાચવું રે,
તમે તમારું નિરીક્ષણ કરો, દેહનો મોહ તજીને આનંદવું રે. (૯)

જે આત્મધ્યાન સાધશે, પ્રભુ મળશે, નિજ શુદ્ધ આત્માની પાવનતા,
મિથ્યાત્વનું વિષ વમી નાખો, કરો પરિણામોની નિર્મળતા. (૧૦)

જ્ઞાની થયા છે થશે અનેકો, જેમને શુદ્ધાત્મ પદ મળ્યું છે,
હે પ્રભુ ! મને અવસર ક્યારે મળશે, આશા ઈંધણ બુઝાવ્યું છે.(૧૧)

સમય એકની વધઘટ ના થાયે, આયુષ્ય કર્મની નિશ્ચિત અવધિથી,
ચેતના ચાલી જાય તો શું કરશો, જીવન મૃત્યુ ચાલે છે અનાદિથી.(૧૨)

નિરંજન નિરાકાર આત્માની વાત સંભળાવો, વ્યર્થ વાતો ના કરો,
મૃત્યુ મારું સુધારો સદ્‌ભાવમાં, રડો નહીં મુજ પર રહેમ કરો.(૧૩)

રડવાનો અવાજ મારા કાને ન આવો, મુજ પર કરુણા કરો,
દૂર થાઓ મુજ દૃષ્ટિથી સૌ, મોહ માયાથી મને મુક્ત કરો. (૧૪)

અજર, અમર, અક્ષય છું હું, ચિદાનંદ આત્મા મરે નહીં કો'દિન;
સંસારી જીવો મૃત્યુથી ડરે છે, પરમ પદ પ્રાપ્ત કરી બનો જિન.(૧૫)

જીવનનો આ પ્રકાશિત દીપક, પળ પળ બુઝતો જાય છે રે;
માનવ-મન સ્વપ્નનગરીમાં રાચે, શરીર-ઝૂંપડી પડી જાય છે રે.(૧૬)

બચપણ હોય યા હોય જવાની, મૃત્યુ કોઈની શરમ ન રાખે રે,
આત્મા અન્ય દેહ ધારણ કરે, મૃત શરીર સ્મશાનમાં જાય રે. (૧૭)

સમ્યક્ જ્ઞાન વિના નહીં જાયે, રાગ-દ્વેષ દોષની આંધી રે,
આવરદા તારી તૂટશે ત્યારે, કોઈ ન દેશે એને સાંધી રે. (૧૮)

પંચ પરમેષ્ઠિનું ધ્યાન ધરો, નવકાર મંત્ર આવશે તમ વહારે રે,
ધર્મ ધ્યાનમાં સદા લાગ્યા રહો, શુદ્ધ જાપ લઈ જાશે મોક્ષ દ્વારે રે.(૧૯)

પરમ જ્યોતિ પરમેશ પરમાત્મા, પરમ શુદ્ધ શુચિપૂર્ણ મમ આતમા રે;
ચિદાનંદ, ચિદ્રુપ, સચ્ચિદાનંદ, શાશ્વત, ત્યાગી દો જે છે અનાત્મા રે.(૨૦)

## હે પ્રભુ !

હે પ્રભુ ! તું અનાથનો નાથ અને હું અનાથનો અનાથ !
હે પ્રભુ ! ચાર ગતિમાં અને ચોર્યાસીના ચક્કરમાં
ફસાયેલો, દીન, હીન અને પામર એવો હું અને અનંત
પુણ્યરાશિથી મળેલા શુભ દેહથી
સ્વ અને પરનું કલ્યાણ કરનાર એવો તું !
આમ છતાં પણ તારા જેવા બનવાના મને અરમાન !
હે પ્રભુ ! શું કરવું તે સમજાતું નથી. પોતે પોતાને જ
બોધ કરું છું.
"હે જીવ ! તું શીદને શોચના ધરે,
રાજને કરવું હોય તે કરે,
હે ચિત્ત ! તું શીદને શોચના કરે,
રાજને કરવું હોય તે કરે."

# પુસ્તક સમાલોચના

મિતેશભાઈ એ. શાહ

**(નોંધ : આ વિભાગ માટે પુસ્તક કે ગ્રંથની બે નકલ મોકલવા વિનંતી છે.)**

**[૧]** પુસ્તકનું નામ : **ગુરુ રામ, ઉત્તમ કામ**

લેખકઃ પૂ.રામ ઉત્તમકુમારજી મ.સા.● મૂલ્યઃ રામનામ ● પ્રથમ આવૃત્તિ, સં.૨૦૭૦ ● ૧૦૪ પાના

પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન : સંઘવી ધારશી રવાભાઈ સ્થા. જૈનસંઘ, ગ્રીનચોક, છાલીયાપરા, લીંબડી, (સૌરાષ્ટ્ર)- પી.નં.-૩૬૩૪૨૧. ફોન (૦૨૭૫૩) ૨૬૦૪૩૪

આ પુસ્તકમાં જીવનવિકાસ માટે જરૂરી જુદા જુદા વિષયોના સુવાક્યોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

**[૨]** પુસ્તકનું નામ : **રામ રથ, ઉત્તમ પથ**

લેખકઃ પૂ.રામ ઉત્તમકુમારજી મ.સા. ● મૂલ્યઃ રામનામ ● પ્રથમ આવૃત્તિ, સં.૨૦૬૮ ● ૧૬૦ પાના

પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન : ઉપર મુજબ

આ પુસ્તકમાં સુમેળ ત્યાં શાંતિ, ભાવનાનું બળ, વૃત્તિ-પ્રવૃત્તિ, ધ્યાન જેવા ૩૭ વિષયોની ટૂંકમાં સમજૂતિ આપવામાં આવી છે.

**[૩]** પુસ્તકનું નામ : **એક રામ**

લેખકઃ પૂ.રામ ઉત્તમકુમારજી મ.સા. ● મૂલ્યઃ રામનામ ● બીજી આવૃત્તિ, સં.૨૦૬૮ ● ૧૫૨ પાના

પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન : ઉપર મુજબ

આ પુસ્તકમાં શુદ્ધ પરિણતિ, જીવનકાળ, એકલો આત્મા, ગુરુમહિમા વગેરે ૬ જેટલા વિષયોનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.

**[૪]** પુસ્તકનું નામ : **રામ ભાતુ ઉત્તમ વાતુ**

લેખકઃ પૂ.રામ ઉત્તમકુમારજી મ.સા.

મૂલ્યઃ રામનામ

પ્રથમ આવૃત્તિ, સં.૨૦૬૮

૧૬૦ પાના


પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન : ઉપર મુજબ

આ પુસ્તકોમાં ચાર વિભાગો છે. અધ્યાત્મ, જનરલ, માતા અને હાસ્યવિભાગમાં જાણવા જેવી અનેક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## સહેલું - અઘરું

- છીતુભાઈ ગો. ભક્ત (વિદ્યાનગર)

- ● અહંકારી બનવું સહેલું - નમ્ર બનવું અઘરું.
- ● ઉડાઉ બનવું સહેલું - કરકસરિયા બનવું અઘરું.
- ● વ્યસન રાખવું સહેલું - વ્યસન છોડવું અઘરું.
- ● ટી.વી. ઑન સહેલું - ટી.વી. ઑફ અઘરું.
- ● અધીરાઈ રાખવી સહેલી - ધીરજ રાખવી અઘરી.
- ● વધુ જમવું સહેલું - ઓછું જમવું અઘરું.
- ● પૈસા કમાવા સહેલું - પૈસા ખર્ચવા અઘરું.
- ● બોલવું સહેલું - મૌન રાખવું અઘરું.
- ● મોટા દેખાવું સહેલું - નાના દેખાવું અઘરું.
- ● વાણીવિલાસ સહેલો - આચારમાં લાવવું અઘરું.



II Shri Param Krupalu Devay Namah II

# YUVA TIMES

Hame Jeena Sikha Diya

**Inspired by PUJYA ATMANANDJI**



## KEEP YOUR DREAM

I have a friend named Monty Roberts who owns a horse ranch in San Isidro. He has let me use his house to put on fund-raising events to raise money for youth at risk programs.

The last time I was there he introduced me by saying, “I want to tell you why I let Jack use my horse. It all goes back to a story about a young man who was the son of an itinerant horse trainer who would go from stable to stable, race track to race track, farm to farm and ranch to ranch, training horses. As a result, the boy’s high school career was continually interrupted. When he was a senior, he was asked to write a paper about what he wanted to be and do when he grew up.

“That night he wrote a seven-page paper describing his goal of someday owning a horse ranch. He wrote about his dream in great detail and he even drew a diagram of a 200-acre ranch, showing the location of all the buildings, the stables and the track. Then he drew a detailed floor plan for a 4,000-square-foot house that would sit on a 200-acre dream ranch.

“He put a great deal of his heart into the project and the next day he handed it in to his teacher. Two days later he received his paper back. On the front page was a large red F with a note that read, `See me after class.’

“The boy with the dream went to see the teacher after class and asked, `Why did I receive an F?’

“The teacher said, `This is an unrealistic dream for a young boy like you. You have no money. You come from an itinerant family. You have no resources. Owning a horse ranch requires a lot of money. You have to buy the land. You have to pay for the original breeding stock and later you’ll have to pay large stud fees. There’s no way you could ever do it.’ Then the teacher added, `If you will rewrite this paper with a more realistic goal, I will reconsider your grade.’

“The boy went home and thought about it long and hard. He asked his father what he should do. His father said, `Look, son, you have to make up your own mind on this. However, I think it is a very important decision for you.’ “Finally, after sitting with it for a week, the boy turned in the same paper, making no changes at all.

He stated, “You can keep the F and I’ll keep my dream.”

Monty then turned to the assembled group and said, “I tell you this story because you are sitting in my 4,000-square-foot house in the middle of my 200-acre horse ranch. I still have that school paper framed over the fireplace.” He added, “The best part of the story is that two summers ago that same schoolteacher brought 30 kids to camp out on my ranch for a week.” When the teacher was leaving, he said, “Look, Monty, I can tell you this now. When I was your teacher, I was something of a dream stealer. During those years I stole a lot of kids’ dreams. Fortunately you had enough gumption not to give up on yours.”

Moral: Don’t let anyone steal your dreams. Follow your heart, no matter what. No Dream is too big or too small when one works hard to live it. One should always try making dreams come true no matter what.

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થા આયોજિત ફેબ્રુઆરી માસની આધ્યાત્મિક શિબિર સાનંદ સંપન્ન

સંસ્થા દ્વારા તા. ૧૧-૨-૨૦૧૫ થી તા. ૧૪-૨-૨૦૧૫ દરમિયાન આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સારી સંખ્યામાં મુમુક્ષુ ભાઈ - બહેનોએ શિબિરમાં ભાગ લીધો હતો. મહાનુભાવોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્ય દ્વારા શિબિરનો મંગલ પ્રારંભ થયો. શિબિરનું સંચાલન પ્રતિભાસંપન્ન મુમુક્ષુવિશેષ આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

● **સ્વાધ્યાય :**

સૂરતથી ખાસ પધારેલા, સાધુ-સંતોને આગમોનો અભ્યાસ કરાવનાર તથા ૫૦ જેટલા પુસ્તકોના લેખક આદ. **પંડિતજી શ્રી ધીરજલાલ ડી. મહેતા**એ શ્રી તત્ત્વર્થાધિગમ સૂત્ર (શ્રી તત્ત્વાર્થ સૂત્ર) - અધ્યાય - ૮ (બંધ અધિકાર)ના આધારે સરળ છતાં સચોટ શૈલીમાં સ્વાધ્યાય આપતા જણાવ્યું કે આઠ પ્રકારની વર્ગણાઓ હોય છે : ૧. ઔદારિક, ૨. વૈક્રિયક, ૩. આહારક, ૪. તૈજસ, ૫. કાર્મણ, ૬. શ્વાસોચ્છ્‌વાસ, ૭. ભાષા, ૮. મનોવર્ગણા. પ્રથમની ચાર વર્ગણા બાદર અને બાકીની ચાર સૂક્ષ્મ છે. તેમાં ક્રમશઃ પુદ્‌ગલ પરમાણુઓનું પ્રમાણ વધતું જાય છે. કર્મો આત્મા સાથે એકક્ષેત્રાવગાહે બંધાય તેને બંધ કહે છે. કષાયરૂપી ગુંદરને કારણે કર્મો આત્મા સાથે ચોંટે છે. કર્મબંધનના ચાર કારણો છે : ૧. મિથ્યાત્વ (૫ ભેદ), ૨. અવિરતિ (૧૨ ભેદ), ૩. કષાય (૨૫ ભેદ), ૪. પ્રમાદ (૧૫ ભેદ) = કુલ ૫૭ ભેદ. **કર્મબંધની અવસ્થાઓ :** ૧. પ્રકૃતિબંધ (સ્વભાવ), ૨. સ્થિતિબંધ (કાળ), ૩. રસ (અનુભાગ), ૪. પ્રદેશ (કર્મનો જથ્થો), ૫. બંધ, ૬. સત્તા, ૭. ઉદય, ૮. ઉદીરણા, ૯. નિદ્ધત્ત, ૧૦. નિકાચિત.

કર્મો આત્માના ગુણોને ઢાંકે છે, નષ્ટ કરતા નથી. સૌથી વધુ ભયંકર કષાય તે લોભ છે. ગૃહસ્થ સર્વથા અહિંસાનું પાલન ન કરી શકે. કર્મની ૧૪૮ (આમ્નાય ભેદે ૧૫૮) પ્રકૃતિ છે. ૧. જ્ઞાનાવરણ (૫), ૨. દર્શનાવરણ (૯), ૩. મોહનીય (૨૮), ૪. અંતરાય (૫), ૫. નામકર્મ (૯૩ અથવા ૧૦૩), ૬. ગોત્ર (૦૨), ૭. આયુ (૦૪), ૮. વેદનીય (૦૨).

આત્માના ગુણોનો ઘાત કરે તે ઘાતીકર્મ. આયુકર્મ સિવાય સાતેય કર્મો જીવ સમયે સમયે બાંધે છે. તેરમા ગુણસ્થાનકે કષાય નથી એટલે યોગથી કર્મબંધ થાય, પણ કર્મો ચોંટે નહિ. આયુકર્મ એક ભવમાં એક વાર જ બંધાય.

**કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ :** (૧) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય - ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ, (૨) નામ, ગોત્રકર્મ - ૨ ક્રોડાક્રોડી સાગરોપમ, (૩) મોહનીય - ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ, (૪) આયુ - ૩૩ સાગરોપમ.

જીવ મોક્ષે જાય ત્યારે જ તેના તૈજસ અને કાર્મણ શરીર છૂટે. કર્મ બાંધ્યા પછી પણ તેમાં ફેરફાર થઈ શકે છે. એક કર્મની ઉત્તર પ્રકૃતિઓમાં સંક્રમણ થાય છે. મેરુ પર્વત જેવી સ્થિર અવસ્થા તેને શૈલેશીકરણ કહે છે. તે ચૌદમા ગુણસ્થાનકે હોય છે. કર્મો ભોગવવાથી તે કર્મોની તો નિર્જરા થાય છે, પણ તે સમયે કષાય કરવાથી નવા કર્મો બધાય છે. કર્મો ભોગવાઈ જાય પછી તેની કાર્મણવર્ગણા બની જાય છે.

**પૂજ્યશ્રી આત્માનંદજી**એ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે પરમકૃપાળુદેવે આપેલા ત્રણ મંત્રોનું સ્મરણ

કરવું. મનને નવરું ન રાખવું, છેવટે મંત્રજાપ પણ કરવો. જીવ જો મહાપુરુષોના પંથે ચાલે તો સ્વ-પર કલ્યાણ કરી શકે. આપણી મન - વચન - કાયાની ચેષ્ટા બીજાને પ્રેરક હોવી જોઈએ. મોક્ષમાર્ગ શૂરવીર અને ધીરપુરુષો માટે છે. મુમુક્ષુઓએ સદ્‌વિચારોની નોંધપોથી બનાવવી જોઈએ. કાયમ સત્પુરુષનો યોગ ન રહેતો હોય તો શાસ્ત્રોમાં કહેલી આજ્ઞા અનુસાર જીવન જીવવું. આ કાળે સાચા ગુરુ મળવા દુર્લભ છે, છતાં પ્રયત્ન કરે તો મળી શકે તેમ છે. સદ્‌ગુરુની આજ્ઞાનું પાલન દૈનિક જીવનમાં નિયમિતપણે કરવું જોઈએ. સત્પુરુષોના જીવનચરિત્રમાંથી આપણને ઘણી પ્રેરણા મળે છે.

### ● ચરિત્રચિંતન :

**આદ. બા.બ્ર.શ્રી સુરેશજી**એ વીસમી શતાબ્દીની મહાન વિભૂતિ, ચારિત્ર ચક્રવર્તી પૂજ્ય આચાર્ય શ્રી ૧૦૮ શાંતિસાગરજી મહારાજનું જીવનચરિત્ર રસપ્રદ શૈલીમાં રજૂ કર્યું હતું. તેઓશ્રીએ પૂજ્ય આચાર્યશ્રીના નિર્ભયતા, અલ્પનિદ્રા, તપસ્વી, ધ્યાનના ઊંડા અભ્યાસી, પરિષહજયી, પંચાચારના પાલક, વાત્સલ્યભાવ, પ્રભાવના, શ્રુતાભ્યાસી, દૂરંદેશીપણું, એકાંત મૌન સાધના, રસાસ્વાદત્યાગી જેવા અનેકવિધ સદ્‌ગુણોનું વિવિધ પ્રસંગો સહ પ્રેરણાદાયક જીવનચરિત્ર પ્રસ્તુત કરી મુમુક્ષુઓને સાધનાનું પાથેય પૂરું પાડ્યું હતું.

### ● ભક્તિસંગીત :

શિબિર દરમિયાન યુવા ભક્તસાધક ગ્રુપ, કોબા તથા મુમુક્ષુઓ દ્વારા હૃદયના તારને ઝંકૃત કરી દેતી ભાવવાહી ભક્તિ પીરસવામાં આવી હતી.

### ● પુસ્તક વિમોચન :

**[૧]** આપણી સંસ્થામાં પાંચેક વર્ષ રહીને સેવા-સાધના કરનારા તથા પૂજ્યશ્રી પ્રત્યે અત્યંત અહોભાવ ધરાવનારા મુમુક્ષુ બહેન **આદ. શ્રી દીપ્તિબેન શાહે (રાજકોટ)** ખૂબ પ્રેમપરિશ્રમ લઈને પૂજ્યશ્રી આત્માનંદજી લિખિત 'સાધકસાથી'ના ટૂંકસારરૂપે **'સદ્‌ગુણવિકાસક્રમ'** પુસ્તક તૈયાર કરેલ છે. તેનું વિમોચન તા. ૧૧-૨-૨૦૧૫ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. વ્યસ્ત જીવનમાંથી સમય કાઢી સુંદર પુસ્તક તૈયાર કરવા બદલ પૂજ્ય બહેનશ્રીએ આદ. શ્રી દીપ્તિબેનને ધન્યવાદ આપ્યા હતા અને તેમના ગુણોની અનુમોદના કરી હતી. શ્રી દીપ્તિબેને પુસ્તક તૈયાર કરવામાં સહયોગ આપનાર સૌનો આભાર માન્યો હતો અને પૂજ્યશ્રીના ઉપકારોને યાદ કરી, પૂજ્યશ્રીને પુસ્તક સમર્પિત કર્યું હતું.

આ પ્રસંગે આદ. શ્રી દિનેશભાઈ બાવીસી પરિવાર તરફથી કુટુંબદીઠ પુસ્તકની પ્રભાવના કરવામાં આવી હતી તથા સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

**[૨]** તા. ૧૪-૨-૧૫ના દિવસે સંસ્થામાં રહેતા સાધકોએ પાળવાના નિયમોને પ્રસ્તુત કરતી **'સાધક નિયમાવલી'**નું વિમોચન કરવામાં આવ્યું. આદ. શ્રી અશોકભાઈ પી. શાહે આ અંગે ટૂંકમાં સમજૂતી આપી હતી.

**[૩]** પરમકૃપાળુદેવ વિરચિત **'પુષ્પમાળા' અને 'બોધવચન (પત્રાંક-૫)'**નું શિકાગો (અમેરિકા) નિવાસી આદ.શ્રી મનુભાઈ દોશીએ અંગ્રેજીમાં અનુવાદ કરેલ છે. તા. ૧૨-૨-૨૦૧૫ના રોજ આપણી સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે આ પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું. આદ.શ્રી મનુભાઈ દોશીની અનુપસ્થિતિમાં આ પુસ્તિકા અંગેની માહિતી પુસ્તિકાના સંપાદક આદ.શ્રી મહેન્દ્રભાઈ ખંધારે આપી હતી. આ પ્રસંગે દરેકને પુસ્તિકાની પ્રભાવના કરવામાં આવી હતી. આ પુસ્તિકાના પ્રકાશનમાં આદ.શ્રી મનુભાઈ દોશીનો સંપૂર્ણ આર્થિક સહયોગ સાંપડેલ છે; જે બદલ તેઓશ્રીને અનેકશઃ ધન્યવાદ. આદ.શ્રી મનુભાઈ દોશીએ શ્રી તત્ત્વાર્થ સૂત્ર, શ્રી

આત્મસિદ્ધિશાસ્ત્રના પણ અંગ્રેજી અનુવાદ કરેલ છે.

**● પ્રકીર્ણ :**

શિબિર દરમિયાન સ્વ. ગુણવંતીબેનના સ્મરણાર્થે, આદ. શ્રી મનહરભાઈ જશવાણી પરિવાર તરફથી નોટ-પેનની, આદ. શ્રી જયંતભાઈ એમ. શાહ પરિવાર તરફથી પૂજ્યશ્રીની સી.ડી.(પૂજ્યશ્રીના સ્વાનુભવના સ્વમુખે ઉદ્‌ગારો)ની પ્રભાવના કરવામાં આવી હતી. આદ. શ્રી પુષ્પાબેન જયંતીભાઈ શાહ(લંડન) તથા આદ. શ્રી રીટાબેન મહેતા (કોબા) તરફથી 'સહજ સુખ સાધન' નામના ગ્રંથો તથા આદ. શ્રી હસ્મિતાબેન (રાજસ્થાન) તરફથી ૨૦ ઠવણી સંસ્થાને અર્પણ કરેલ છે, જેનો સંસ્થા સાભાર સ્વીકાર કરે છે. સંસ્થાના વિવિધ વિભાગોમાં ખૂબ પ્રેમપરિશ્રમ લઈ સુશોભન કરવામાં યશસ્વી ફાળો આપનાર આદ. શ્રી સંગીતાબેન પરિમલભાઈ મહેતાને પણ અનેકશઃ ધન્યવાદ ઘટે છે. શિબિર દરમિયાન સંસ્થાના પ્રકાશનો, ડી.વી.ડી., 'દિવ્યધ્વનિ' લવાજમ પર ૫૦ % ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું. સ્વામિવાત્સલ્યનો લાભ આપનાર દાનવીર મહાનુભાવો તથા શિબિરને સફળ બનાવવામાં સહયોગ આપનાર સેવાભાવી સાધકોને સંસ્થા અનેકશઃ ધન્યવાદ પાઠવે છે.

## નવનિર્મિત સંતકુટિરના મંગલ પ્રવેશ નિમિત્તે 'શ્રી શાંતિનાથ મંડલ વિધાન પૂજા' ઉલ્લાસભેર વાતાવરણમાં સંપન્ન

સંસ્થામાં નવનિર્મિત સંતકુટિરના મંગલ પ્રવેશ નિમિત્તે તા. ૧૩-૨-૨૦૧૫ના રોજ 'શ્રી શાંતિનાથ વિધાન પૂજા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે જિનાભિષેક બાદ નૂતન સંતકુટિરમાં મંગળ કળશની સ્થાપના કરવામાં આવી હતી. શ્રી શાંતિનાથ વિધાનમાં અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાગ લઈ પુણ્યાર્જન અને પવિત્રતાનો લાભ લીધો હતો.

જૈનાગમમાં શ્રી શાંતિનાથ વિધાનનો મહિમા ગાવામાં આવ્યો છે. કહેવાય છે કે શ્રી પૂજ્યપાદ સ્વામી (આચાર્ય દેવનંદી)ની જ્યોતિ ચાલી જતાં ગુરુઆજ્ઞાએ તેઓશ્રીએ સંસ્કૃતમાં 'શાંત્યાષ્ટક'(શાંતિભક્તિ)ની રચના કરી. શ્રી શાંતિનાથ ભગવાનનું ધ્યાન ધરતાં તેઓની નેત્રજ્યોતિ પાછી આવી ગઈ. શ્રી બ્રહ્મ શાંતિદાસે સંસ્કૃતમાં 'શ્રી શાંતિનાથ મંડલ વિધાન'ની રચના કરેલ છે. તેના આધારે અનેક વિદ્વાનો, પંડિતોએ પોતપોતાની ભાષામાં શ્રી શાંતિનાથ વિધાનની રચના કરેલ છે. વર્તમાન ચોવીસીના પ્રથમ ૧૫ તીર્થંકરોએ મોક્ષમાર્ગનું પ્રવર્તન કર્યું તે માર્ગ વચ્ચે વચ્ચે વિનષ્ટ થતો રહ્યો. શાંતિનાથ ભગવાને મોક્ષમાર્ગનું જે પ્રવર્તન કર્યું તે આજ સુધી અખંડરૂપે ચાલ્યો આવે છે. શ્રી શાંતિવિધાન કરવાથી સંસારના ઉત્તમ સુખોની પ્રાપ્તિ અને ક્રમે કરીને આત્મશુદ્ધિ દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આર્યિકા રાજશ્રી માતાજી તથા મુનિશ્રી ચંદ્રગુપ્તજી રચિત 'શાંતિનાથ વિધાન' સંસ્થામાં કરવામાં આવ્યું હતું. બ્રા. બ્ર. અલકાબેન. બા. બ્ર. સુરેશજી, બા. બ્ર. જનકબેન તથા આદ. શ્રી કપિલભાઈએ સુમધુર સ્વરમાં, ભાવવાહી ભક્તિસભર આ વિધાન પૂજા કરાવી હતી. આ વિધાનમાં ૧૨૦ જેટલા નાના અર્ધ્ય અને ૯ પૂર્ણ અર્ધ્ય છે. શ્રી નિત્યમહ પૂજા, શ્રી શાંતિભક્તિ, શ્રી શાંતિનાથ સ્તવન બાદ ભાવપૂર્વક શાંતિનાથ વિધાન પૂજા કરવામાં આવી.

પૂજ્યશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે મોક્ષનો માર્ગ લાંબો છે, કળિકાળ છે છતાં ત્રણ-ચાર ભવમાં સત્પુરુષાર્થ દ્વારા મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે. આ કાળે ભક્તિમાર્ગ મુખ્ય માર્ગ છે. આપણું હૃદય ભગવાનના ચરણોમાં સમર્પિત રાખવું. આ વિધાનપૂજાને સફળ બનાવવામાં સહયોગ આપનારા સૌ કોઈને અભિનંદન.

આ વિધાનને સફળ બનાવવામાં મુખ્ય યોગદાન આપનારા આદ. શ્રી નવીનભાઈ શાહ (મુંબઈ) તથા તેમના સહયોગીઓને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

નૂતન સંતકુટિરના નિર્માણમાં સહયોગ આપનારા ઉદ્યોગપતિ આદ. શ્રી જયેન્દ્રભાઈ ખારાવાલા તથા આર્કિટેક શ્રી કમલદાસ મંગલદાસના પાર્ટનર શ્રી કાર્તિકેયભાઈ તથા શ્રી દેવેશભાઈનું સંસ્થા દ્વારા શાલ ઓઢાડીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

## સંસ્થા આયોજિત 'સમ્યક્‌જ્ઞાન' વિષય આધારિત લેખિત કસોટીનું પરિણામ

મુમુક્ષુ ભાઈ-બહેનો શાસ્ત્રજ્ઞાનને પ્રાપ્ત કરી હૃદયસ્થ કરે અને ક્રમે કરીને તે જ્ઞાનનો જીવનમાં પ્રયોગ કરે તે હેતુથી સંસ્થામાં તા. ૧૦-૨-૨૦૧૫ના દિવસે 'સમ્યક્‌જ્ઞાન' વિષય આધારિત લેખિત કસોટી યોજાઈ ગઈ. ૫૦ જેટલા મુમુક્ષુ ભાઈ-બહેનોએ આ કસોટીમાં ભાગ લીધો હતો. પરીક્ષાનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં, પ્રશ્નપત્ર કાઢવામાં તથા તેની ચકાસણી માટે આદ. બા. બ્ર. શ્રી સુરેશજીએ ખૂબ પ્રેમપરિશ્રમ લીધો હતો, જે બદલ સંસ્થા તરફથી તેઓને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. કસોટીમાં મુમુક્ષુ ભાઈ-બહેનોએ સારા ગુણ પ્રાપ્ત કર્યા હતા. લેખિત કસોટીમાં ભાગ લેવા બદલ મુમુક્ષુ ભાઈ-બહેનોને અભિનંદન. ૧૦૦ ગુણમાંથી ૯૦ ગુણ ઉપરાંત પ્રાપ્ત કરનાર મુમુક્ષુ ભાઈ-બહેનોના નામ નીચે પ્રમાણે છે :

(૧) આદ. શ્રી કપિલભાઈ - ૧૦૦, (૨) આદ. શ્રી ભારતીબેન પી. મહેતા - ૯૯, (૩) આદ. શ્રી મહેન્દ્રભાઈ ખંધાર, બા.બ્ર.શ્રી અલકાબેન - ૯૮, (૪) ડૉ. રાગિણીબેન શાહ, આદ.શ્રી હસ્મિતાબેન - ૯૭.૫, (૫) બા.બ્ર. શ્રી છાયાબેન શેઠ - ૯૭, (૬) આદ. શ્રી જિતેન્દ્રભાઈ પાટીદાર - ૯૬, (૭) આદ. શ્રી અશોકભાઈ પી. શાહ - ૯૫.૫, (૮) બા.બ્ર. શ્રી સંધ્યાબેન - ૯૪.૫, (૯) બા.બ્ર.શ્રી જનકબેન - ૯૪, (૧૦) આદ. શ્રી વીણાબેન ખંધાર - ૯૩.૫, (૧૧) આદ. શ્રી તરલાબેન બાવીસી - ૯૨.૫, (૧૨) પૂજ્ય બહેનશ્રી - ૯૨

## આપણી સંસ્થામાં નિઃશુલ્ક રોગનિદાન સારવાર કેમ્પ સાનંદ-સંપન્ન

આપણી સંસ્થામાં પૂજ્યશ્રીના પાવન સાન્નિધ્યમાં વખતોવખત સમાજકલ્યાણની પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવે છે. તા. ૧૫-૨-૧૫ના રવિવારના દિવસે આપણી સંસ્થામાં નિઃશુલ્ક રોગનિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય દાતા આદ.શ્રી સ્વ. હેમેન્દ્રભાઈ બુલાખીદાસ શાહ (અમદાવાદ)ના સ્મરણાર્થે તેઓશ્રીના પરિવારજનો તરફથી આ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટી આદ. શ્રી પ્રકાશભાઈ એચ. શાહ તરફથી આ કેમ્પ માટે પાંચ લાખ રૂપિયાનો આર્થિક સહયોગ સાંપડ્યો હતો. પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે દીપ-પ્રાગટ્ય દ્વારા મેડિકલ કેમ્પનો પ્રારંભ થયો.

મેડિકલ કેમ્પ દરમ્યાન સંસ્થાના ગુરુકુળના વિદ્યાર્થીઓ (૫૩), જીવનસંધ્યા વૃદ્ધાશ્રમ, નારણપુરા, અમદાવાદના ૧૪૪ વડીલો, સંસ્થાના મુમુક્ષુઓ તથા કર્મચારીઓ (૮૯) અને અન્ય જરૂરતમંદ દર્દીઓ (૨૮૬) મળીને કુલ ૫૭૨ જેટલા દર્દીઓનું ટોટલ બોડી ચેક અપ (સંપૂર્ણ લોહીની તપાસ) કરીને તેઓને મેડિકલ ફાઈલ બનાવીને આપવામાં આવેલ છે. કેમ્પ દરમિયાન આજુબાજુના ગામડાઓના ગરીબ તથા જરૂરતમંદ, ઉંમરલાયક આંખના ૭૦ જેટલા દર્દીઓના આંખના મોતીયાના નિઃશુલ્ક ઑપરેશન આંખના નિષ્ણાંત ડૉ. મનિષભાઈ જોશી દ્વારા કરવામાં આવેલ છે. દર્દીઓના આંખના નંબરની તપાસ કરીને ૧૫૦ નંગ ચશ્માઓનું પણ નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. કેમ્પમાં પધારેલ દરેક દર્દીની તપાસ કરી પાંચ દિવસની દવાઓ નિઃશુલ્ક આપવામાં આવેલ છે. મેડિકલ કેમ્પમાં સેવાઓ આપનાર સેવાભાવી દાક્તરો તથા લાભાર્થી દર્દીઓની સંખ્યા નીચે મુજબ છે :

| | સેવાભાવી દાક્તરના નામ | દર્દીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | ડૉ. આનંદ (હૃદયરોગના નિષ્ણાત) | ૩૧૫ |
| ૨. | ડૉ. એ.ડી. પટેલ (કાન, નાક, ગળાના નિષ્ણાત) | ૯૦ |
| ૩. | ડૉ. આલાપ શાહ (હાડકાંના નિષ્ણાત) | ૩૨૪ |
| ૪. | ડૉ. મનિષ જોશી (આંખના સર્જન) | ૩૯૫ |
| ૫. | ડૉ. કૌસ્તુભ ભાડ (દાંતના રોગોના નિષ્ણાત) | ૮૦ |
| ૬. | ડૉ. નિધિ જૈન (સ્ત્રીરોગ નિષ્ણાત) | ૩૫ |
| ૭. | ડૉ. નેહા જોશી (ચામડીના રોગના નિષ્ણાત) | ૮૪ |
| ૮. | ડૉ. દેવેન્દ્ર શાહ (બાળરોગોના નિષ્ણાત) | ૭૪ |
| ૯. | ડૉ. રાજેન્દ્ર આનંદ (માનસિક રોગના નિષ્ણાત) | ૩૮ |
| ૧૦. | ડૉ. વિરલ મકવાણા (સર્જન) | ૫૯ |
| ૧૧. | બી.એમ.ડી. મશીન દ્વારા હાડકાંના કેલ્શિયમની તપાસ | ૩૪૧ |
| ૧૨. | ઈ.સી.જી. (કાર્ડિયોગ્રામ) | ૫૫૦ |
| | | **કુલ ૨૩૮૫** |

આદ. શ્રી કિશોરભાઈ શેઠ તથા આદ. શ્રી ઉષાબેન શેઠના સૌજન્યથી કેમ્પમાં પધારેલા દર્દીઓ માટે હળવા નાસ્તાની સુવિધા કરવામાં આવી હતી. શ્રી પી. એચ.જી. મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલના N.S.S.ના પ્રોગ્રામ ઑફિસર્સ ડૉ. એચ. કે. સોલંકીના માર્ગદર્શન હેઠળ તેમના ૩૦ જેટલા વિદ્યાર્થીઓએ કેમ્પ દરમ્યાન સેવાઓ પૂરી પાડી હતી, જે બદલ સંસ્થા તેઓશ્રીને સાભાર ધન્યવાદ પાઠવે છે. કેમ્પને સફળ બનાવવા માટે ખૂબ પ્રેમપરિશ્રમ કરનાર આદ. શ્રી જયંતિભાઈ જોબાલિયાનું શાલ ઓઢાડીને સંસ્થા દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતુ. ડૉ. સોલંકી સાહેબનું પણ સંસ્થા દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કેમ્પને સફળ બનાવવામાં સહયોગ આપનાર આદ. ડૉ. રાજેશભાઈ સોનેજી, આદ.શ્રી જયંતિભાઈ જોબાલિયા (પૂનાવાળા), ડૉ. રમેશભાઈ લાલા, સંસ્થાના મુમુક્ષુઓ, કર્મચારીઓ, નામી-અનામી સર્વ ભાઈ-બહેનોને સંસ્થા તરફથી અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ. વર્તમાનપત્ર 'ગુજરાત સમાચાર'માં મેડિકલ કેમ્પ અંગેના સમાચાર તસવીર સહ પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **શ્રી ભોજનાલય કાયમી તિથિ :** (કાયમી તિથિ રૂા. ૧,૫૦,૦૦૦/-; ગુરુપૂર્ણિમા, ૨ ડિસે., ૧૪ ફેબ્રુ. જેવા વિશિષ્ટ દિવસોના રૂા. ૨,૦૦,૦૦૦/-)

૧. કારતક સુદ એકમ : આદ. શ્રી પુષ્પાબેન જયંતિભાઈ શાહ, લંડન

૨. ૨ ડિસેમ્બર : આદ.શ્રી સુભદ્રાબેન જ. તુરખિયા (હસ્તે- આદ.શ્રી કિરણભાઈ તુરખિયા, ચેન્નાઈ)

૩. કારતક સુદ પૂનમ : આદ. શ્રી જયંતભાઈ એમ. શાહ, મુંબઈ

| | | |
|---|---|---|
| ૪. | ૨૩ નવેમ્બર : | સ્વ. જયશ્રીબેન અરૂણભાઈ બગડિયાના આત્મશ્રેયાર્થે<br>(હસ્તે - આદ. શ્રી મેહુલ અરૂણભાઈ બગડિયા) |
| ૫. | માગસર સુદ પાંચમ : | સ્વ. જયાગૌરી શંકરલાલ ખત્રીના આત્મશ્રેયાર્થે<br>(હસ્તે - ડૉ. સોનેજી પરિવાર, અમદાવાદ) |
| ૬. | માગસર સુદ ચૌદશ : | સ્વ. ભાગીરથીબેન વીરચંદ સોનેજીના આત્મશ્રેયાર્થે (હસ્તે - ડૉ. સોનેજી પરિવાર) |
| ૭. | માગસર સુદ પૂનમ : | સ્વ. મણિબેન વનેચંદ મહેતાના આત્મશ્રેયાર્થે<br>(હસ્તે-આદ.શ્રી ઈલાબેન,આદ.શ્રી પ્રવીણભાઈ, આદ.શ્રી ભારતીબેન મહેતા) |
| ૮. | ૨૩ ડિસેમ્બર : | સ્વ. જયંતિલાલ ત્રિકમલાલ સંઘવી પરિવાર, અમદાવાદ |
| ૯. | ૧૨ ફેબ્રુઆરી : | સ્વ. વિમળાબેન હેમેન્દ્રભાઈ શાહ પરિવાર, અમદાવાદ. |
| ૧૦. | ફાગણ સુદ નોમ : | સ્વ. વિરજીભાઈ ત્રિ. સોનેજી પરિવાર, અમદાવાદ |
| ૧૧. | ૩૧ મે : | સ્વ. કંચનબેન જયંતીલાલ સંઘવી પરિવાર, અમદાવાદ |
| ૧૨. | અષાઢ સુદ બીજ : | સ્વ. શાંતિલાલ સી. મહેતા પરિવાર, મુંબઈ |
| ૧૩. | ૧૧ ઑગસ્ટ : | શ્રી સ્નેહલબેન પરાગભાઈ બાવીસી, રાજકોટ |
| ૧૪. | અષાઢ વદ તેરસ : | સ્વ. પ્રતાપરાય ઘેલાભાઈ પારેખના આત્મશ્રેયાર્થે<br>(હસ્તે : આદ.શ્રી બકુલભાઈ પારેખ, ચેન્નાઈ) |
| ૧૫. | શ્રાવણ સુદ એકમ : | સ્વ. શંકરલાલ નાથાલાલ ખત્રી પરિવાર |
| ૧૬. | ૧૩ ઑક્ટોબર : | આદ. શ્રી તરુલતાબેન ધરમદાસ ગાંધીના જન્મદિન નિમિત્તે, મુંબઈ |
| ૧૭. | આસો વદ એકમ : | આદ. શ્રી મુક્તાબેન ચુનીલાલ મહેતા તથા<br>આદ. શ્રી મધુબેન રસિકલાલ શેઠ, રાજકોટ. |
| ૧૮. | ૨૭ ઑક્ટોબર : | સ્વ. હેમેન્દ્રભાઈ બુલાખીદાસ શાહ પરિવાર, અમદાવાદ |
| ૧૯. | અષાઢ વદ તેરસ : | સ્વ. ગુણવંતીબેન રમણલાલ શાહ પરિવાર, ગાંધીનગર |
| ૨૦. | કાર્તિક સુદ પૂર્ણિમા : | આદ. શ્રી વસંતબેન પ્રાણલાલ શાહ (ચેન્નઈ/કોબા) તથા પરિવાર |

- **જ્ઞાનદાન :** (રૂા.૨૫,૦૦૦/-)

૧. શ્રીમદ્ પૂ. લાલજીબાપા, હસ્તે ભાવનાબેન કિરણભાઈ શાહ (માથાસુર, તા. ઇડર)

- **મેડિકલ સેન્ટર :**

| | | |
|---|---|---|
| ૧. | આદ.શ્રી પ્રકાશભાઈ એચ. શાહ તથા આદ.શ્રી સુરેખાબેન પી. શાહ<br>(મેડિકલ કેમ્પ - ૨૦૧૫ના મુખ્ય દાતા) | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| ૨. | આદ. શ્રી જયંતભાઈ એમ. શાહ, ઘાટકોપર, મુંબઈ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૩. | આદ. શ્રી પાનબાઈ શાહ પરિવાર, નવી મુંબઈ | રૂા. ૨૫,૦૦૦/- |
| ૪. | એક સદ્‌ગૃહસ્થ તરફથી, મુંબઈ<br>(હસ્તે આદ. શ્રી જયંતિભાઈ જોબાલિયા - પૂનાવાળા) | રૂા. ૨૫,૦૦૦/- |

૫. આદ. શ્રી ઊર્મિલાબેન નવીનભાઈ શાહ (આદ.શ્રી નવીનભાઈના ૭૫મા જન્મદિન નિમિત્તે) હસ્તે : આદ.શ્રી અજયભાઈ, મનિષાબેન, જાનવી, રાજવી રૂા. ૨૧,૦૦૦/-

૬. આદ.શ્રી હીરેન જયેશભાઈ દોશી તથા આદ.શ્રી મિહિર જિતેન્દ્રભાઈ કામદાર, લંડન રૂા.૧૪,૦૦૦/-

૭. આદ.શ્રી વિમળાબેન કાંતિલાલ ખંધાર, અમદાવાદ રૂા. ૧૧,૦૦૦/-
હસ્તે : આદ. શ્રી ચંદ્રકાંતભાઈ ગોસલિયા (તોરલબેનના લગ્નપ્રસંગે)

૮. આદ. શ્રી પૂર્ણિમાબેન કીર્તિકુમાર શાહ, નડિયાદ રૂા. ૧૦,૦૦૦/-

## છત્રાલ મુકામે ભક્તિ - સત્સંગનો કાર્યક્રમ સંપન્ન

આપણી સંસ્થાને સમર્પિત પ્રતિભાસંપન્ન તથા ભક્તહૃદયી સાધક આદ. બા.બ્ર. જનકબેનના છત્રાલ (તા. કલોલ) ગામમાં તેઓશ્રીના પરિવારજનો તરફથી પૂજ્યશ્રીના સત્સંગ તથા ભક્તિના કાર્યક્રમનું આયોજન તા. ૧૪-૨-૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું.


પૂજ્યશ્રી આત્માનંદજી, પૂજ્ય બહેનશ્રી તથા કોબાથી પધારેલ મુમુક્ષુ ભાઈ-બહેનોનું બા.બ્ર. જનકબેનના પરિવારે ભાવભીનું સ્વાગત કર્યું હતું. સૌને પ્રસાદ તથા રૂા. ૧૦/-ની પ્રભાવના કરવામાં આવી હતી. બા.બ્ર. આદ. શ્રી સુરેશજીએ 'ખેલપૂર્ણ રહો, પ્રેમપૂર્ણ રહો' વિષય અંતર્ગત પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. પૂજ્ય બહેનશ્રીએ જનકબેનના ભક્ત પરિવારની અનુમોદના કરતા જણાવ્યું કે સાચી ભક્તિથી પ્રભુ હૃદયમાં બિરાજમાન થાય અને માનવભવ સફળ થાય. પૂજ્યશ્રી આત્માનંદજીએ 'વૈષ્ણવજન'ના લક્ષણો પરોપકાર, દૃઢ વૈરાગ્ય, નિર્મોહીપણું, સરળતા, સંતોષ, ક્ષમા, સમતાભાવ વગેરેનું વર્ણન કરી તેવા ગુણો આત્મસાત્ કરવા પર ભાર મૂક્યો હતો.

આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ આભારવિધિ કરી હતી.

## જ્ઞાનમંદિર, પાલડી મુકામે સ્વાધ્યાય શિબિર અને ટાગોરહૉલમાં સત્સંગનું આયોજન

શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, પાલડી, અમદાવાદ મુકામે તા. ૨૮-૩-૨૦૧૫ થી તા. ૩૦-૩-૨૦૧૫ દરમિયાન સવારે ૯-૪૫ થી ૪-૦૦ સુધી પં.શ્રી ફુલચંદભાઈ શાસ્ત્રીની સ્વાધ્યાય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૬-૪-૨૦૧૫ થી તા. ૧૯-૪-૨૦૧૫ દરમિયાન ટાગોરહૉલ, પાલડી, અમદાવાદ મુકામે રાત્રે ૮-૦૦ વાગ્યે પૂજ્યશ્રી રાકેશભાઈના સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. સંપર્ક : ૨૬૬૩૧૩૯૬, ૨૬૬૦૨૪૯૩

## વૈરાગ્ય સમાચાર




**[૧] મોખાસણ :** આપણી સંસ્થાના કાર્યનિષ્ઠ જૂના કર્મચારી શ્રી બાબુભાઈના પૂજ્ય પિતાશ્રી **આત્મારામ ભગત**નું ૧૮ ફેબ્રુઆરીએ ૯૦ વર્ષની જૈફ વયે નિધન થયું છે. સદ્‌ગતને પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે ખૂબ અહોભાવ હતો અને અવારનવાર આ ઉંમરે મોખાસણથી વાહનો બદલીને પણ સાહેબજીના દર્શનાર્થે આશ્રમમાં આવતા. તેઓ ખૂબ ભક્તિપ્રધાન હતા તથા માળા અને અખંડ જાપ કરતા. વિવિધ મંદિરોમાં જઈને ભગવાનના ચરણોમાં પુષ્પો મૂકી આવતા. પરમકૃપાળુદેવનો (પાછળ નવકારમંત્ર સાથેનો) નાનો ફોટો તેમને પાસે હંમેશાં ગજવામાં રાખતા. લોકો તેમને 'ભગત' તરીકે જ ઓળખતા હતા. તેઓ સ્વભાવે સરળ અને માયાળુ હતા. પ્રભુ તેમના આત્માને શાંતિ-સદ્‌ગતિ આપે અને તેમના સુપુત્ર બાબુભાઈ તથા ગામ મોખાસણવાસીના સર્વ કુટુંબીજનોને શાતા આપે તેવી કોબા પરિવારની પ્રભુને પ્રાર્થના છે.

# સંસ્થામાં યોજાયેલ નિઃશુલ્ક રોગનિદાન સારવાર કેમ્પ વેળાની તસવીરો (તા. ૧૫-૨-૨૦૧૫)


દીપ પ્રાગટ્યની વેળાએ


આદ. શ્રી જયંતિભાઈ જોબાલિયાનું અભિવાદન


ડૉ. મનિષ જોષી


ડૉ. નેહા જોષી


ડૉ. આલાપ શાહ


ડૉ. રમેશ લાલા


ડૉ. આનંદ


ડૉ. દેવેન્દ્ર શાહ


ડૉ. કૌસ્તુભ ભાડ


બી.એમ.ડી. ટેસ્ટ


ડૉ. વિરલ મકવાણા


લોહીની તપાસ વેળાએ


'જીવનસંધ્યા' વૃદ્ધાશ્રમમાં વડીલોની સારવાર

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

# નવનિર્મિત સંતકુટિરમાં મંગલ પ્રવેશ નિમિત્તે યોજાયેલ શાંતિવિધાન-પૂજાની તસવીરો (તા. ૧૩-૨-૨૦૧૫)








## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' માર્ચ - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**❶ સ્વ. શ્રી કાંતિલાલ મગનલાલ મહેતાની ૧૦૦મી જન્મજયંતિ પ્રસંગે**

(શ્રી નવનીતભાઈ, શ્રી કીર્તિભાઈ, શ્રી જયંતિભાઈ, સ્વ.શ્રી પ્રવીણભાઈ, શ્રી બિપીનભાઈ, અ.સૌ. સુધાબેન લાખાણી, અ.સૌ. પ્રજ્ઞાબેન દોશીના પિતાશ્રી) હસ્તે : આદ.શ્રી વીરેશ નવનીતરાય મહેતા, મુંબઈ

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

---

'દિવ્યધ્વનિ' માર્ચ - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**❷ સ્વ. શ્રી ગૌતમભાઈ નાણાવટીના આત્મશ્રેયાર્થે**

હસ્તે : સ્વ. શ્રી ગૌતમભાઈ નાણાવટી પરિવાર (નાણાવટી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, ઓઢવ, અમદાવાદ)

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007.
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah